વર્ષ ૩ જું
ક્રમાંક-૧૩
પૃષ્ઠ સંખ્યા ૧૯૬

સંવત ૧૯૮૬
સન ૧૯૩૦
નકલ ૩૫૦
મૂલ્ય ૦-૪-૦
માર્ગખર્ચ નથી

નોંધ

[illegible]

[illegible]

[illegible]

આદર્શ સુંદરી

પ્રેમની પયગંબરીના
પ્રેમ–સંદેશ સૂણ્યાં છે?
સ્નેહ સરોવરની રાજહંસીણી
કો' સુંદરીનાં સ્નેહ–વિહાર જોયાં છે!
સૌંદર્યની રસરાણીનું
પવિત્ર જીવન–પુષ્પ સુંઘ્યું છે?
મોહથી ખદખદતી દુનિયા, ત્હેં
નિર્મળ પ્રેમનાં અમૃત પીધાં છે?
પવિત્રતાની પરબવાળી
એ સુંદરીઓ જળ પાવા ઉભી છે
સંસારને સુંદરતા પાવા જ
જગતમાં સુંદરીઓ જન્મી છે!

સુંદરી એ સનાતન સંગીત છે
દિવ્ય ગાનનાં શોખીનો જ
સુંદરીના હૃદય–સંગીત સાંભળી શકે છે.
પ્રભુતાના પ્રેમીઓજ માત્ર
સુંદરીનું મનોહર સંગીત સમજી શકે છે.

રસ વિનાનાં બગીચા ન હોય

સુંદરી વિનાના સમાજ સૂના છે

યાના હોતથી
[illegible] દુલાવે.
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

સ્નેહની મીઠી રસભરી વહેતી સરિતા છે.
વાહ, સુંદરી ! પવિત્રતા એ ત્હારૂં ભૂષણ હો !
તો નિર્મળ દૃષ્ટિ એ પુરૂષોનું આભૂષણ હો !

* *

પુણ્યનાં વ્હેણ જેવું આદર્શ સુંદરીનુ જીવન
હ્યે છે...દ્યે છે....પ્રેમીને પ્રેમી–હૈયું,
પીયે, પાએ, સ્નેહીને સ્નેહઝરણ:
આશભરી, યૌવનભરી, જીવનભરી એ સુંદરી
જીવન તણી જ્યોતિ પ્રસારી જીવતી જે સુંદરી,
આત્મિય કળા વિસ્તારતી ને ઓપતી જે જગતને.
ગુણસુંદરી તે શ્રાવિકા : એ સુંદરી તે સુંદરી !

* *

જગતને જીતવા જે જન્મી છે
તે જ આદર્શ સુંદરી છે.
જગતને 'જીતવા'ના મંત્ર દેવા ઉતરી છે
તે જ આદર્શ શ્રાવિકા છે

શુભ લાભ અને શુભ મુહૂરતા
ઉજવાઈ રહે બધા નિમંત્રણા,
મુજરની અની મુજ-ગાન પીંછે,
અમરાગની અની તનમાં નિચડે !
આરંભ થઈ આનંદ તનમાં,
કુમના તનમન કે નાચે છે,
કે નુરીના અપમાન કરી
'નારુફા' અનીતિ ના! 'કાળોનિયા'!

•

સુધાનું સરોવર તે સુંદરી છે,
અને 'આદર્શ સુંદરી' તે જ સાચી શ્રાવિકા.'
સુંદરી વગરની સૃષ્ટિ અધુરી છે.
આદર્શ શ્રાવિકા વિનાનો સંસાર નમાલો છે.
પ્રેમામૃતની તૃષા લાગે ત્યારે,........
પવિત્રતાના પાન કરવાની ઇચ્છા જાગે ત્યારે
ઓ જગતના લોકો!
જજો સુંદરીનાં સુંદર હૃદયમાં!
વસજો શ્રાવિકાનાં નિર્મલ અંતઃકરણમાં:
ત્યાં પ્રેમની પરબો મંડાણી છે,
પવિત્રતાનાં ઉંડાં પાતાળ-કુવાઓ છે.
રસના મીઠાં અખૂટ ઝરણાંઓ ઝરે છે,
મધુરતાની શીતળ ગંગાઓ વહે છે.
અને! અય પિપાસુઓ! નિર્મળ દ્રષ્ટાઓ!
તમને સુંદરી સંઘનો સંદેશ છે! સાંભળો!
"આ સુંદરીના અંતરમાં ગુલાબજળ ભર્યાં છે,
પણ ગુલાબી થઈને જ ગુલાબજળ પીવાય છે.
સ્ત્રીનાં શીલની જેને કિંમત હોય
એજ સ્ત્રીના હૃદયને સ્પર્શી શકે છે.
'સ્ત્રીત્વ' પ્રત્યે જેને સંપૂર્ણ માન હોય

કેવળ 'પ્રીત'ની મધુરતા પી શકે છે.
એ 'નું ધ્યાન જેના હૃદયમાં હોય
તેજ 'પ્રી'ના આત્માને પામી શકે છે.
મુરલીના નિઃસ્વાર્થ પ્રેમની જ્યાં કદર હોય
ત્યાંજ તેની મુરલી 'ગમછે' ગાય છે;
[illegible] છે. ? [illegible], મનગીતો?
[illegible] છે. ?
[illegible] ઉદયમાં [illegible] છે!
[illegible] દૃષ્ટિને [illegible] કહેજ!

• •

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

પ્રગટ કે અપ્રગટ સ્વીકારાય છે કે
આરંભ અને અંત, સુંદરીમાંથી
અને સુંદરીમાં જ છે.
વાહ, સુંદરી ! ધન્ય હો ! ધન્ય હો !

* *

સંસાર ! સાંભળજે કાન હોય તો:
પંડિતો ને શાસ્ત્રીઓ !
સાન હોય તો સાંભળજો !
સ્ત્રીનું જીવન અદ્ભૂત છે.
સુંદરીનું હૃદય જગતમાં અજોડ છે.
ચેતનને સમજવાની તાકાદ જડમાં ન હોય.
પ્રભુને પારખવાની શક્તિ પત્થરમાં ન હોય.
તેથી ન સ્હમજાય–ન પરખાય
તેમાં ચેતન–પ્રભુનો ઓછોજ દોષ છે !
સુંદરીઓની મહત્તાને ન સ્હમજાય તો
સુંદરીનો તેમાં દોષ ઓછોજ છે ને !

* *

સંસ્કૃતિનું સુંદર મંદિર તે ' સુંદરી ' છે,
પવિત્રતાનું નિર્મળ ઝરણું તે શ્રાવિકા છે;

ગગનના ચન્દ્ર સમી મનોહર ને વિશાળ,
એ તેજભરી સુંદરી તે જ સુંદરી છે.
વતનની ગાદીનો પરીંદો
નભમાં દીનનમુનિઓના પડનારી.
ભરાય ખીલતા ફૂલ જેવી
દિનની ઉષા સમી
અપૂર્વ સ્વપ્નની દેવી શી
સનાતની ચાહે જ સ્વર્ગનું નંદનવન બનાવે છે
તેજ આદર્શ સુંદરી ! [illegible] છે

• •

સુંદરી [illegible]
[illegible]

•

સચ્ચિદાનંદના સાગરનું હોલકું બની
સ્વર્ગલોકમાંથી અંતરમાં રસનાં-
અમૃતના કુંપાઓ ભરી ભરી
પવિત્રતાની પતાકા ફરકાવતાં ફરકાવતાં
પૃથ્વીના આરે ઉતરી અમીરસની રેલ રેલાવનારી
એજ આદર્શ સુંદરી, સાચી શ્રાવિકા છે.

*

શુભદર્શી જેનું જીવન છે તે શ્રાવિકા,
અને શુભનુંજ શ્રવણ કરે છે તે શ્રાવિકા;
શ્રેષ્ટ તત્ત્વો સાંભળવા કાન ધરે તે શ્રાવિકા,
પ્રતિપળે અંતરમાં નવનવા
સંસ્કારનાં વહેળાં વાળે છે તે આદર્શ શ્રાવિકા;
તેજ આદર્શ સુંદરી છે.

* *

સાચી સુંદરીને સંસારનું બંધન ન હોય!
એના પ્રેમતંતુઓ જ બાંધે સંસારને.
બંધનો તેના મુક્તવિહારી સૌંદર્યને ન હોય.
વશ હોય સ્વભાવથી જ સ્વતંત્રતા સુંદરીને
સૂર્યના પ્રકાશ વગર
ગુલાબની 'લાલી' ખીલે નહિ.

તેમજ સ્ત્રીની મુક્તિ વગર
પુરૂષની સિદ્ધિઓ પૂરે નહિ !

• •

સુંદરી એ નિર્દોષ પ્રેમની એંધાણ છે.
જગતમાં આવી ગંભીર-પ્રેમીની છે.
શીલ ને સ્નેહ મેળ
એના પ્રેમના 'પ્રસૂન' ભવ્ય છે.

• •

જ્યાં [illegible]
[illegible]

• •

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

• •

[illegible]
[illegible]

પ્રેમની એ જ પરમ ગીતા છેઃ
એનાં પ્રથમ દર્શને અમૃતની તૃષા જાગે,
ઉરમાં ને અંગમાં વસંતની પ્રફૂલ્લતા ઉતરે,
હૃદયમાં અજબ સંગીતની લ્હેરો ઉઠે,
ને વિજળીઓ ચમકે અંતરના આકાશમાંઃ
એ સુંદરીનાં સૌમ્ય ચહેરાપર
બેઠી હોય સરસ્વતીની શાંત પ્રભા,
ચક્ષુને ઠારે તેવી
વસી હોય કુદરતની અનુપમ કોમલતા,
નિર્દોષ આનંદ, રમણિય છટા ને
ગુલાબી કાન્તિની મધુર ચમક હોય.
સરળતા, દક્ષતા ને સાદાઈનાં
જ્વલંત ચિત્રો ત્યાં સદાય રમતા ફરે.
પ્રતાપ ને શીતળતાનો સંગમ હોય.
રસશુદ્ધ કેસરતું મીઠું નિર્દોષ 'સ્ત્રીત્વ' ત્યાં લ્હેરે;
સુકુમાર ગુલની આછી લાલી તરવરે,
'ચાતુરાઈ'નાં ચમ્મર ચહેરાં પર ઢોળાતા હોય
ને માધુર્યનાં મહાસાગરો જીવનમા ગાજતાં હોય.
વાત્સલ્યની અમીવૃષ્ટિ આંખમાંથી થતી દેખાય,
ને પ્રેમનાં શાસ્ત્રો જ એ ચહેરા પરથી રચાયઃ

ગીતસુંદરીને ય જેનાં આનંદ થાય એવી
નિર્મળ કવિના બોલાયા
તેનાં ગૂંજતાં પદ પડતાં હોય !

• •

આજનાં કવિતાનાં વાન પર રૂપ ને
કવિતાનાં બંધારણ ને [illegible] હોય,
પવિત્ર પ્રેરણાને પાવિત્ર્યની [illegible] હોય [illegible],
[illegible] પ્રભાતના [illegible] હોય,
ને [illegible] તે [illegible] [illegible] [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ઝરે છે ઝરણો ત્યાંથી શાંતિના, ચૈતન્યના,
સૌરભભર્યા બગીચા ખોલ્યાં છે શીલનાં,સૌજન્યના;
જળલહરીઓ શુ નાચતું આનંદમાં એ સુખડું,
પુષ્પથી ય હળવા જીવનના
પરિમળ બધે પ્રસરાવતું.
એ સુંદરીનાં વદને ઉત્સાહ ને આલ્હાદ હોય,
વીરાંગનાના ઝગમગતા તેજ હોય,
અમૃતની ઝરમર સદાય ત્યાં વરસે છે.
ને લજ્જાની આછી લાલ પગલીઓ ત્યાં પડી છે.
વિનય, પ્રભાવ ને વિનોદનાં સાગર ઉછળે છે.
સ્ત્રીત્વનું ગૌરવ ને સ્વતંત્રતાની સુરખી છવાઇ છે.
આત્માનાં ઓજસ્ ચોમેર નીતરે છે.
શ્રદ્ધા ને આદર્શથી ભરેલા
ઉલ્લાસ ને અભિલાષો તેનામા ઉભરાય છે.
આદર્શ સુંદરીનો સારો ય ચહેરો
ગુલાબી થનથનાટથી ઉછળે છે.
'અશક્યતા'ને પાટુ મારી જીવનમાથી
ફૂંકી દેવાની જ્વલંત મહત્વાકાંક્ષા દેખાય છે
તેથી જ પ્રબળ આ[illegible] ભવ્ય ભાવનાઓ

યૌવનની ઉષ્મા ને અનેરા અભિલાષથી
ઉભરાતું હોય તેનું વદન કમળ !
[illegible] આંખમાંથી [illegible] નભની આશા,
ને હૈયામાં [illegible] હોય,
[illegible] હોય, [illegible] હોય ત્યાં ..
[illegible] !

• •

આ[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

• •

આ[illegible]
[illegible]
[illegible]
[illegible]

અશ્રુનાં ખાબોચીયાં સૂકવી નાંખે છે.
આનંદની—શુદ્ધ આનંદની
સાત્વિક ને દિવ્ય આનંદની લહરીઓ છૂટે છે
ભવ્યતાનાં આરે દર્શકને બેસાડે છે,
પવિત્રતાનાં રંગથી એના હૃદયને રંગે છે.
વિવેકદ્રષ્ટિ ને પુણ્યની ભરતીઓ ચડાવે છે.
ને અંતરમા અજવાળાં, અજવાળાં પાથરે છે
એ સુંદરી જ—શ્રાવિકા
સંસાર આશ્રમ-ગૃહસ્થાશ્રમની આચાર્યા હેવી છે

* *

એના ચહેરા પર
ખીલી હોય જાણે મધુરી પ્રભાત, ને
કુદરતનાં કોમળ રંગોની પથરાયલી હોય શોભા.
અંતરનાં રંગોને તે ચહેરા પર ખેંચતી હોય,
ને કુદરતની સ્વાભાવિકતાનાં સુત્રો
ત્યાં રચાતાં હોય.

* *

રસબિન્દુ શા થોડાં મીઠાં શબ્દો
સાચી સુંદરીના સૂણવા એ ભાગ્યની નિશાની છે!

* *

આદર્શ અભિમાન: નયનોમાં
નિર્જીવની ચમક હોય,
[illegible] અર્થ હોય ઉમા !
[illegible] મૂદુતા ને શીતળતાનાં
[illegible] હોય,
[illegible] !
[illegible] હોય [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

એના ગૌરવવંતા નયનો પાછળ અનેક
ગૌરવ ભર્યાં હોય,
નિડરતા કે નિર્ભયતાના 'કરાર' ત્યાંથી
વંચાયઃ
આંખની કલ્યાણ–રેખાએ આશીર્વાદ
આપતી હોય !
અને આંગળીએ આંગળીએ જગતને નચાવવાની
શક્તિનાં ત્યાંથી સંભળાતા હોય સુસવાટા !
જલતી હોય આંખમાં રસની અખંડ જ્યોત,
ને થાક્યા પાક્યાનાં નિરંતર હોય ત્યાં વિસામાઃ

* *

આદર્શ સુંદરીનાં પવિત્ર અંગે અંગમાંથી
આત્મસૌંદર્યનાં ફૂવારા ફૂટે છે.
અંગે અંગમાંથી શીતળતાનાં પડકાર થાય.
હેયું હેતનાં હિલોળાં લ્યે,
ને દ્રષ્ટિ નિર્મળતાનાં પાઠ પઢાવે.
રોમેરોમમાંથી રસની સેરો છૂટે,
રગેરગમાંથી ભાવનાનાં ધોધ વરસે,

હૃદયમાત્ર વિલોકમાં ઝીંટ ગાંઠે,
ને મહાયત્નની પણ સૌનાં પર પ્રકાશ પાથરે.
તે સ્થાન આદર્શ સુંદરી કહેવું કે ભાવિકઃ

• •

સૌ માટે જીવનનું માધુર્ય તે સુંદરી છે:

• •

આદર્શ સુંદરીએ કનકુંદન-જીવનો આદરે.
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

જ્યારે જુઓ ત્યારે સુંદરી હસીને બોલે;
મીઠા સ્વભાવ માટે સૌ કોઇને માન જાગે!
એવા એનાં મુખ–મધુરની મીઠાશ અજબ હોય;
'માધુર્ય' ભર્યાં ટહુકા કરી બનાવે સૌને મધુર!
મનુષ્યોના માનસ પ્રદેશે એ સદાય
પવિત્રતાની ' આલબેલો ' પોકારે છે.
યૌવનનાં ફૂવારા સમી એ સુંદરીઓ
સૌમાં ચેતનજળ છલકાવે છે!!

* *

શ્રાવિકા એ સૌંદર્ય ને શીલનુ પરમ કાવ્ય છે.
પવિત્રતા ત્હેની જળવાય
તો પવિત્રતાનું એ મનોહર ધામ છે:

* *

અમૃત સરોવર શા
આદર્શ સુંદરીનાં મસ્ત શરીરમાં
કમળ સમું કોમળ ને વિશાળ હૈયું છે.
રસ યૌવનનાં અજબ ચમકાર છે
ભાલ પ્રદેશે 'જય' ની જ્યોતિ ઝગમગે છે.
ને કીકીમાં ખીલ્યાં હોય 'પ્રેમ', રસિકતાનાંબાગ!

એના બોલે બોલમાં પ્રેમના પડઘા પડે છે.
વાણીની મીઠાશે જગતનાંય પાણી ઠરે છે
અને મનની સૌંદર્ય—
અખંડ સૌંદર્યની રેશમી
એના જીવન પર પથરાઈ જઈ
બનાવે છે જગતનેય અનંત સૌંદર્યનું.

* *

શું [illegible] સૌંદર્ય કે [illegible] છે,
[illegible] નહિ.
[illegible] સૌંદર્ય કે [illegible] છે
[illegible] સૌંદર્ય [illegible] નહિ
[illegible]

[illegible]

આદર્શ સુંદરી–શ્રાવિકાની

સફેદ ચામડી જ હોય નહિં માત્ર સુંદરતા,
પણ સુઘડતા ને ચતુરાઈ એ છે સુંદરતા,
વિવેક ને વિનય, તે જ છે સુંદરતા
પ્રેમ ને પ્રભુતા, એ છે સુંદરીની સુંદરતા.
મન, વચન ને કાયાનું લાલિત્ય જાળવવું
એ છે સુંદરીની સાચી સુંદરતાઃ
સંસારનાં દુઃખ, નિરાશા ને અસંતોષનાં ભડકાંને
ઓલાવનારી પરમ શક્તિ હોય તે સુંદરતા.
તેથી જ્યાં જ્યાં સાચું યૌવન ને
યૌવનને જાળવી નિત્ય જોબન જીવાય,
નિત્ય જોબન જીવી નિત્ય–આત્મવિકાસ
સધાય,
તેજ છે સુંદરીનુ સાચુ સૌંદર્ય !

*

જેની દેહલતા પર પવિત્રતાના પલટા હોય;
અવાજમા સૃષ્ટિની સર્વે સત્તાનુ
ગુમાન ગાળી નાખવાનુ સામર્થ્ય હોય,
ને આત્માનું નૂર ને માનસિક સંપત્તિનો
યોગ હોય;

ને, રોમ હાથ ધર્મનો જીવન પ્રવાહ
  જગત પર વહાવ્યા કરે!

અને મહાત્માઓને મદદ કરી કરી
અનેકજનોમાંથી [illegible] જીવન જીવવાની
કેળવણી [illegible] [illegible] અમૃત [illegible]
  તેજ [illegible] મુરલી છે.

•

હિંદુ [illegible]
અને વિરોધ-યુગ [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

• •

સરળતા એજ સુંદરીની સાચી સુંદરતા!

*   *

આદર્શ શ્રાવિકાનાં સૌંદર્યમાં તંદુરસ્તીની
તાજગી હોય.
મહેલની 'શેઠાણી-સાબ'ની ફિક્કાશ નહિં,
પણ શીલનું નિર્મળ તેજ ઝળહળે.
'આદર્શજીવન'નું ઓજસ્ ટપકે.
નમ્રતાનું છુપુ સંગીત તેમાંથી સ્ફૂરે.
સહૃદય સ્ત્રીભાવનાં પડછાયા પડે,
વિજળીના જેવો વેગ, સામર્થ્ય
ને વેધકશક્તિની ત્યાંથી આછી ઝાંખી થાય,
અને દુનિયાનાં દાઝેલાંઓની
શીળી છાંયડી બની શીતળતા જે બક્ષે:
તે જ સુંદરીનું સાચું સૌંદર્ય !
આદર્શ સુંદરીનું સાચું સૌંદર્ય તો
શુષ્ક આત્માને રસઅંજલી છાંટી સજીવન કરે.
મીઠાં સૂરની 'બાંસુરી' બજાવી
સારાય વિશ્વને સ્નેહર્ગ રસબસ કરે!

*   *

વિકાસ તે ક્રમ, સૌંદર્ય ને કળા નથી,
પરંતુ ' આત્મવિકાસ ' કરતાં કરતાં
હૃદયમાં ઊભરાતા આનંદના પડઘાઓ માટે,
તે છે ક્રમ, કળા અને સૌંદર્ય !

•   •

અંધકારના પૂજન ત્યારે જ સૌંદર્યનો વિકાસ.
[illegible] સૌંદર્યનો વિકાસ.
[illegible] સૌંદર્યનો
વિકાસ !
[illegible]
[illegible] !

•   •

[illegible]

•   •

સૌંદર્યની નિર્દોષ કળાઓ ખીલવે તે સુંદરી.
રસ, લાવણ્ય ને યૌવનનો આલ્હાદ પ્રેરે સુંદરી,
પુણ્ય મંત્રાક્ષર તણી લીપી લખેલી હોય ત્યાં,
ને ચન્દ્રની ઠંડી સુધા સીંચાયલી ત્યાં હોય છે.

* *

સૌંદર્ય એટલે પવિત્ર પ્રેમની રોશની,
એ રોશની એ જ સાચું સૌંદર્ય છે.
જેનામાં એવું પ્રેમનું સૌંદર્ય ભર્યું તે સુંદરી છે.

* *

પવિત્રતા વગર પ્રેમ સંભવે નહિં
તેથી જ્યાં જ્યાં પ્રેમ ત્યાં ત્યાં હોય પવિત્રતાઃ
એ પ્રેમ કે પવિત્રતાનો ઉભરાટ
એ હોય શ્રાવિકાનું સાચું સૌંદર્ય.

* *

સુંદરીના સ્થૂલ સૌંદર્ય પાછળ
ખીલેલો હોય સૂક્ષ્મ સૌંદર્યનો મધુર બાગ
ત્યાં ઉન્નત ભાવના બિન્દુ, વસન્તના હોય

ને સૌંદર્યનું દર્શન મનુષ્યનાં 'તમસ'ને દૂર કરે
ને સૌંદર્ય જ્યોતિનો માંડવો રોપે છે.
નિરાશા ટૂંક છે. આપદા આવતી જાય,
ને આશાના ઝરૂખામાં લઈ જાય
'તમસ્તમ'ના અંધકારમાંથી તે છે અમૃત સૌંદર્ય!

• •

સુંદરીનાં નિર્મળ, સૌંદર્ય પર પ્રસન્નતા
[illegible]

• •

[illegible]

• •

સૌંદર્યની નિર્દોષ કળાઓ ખીલવે તે સુંદરી.
રસ, લાવણ્ય ને યૌવનનો આલ્હાદ પ્રેરે સુંદરી,
પુણ્ય મંત્રાક્ષર તણી લીપી લખેલી હોય ત્યાં,
ને ચન્દ્રની ઠંડી સુધા સીંચાયલી ત્યાં હોય છે.

* *

સૌંદર્ય એટલે પવિત્ર પ્રેમની રોશની,
એ રોશની એ જ સાચું સૌંદર્ય છે.
જેનામાં એવું પ્રેમનું સૌંદર્ય ભર્યું તે સુંદરી છે.

* *

પવિત્રતા વગર પ્રેમ સંભવે નહિં
તેથી જ્યાં જ્યાં પ્રેમ ત્યાં ત્યાં હોય પવિત્રતાઃ
એ પ્રેમ કે પવિત્રતાનો ઉભરાટ
એ હોય બાલિકાનું સાચું સૌંદર્ય.

* *

સુંદરીનઃ સ્વરૂપ સૌંદર્ય પ્રકટ [illegible]
ખીલેલો હોય સુરમ્ય સૌંદર્યનો મધુર [illegible]
[illegible] ઉભરે [illegible] દિવ્ય [illegible]

એ સૌંદર્યનું દર્શન મનુષ્યનાં 'તમસ્'ને દૂર કરે
ને ચોમેર જ્યોતિનો માંડવો રોપે છે.
નિરાશા હણે છે. અશ્રદ્ધા આથમી જાય,
ને આશાના બગીચામાં લઈ જઈ
'નવજીવન'નો સંચાર કરાવે તે છે સાચું સૌંદર્ય!

* *

સુંદરીનાં નિર્મળ સૌંદર્ય પર પ્રભુતાની
મ્હોર હોય, ને
બાહ્ય રૂપ જેવું તેનું ઉર હોય.
ને ઉર જેવું અંદરનું નૂર હોય.
એ નૂરમાં સ્નાન કરી સૌથી પવિત્ર બનાય
એ સૌંદર્યની રાણી તે શ્રાવિકા!

* *

સડતા સંસારને એ સુધારે,
ને ચંદન-નિર્મળી છાંટી સુવાસિત કરે.
હસતે વદન ' આદર્શો 'નું આતિથ્ય આચરે,
ને જીવનને યશ-કળાથી દિપાવે
તે સાચું સૌંદર્ય !

* *

સુંદરીનાં આત્મસૌંદર્યને પી પીઈને
ન છીપે કોઈની આંતરતૃષા.
ગુણ-ગૌરવી સુંદરીનાં દર્શને દર્શને સદૈદ
થવાય
તે રસભરી પારસપ્રતિમા તેજ સાચી સુંદરી.

* *

પોતાની સૌંદર્ય ભાવનામાં

આધ્યાત્મિકબળનું મિશ્રણ કરી
'શ્રાવિકા' સૌંદર્યને પ્રતિપળે દિવ્ય બનાવે.
સંયમથી શીળને શોભાવે.
ને શીલથી યૌવનને દીપાવે.
પછી તેનું રંગીલુ યૌવન ને સૌંદર્ય રચે
સંસારનું સ્વર્ગ
વાસનાની ગટરો નહિં, પરંતુ જગતમાં
પ્રેમની-પાવિત્ર્યની પ્રભુતાની ગંગાઓ રેલાવે !
એજ આદર્શ શ્રાવિકા કહો કે:
આદર્શ સુંદરીની એજ હોય જીવન કળા !

આદર્શ શ્રાવિકાનું જીવન જ સૌંદર્ય છે:
અંદરથી ને બહારથી સુંદર થયા કરવું,
ને સૃષ્ટિને સુંદર કર્યા કરવી
એજ ત્હેનો જન્મસિદ્ધ હક્ક છે.
એજ સુંદરીનાં સૌંદર્યનું સાચું તેજ છે.

* *

દૈવી સૌંદર્યને સમજવાની–સજવાની,
મ્હાણવાની ને પચાવવાની
જેનામાં કૌશલ્યતા તે જ આદર્શ સુંદરી છે:

* *

જે પવિત્ર સૌંદર્યના દર્શને
અંગેઅંગમાં આનંદનાં દિવડાં પ્રગટે,
વિકારને બદલે આદર્શોના ઉછાળા આવે:
મોહના ઘેનમાં ન નાંખે, પણ
રસની સરિતામાં ઝબોળી રસમય બનાવે !
ચહેરાની સુંદરતા પરથીજ
સ્વર્ગના સુખની ઝાંખી કરાવે.

પણ તે પવિત્ર દ્રષ્ટિથી જોયું હોય તોજ.
દિવ્ય ભાવનાથી સૌંદર્યને નીરખ્યું હોય
તોજ જોનાર પાવન બને છે.

* *

પવિત્ર દ્દષ્ટિથી જોનારને
આદર્શ સુંદરી–શ્રાવિકા પાવન કરેઃ
જ્હેનું સૌંદર્યજ પવિત્રતાની દ્રષ્ટિ આપે,
એનું 'સ્ત્રીત્વ' જ ઉજ્વલ માર્ગે પ્રેરે !

* *

શ્રાવિકાનું સૌંદર્ય એ પવિત્રતાનું ઝરણું છે.
ઉન્નત ભાવપ્રેરક રૂપાળી ભદ્રભૂમિ છે.
ક્ષમા ને સૌજન્યનું એ પ્રતિબીંબ છે.
તેજ ને સ્વાતંત્ર્યનું મૂર્તસ્વરૂપ છે.

* *

ગુણવંતા થઈ જીવનને પવિત્ર બનાવવું
એ એનાં સૌંદર્યનું પ્રથમ સુત્ર છે.
ને શીયળવંતી પ્રતાપી સુદરી બનવું
એ એનાં સૌંદર્યનું સાચું 'ધ્યેય' છે.

* *

એ આદર્શ સુંદરીઃ
જગતની એક કલ્યાણ વેલ છેઃ
દેશ કે સમાજનાં ઉદય દ્વાર ઉઘાડનારી
એ ઉજ્વલ ઉષા છે.

* *

આદર્શ સુંદરી-શ્રાવિકા સંસારમાં
એકલી રહેવા અવતરી નથી.
તેથી અંતરની હેલમાં ઉભરાતા અમીને
પીનારૂં પાત્ર એ શોધે છે.
પોતાના ચેતનભર્યા ઉર સાગરે
પ્રેમની જે લહેરીઓ ઉઠે છે
એ લહરેને ઝીલનાર કો સુપાત્ર તે શોધે છે.
શુદ્ધ ને નિર્મળ 'એકોપાસના' કરતી
સ્નેહની ભાવનાઓ રહેનામાં જાગે છે ત્યારે
સામેથી ' એકનીજ ઉપાસના 'નો પડઘો પાડતી
સ્નેહ-વ્યક્તિને એ શોધે છે-જંખે છે.
પ્રેમ—પ્રેમ—ને પ્રેમ
જે 'એક' ને જ પ્રેમ આપી શકે,

એવા ખાનદાન રૂધીરવાળા પ્રેમીને. ખો
એક બીજામાં ગુંથાઇને એક અખંડ 'જીવ
એવા ' જીવનધારી 'ને માટે ઝંખે છે.
એક બીજામાં અલોપ થઈને
સૃષ્ટિમાં સ્વર્ગ ઉતારવા પ્રેમીને પડકારે
આત્માની મીઠી પ્યાસ બુઝાવી શકે તેવા
મધુર 'આત્મા'ને પી જવા તલ્સે છે.
આદર્શ સુંદરી–શ્રાવિકા પોતાના જેવા
સૌંદર્યભર્યા હૃદયને જ વરવા ચાહે છે

*

સોળ વર્ષે એનું જોબન છલકાયું હોય
ને સહચારિની શોધમાં ફરતું હોય.
ત્યારે પ્રેમનાં પ્રતિઘોષ પાડનારા
સાચા આત્મપ્રેમીને બોલાવતું હોય છે:

*

પડઘાં ન પાડે પ્રેમનાં
તે પ્રેમી નહિ પણ ' કામી ' છે, તેથી
' દેહ પ્રેમી ' રાક્ષસોથી સુંદરી તો દૂર હોય!

*

સોળ વર્ષનાં જીવનતીરે ઉભતાં
યૌવનનાં ફડફડાટથી તે ફડફડતી હોય,
યૌવન-તોફાનથી તેના ફેવાડા નાચતા હોય,
મસ્તીમાં એનું દિલ ડોલતું હોય,
ત્યારે સુંદરીએ સહચાર ચાહ્યો હોય !
પ્રેમનાં મોજાઓ પર વિહરી શકે,
પવિત્ર પ્રેમનાં મોજાંઓ (Vibrations)
જે પી શકે,
અને પ્રેમી કાજે-સુંદરી કાજે
મહાસાગરના મહાસાગર વિંધીને ય આવી
પોતાના હૈયામાં પ્રેમીને—સુંદરીને પધરાવી શકે
તેવા બહાદુર વીરનો—સહચાર એ ચાહે !

*

પુરૂષ ને સ્ત્રી: બન્નેની પ્રતાપી આત્મનૌકાઓ
રસસાગરમા રમણે ચડે, એ છે સંસાર.
આદર્શ શ્રાવિકાનો હોય એજ સાચો સહચાર !

*

સાચી સુંદરી
કૌમારવ્રતને બરાબર બાળવી

કૌમારધર્મની પવિત્ર શિક્ષા પામી
કૌમાર અવસ્થામાંજ સંસારની કળાઓ શીખી-
કળાપ્રવિણ બનીને જ
સંસારમાં-સહચારમાં પ્રયાણ કરે!

* *

કુંચન જેવાં તેના કૌમારમાંથી
કળા ને નિર્મળતાની રોશની ફૂટતી હોય
ત્યારે અને
ત્યારે જ સંસારમાં પગલાં પાડવા એ દોડે.

* *

માતા પિતાનો વિનય
ને ગુરૂ ગુરૂણીનો વિનય શીખે,
શરીર, બુદ્ધિ ને આત્માનો વિકાસ કરે,
આદર્શ ગૃહકાર્યમાં પાંચ યજ્ઞોનું
અનુભવજ્ઞાનઃ—
રાંધવું, દળવું, ખાંડવું,
પાણી ભરવું ને રેંટીયો ચલાવવોઃ
આ પાંચે યજ્ઞોનું સ્થૂલ ને સૂક્ષ્મ જ્ઞાન મેળવી
પછીજ સંસારમાં ડગલાં ભરે!

* *

એનું કૌમાર

જ્યારે કહેણ મોકલે કે
'છલકાઉં છું. ઝીલનારો શોધ!
શીલ ને સૌંદર્યથી ઉભરાઉં છું,
આદર્શો ને નિર્મળતાથી વહી રહી છું,
સહચારી શોધ! કોઇ જીવનસાથી શોધ!"
ત્યારેજ સુંદરી સહચાર શોધવા દોડે.

* *

રસ, યૌવન ને શકિતનો ઉછાળો આવે,
અને રસસમાધિમાં યૌવન ડોલતું હોય,
ત્યારેજ સુંદરી સહચાર ચાહે છે:
ત્યારેજ જીવનસાગર તરવાને એ પ્રયાણ કરે!
ત્યારેજ જીવન-સુકાનીને સત્કારે!
ત્યારેજ જીવન સુકાનીનુંય સુકાન હાથ ધરે
તે સાચી સુંદરી છે!

* *

પાંખમાં પાખ પરોવીને ઉડે
એવા 'જીવનમિત્ર' ને સુંદરી જપે છે.

જેના સાહચર્યથી જીંદગીમાં ઓર નૂર આવે,
સહવાસથી જીવનની પ્રતિપળ મગરૂબીમાં જાય,
જહેની વિમળ જીવનકળાની રોશનીમાં ઉભો રહી
સ્રીનો આત્મા સ્વર્ગીય સુખનો આલ્હાદ પામે,
અને જે સંસારના જીવનક્ષેત્રે
નીડરતાથી નેપોલીયન જહેમ ગાજતો ફરે!
ભરપૂર રસજ્ઞતા ને યૌવનનો તનમનાટ હોય,
નિખાલસ દિલનો ને
હૃદયની પવિત્ર પ્રીતિવાળો હોય,
'સ્રીત્વ'ને પુરૂષત્વની નીચે ન દબાવતાં
બન્નેને સમાન કક્ષાએ જે સ્થાન આપે
એવા, સંસ્કારી વાતાવરણમાં ઉછરેલા
તેજસ્વી ને તંદુરસ્ત નરકેસરીને વરે સુંદરી!

* *

એવાજ ' જીવનદોસ્ત ' ને શ્રાવિકા ચાહે છે.
હૈયાની શય્યામાં ' દોસ્ત 'ને પોઢાડી,
' દોસ્ત 'ના અંતરમાં આરામ શોધવા દોડે
તેજ હોય સાચી સુંદરી : શ્રાવિકા.

*

સમાન વયના, સુરેખ ચહેરાના,
વિશાળ છાતી ને ઘાટીલા બદનવાળા,
જોનારને ય જોમ-ધીરે તેવા યૌવનવાળા,
લાલિત્ય ને પ્રતિભાવંતા પુરૂષને જ
આદર્શ સુંદરી પરણે !

* *

જે નિરંતર ભાવનાની પાંખો પર ઉડતો હોય,
'ઈચ્છાશક્તિ'નો તોફાની મહાસાગર હોય,
બુદ્ધિ ને ચાતુરીનાં બાગો ભર્યાં હોય
જેનાં મગજભાથામાં,
કળા ને કૌશલ્યની ઝરે જ્યાંથી પ્રેરણા !
સિદ્ધાંતની ખાતર એ મહાસમાધિએ સાથે,
આદર્શની ખાતર જે મરી ખૂટે,
ને 'સ્ત્રીત્વ' પ્રતિ આદર હોય જેના અણુંએ અણુંમાં
એવા ઉદાર વીરપુરૂષને પરણે શ્રાવિકા !

*

આથમતા ક્ષાત્રતેજને પુનઃ ઉગાડતો, ને
દિલદિલમા દીપક ચેતાવતો જે;

વીર્યનાં ઉછાળાથી સાગર શો પુષવતો
ને 'મનુષ્યત્વ'નાં મોલો ઉતારનારો;
'હૃદયદેવ' થવા પહેલાં 'હૃદયની રાણી'
હૃદયમાં માન સહિત પ્રતિષ્ઠા કરી
સાચો 'હૃદયદેવ' બનવા
સ્વાભાવિક પ્રવૃત્તિ કરે:
એવા 'આદર્શ નર' નો સુંદરી સહચાર કરે.

*

જ્હેનાં સહચારથી એક બીજામાં
જીવનભરની–જન્મોજન્મની નિર્ભયતા રેડાય,
ગંગા યમુના શો સુંદર સંગમ થાય,
પરસ્પરની મહત્વાકાંક્ષાઓ પોષાય,
દયાપાત્ર નહિ, પણ 'ઇર્ષાપાત્ર' દાંપત્ય બને,
સ્વાતંત્ર્યનો આતશ જ્હેનામાં જલતો હોય,
સ્વાભિમાનની અમીરીનો માલીક હોય,
ને બીજાનું 'સ્વમાન' સાચવવાની કાળજી હોય,
જેનામાં, એવા પ્રતાપ ઝરતા,
નિજાનંદી, ગુણદર્શી, દીર્ઘદ્રષ્ટા ને વિવેકી,
ન્યાયી ને હસતા પુરૂષને પરણે સુંદરી.

*

પુરૂષ તો તે છેઃ સુંદરીનો પતિ તે છે
કે જે પ્રસંગોનાં રંગ પારખે,
સંજોગો પર સત્તા ચલાવે,
જગતની સાથે હોડ ખેલવાની શક્તિ ધરાવે,
ચેતન ! ચેતનતત્ત્વોથી છલબલતો હોય,
અને સિદ્ધિઓ માટે આકાશમાં વિહરે,
પાતાળને ફોડે, મૃત્યુને ખૂંદી વળે;
ને કદમે કદમે 'જય' નાં ડંકા બજાવે!

* *

આદર્શ શ્રાવિકા :
સુંદરીનો સહચાર એજ કરી શકે કે
જેનાં બાહુઓ 'અબલા'ને બળ પ્રેરે,
'અબળા'ને 'સબળા' બનાવે;
ભીરૂનાં વીર સરજે,
યાચકનાં દાતા બનાવે;
'ઘેટી' પાળનારો ભરવાડ નહિ
પણ 'સિંહણ'નો જે સહચાર સાધી શકે !
સહચારિણીનાં નિર્મળ કોડ ને રસિકતા
જોનારી જેનામાં ખૂલ્લી આંખો હોય.

દાંપત્યને 'દૈવી' યોગ બનાવવાનાં
આવતા હોય ઉમળકા જેના અંતરમાં;
એક બીજાની જ્યોતિનાં આધારે
'ઉડવાના' વિચારો સ્ફુરતા હોય,
અને લેશમાત્ર કંટાળા વગર જીવવાનો
જ્વલંત મુદ્રાલેખ ધારી જે 'જીવન' સાથે જીવે !
આકૂળતા કે વ્યાકૂળતા
જેહેનાં પ્રતાપી તેજને ઠારી શકે નહિ
ને નયનોમાં સદાય રસની અખંડ ભરતી રાખી
સંસારને–દાંપત્યને રસમય બનાવવા
સુંદરીની અખંડ પવિત્ર દોસ્તી કરી શકે
તેવા રસેશ્વરને જ પરણે સાચી સુંદરી !
એવાજ વીરને વરે આ વીરાંગના !
એવા પુરૂષનેજ વરે આદર્શ શ્રાવિકા !

* *

વીજળીના જેવો વેગીલો બની
સંસારમા જે રેલાવે સર્વત્ર ચેતન વિજળી,
પ્રેમનો મહાસાગર બની
રેલાવે દાંપત્યમાં પ્રેમની રસગંગા '

ધર્મપિતાનાં છાંયડેથી ય દૂર રહી
ન્હાતો ફરે જે વ્યાપકતાભરી
નૈતિક જીવનની નદીઓમાં,
અને દેહ કરતાં આત્મસૌંદર્યનો જે પૂજારી હોય,
ભાષા કરતાં ' ભાવ 'નો ઉપાસક હોય,
બનાવટ કરતાં કુદરતનો પ્રેમી હોય,
શ્મશાની શાંતિ કરતાં
જે ખાનદાન (noble) યુદ્ધોનો રસિયો હોય
એવા જ્યોતિભર્યા ઓજસ્વી આત્માના
સહચાર કરવાના કોડ હોય સાચી સુંદરીનાં !

*

એક બીજામાં જીવનભર પરોવાઇને
એક બીજાનું મધુર સૌંદર્ય
પરસ્પરનાં દિલનાં આતશોને બૂઝાવે,
ને આદર્શોની જ્યોતિ જીવનમાં જગાવે
એવા દાંપત્ય ' જીવવાના ' હોય
સાચી, આદર્શ સુંદરીનાં અભિલાષ !

*

સુંદરીની કુમાશને જે સમજી શકે,

સુંદરીનાં નિર્દોષ પ્રેમને પારખી જાણે,
સુંદરીનાં સૌંદર્યને હલકે હાથે ખીલવી શકે-
પવિત્રતાનાં વિશેષ ઓપ આપી શકે;
અને સ્ત્રીનાં સૌંદર્યને
પવિત્ર વૃત્તિથી પૂજી જાણનારા
નિર્મળ ચરિત્ પુરૂષને જ સુંદરી ચાહે છે:

* *

પતિવ્રતની ડાહી ડાહી વાતો કરનારા
પોપટોમાંથી
જે પહેલાં આદર્શ-એક પત્નિવ્રતની
સંપૂર્ણ વફાદારી દર્શાવવાનો કોલ આપે,
પોતાને વિશ્વાસપૂર્વક
મૂક્તવિહાર કરવા દેવાની અંતરથી છૂટ આપે,
સ્ત્રી એ માલીકીની ચીજ નહિ
પણ 'જીવનની ભાગીદાર' માનવાની
જે સક્રિય રીતે ઉદારતા દર્શાવે,
અને એક જ 'જીવન હિન્ડોલે-' રસઝૂલે
ઝૂલવાના જેના અભિલાષ હોય
તેવા રસીક વર,-આદર્શ પુરૂષને સુંદરી પરણે!

આત્માની લહરે લહરે લહરવા
પોતાની ઈચ્છાથી પરણે છે પુરૂષને સુંદરી;
પુરૂષની અણખીલી કળીઓ ઉઘેડવા
સંસારમાં સુંદરીઓ સહચાર આપે છે !
તેથી જ્હેનાં આત્મામાં ભર્યાં હોય અમૃતજળ
અને સાચા સહચારની
જ્હેને સંપૂર્ણ 'ગરજ' હોય
તેને જ વરે છે....વરવા દોડે છે સાચી સુંદરી !

* *

નવલોહીવાળી અજબ સુંદરી
જીવન સહચારમાં નવલોહીને જ શોધે છે.
તરૂણી, તરૂણજ હૃદયને ઉપાસે છે.
જીવન આખું જ્હેની સાથે વિતાવવાનું હોય,
અને જે પ્રેમનાં પ્રિયતમ થવાનાં હોય
ત્હેનાં તન, મન, રૂપ, ગુણ, વય,
વિચાર, આદર્શો ને ભાવનાની સમાનતા તપાસે,
શારીરિક, માનસિક, નૈતિક ને
આધ્યાત્મિક સામ્યતા નીરખે,
ભાવિ 'જીવનદોસ્ત'નું અંતર ઓળખવા મથે,
ત્હેનાં આદર્શ ને સિદ્ધાંતોને પારખે,

ત્હેનાં પ્રેમઉરનાં ઉંડાણું બરાબર માપે,
'સ્ત્રીને સાટે કેટલું સહી શકશે !'
તે બારીકાઇથી નિરખે,
ત્હેનાં આત્માનું રસઐક્ય પારખે
અને પોતાની અંતરની ઉર્મિઓ
પોતાનાં હૃદયની ઉચ્ચ ભાવનાઓ
કેટકેટલી ઝીલીને તે ખીલવશે
ત્હેનું સૂક્ષ્મ અવલોકન કરી
સંતોષ મળે તોજ સહકાર કરવા
ચાહે છે તે સુંદરી :
પોતાનીજ આત્મપસંદગીથી પરણે
તે શ્રાવિકા !

* *

રમણી એ વશ કરવાની વસ્તુ નથી
પણ સ્વભાવથીજ એ વશ થાય છે,
સ્નેહથીજ એનું સ્ત્રીત્વ પમાય,
પ્રેમથીજ એનાં આત્મા પર
પ્રેમનું સામ્રાજ્ય સ્થપાય છે,
એવું સમજનાર પુરૂષને જ વરે સુંદરી !
માની ચતુર સુંદરી

પોતાના આત્માના સંતર્પણ માટે,
ભાવિ સર્જનના આનંદ માટે જ પરણે !
પરણવા ચાહે છે.!

*

પોતાના ને પરનાં ઉદ્ધાર માટે
ભાવિ રાષ્ટ્ર ને વિશ્વના કલ્યાણ માટે
આત્માનાં પુર વૈભવથી,
હૃદયની પૂર્ણ સમ્મતિથી,
યૌવન-ઉછાળાનાં 'કહેણ' થી જ
યોગ્ય પુરૂષને
સંસારમાં પરણવા ચાહે તે
આદર્શ સુંદરી : આદર્શ શ્રાવિકા છે:

*

સુંદરીનાં 'ચાહ'માંથી સહકારની વાંચ્છના જાગે,
જીવનસંગ્રામમાં પ્રવેશતાં તે
પુરૂષનાં શુદ્ધ સહચારને ચાહે !
કારણ ?
સંસાર 'બે'નો છે.
વૈરાગ્ય 'એક'નો હોય,

તેથી એ આત્માના સહવિહાર એ છે સંસાર.
પુરૂષ એટલે પ્રાણુ ને શક્તિ:
સ્ત્રી એટલે શક્તિને તાલબદ્ધ-
સક્રિય કરનારી પ્રેરણા :
પ્રેરણા વિનાની શક્તિ સૂતી રહે,
ને શક્તિ વિનાની પ્રેરણા પાંગળી છે,
તેથી એનો-નરનારીનો સહચાર એ છે સંસાર.
એક બીજાના સહચારેજ
સંસાર સૌભાગ્યવંતો છે.
પરસ્પરનાં સહચારથી જ
જગતમાં નરનારીઓ જીવી શકે છે !

* *

સુંદરીના 'બુદ્ધિ' સહચારથી
પુરૂષના હૃદય-Will-ને પોષણ મળે,
પુરૂષનાં 'શક્તિ' સહચારથી
સ્ત્રીની બુદ્ધિમાં Intelect-
સ્ફૂર્તિનું સિંચન થાય,
આમ એક બીજાનાં સહકારમાં જ
વિશ્વનો વિકાસ છે.
એક બીજાની પડખે ઉભા રહેતાં જ
પરસ્પરની અપૂર્ણતાઓ પૂરાય છે.

સ્ત્રીનું જીવન એ કુદરતી મૈત્રી છે,
પણ 'વફાદાર મિત્ર' ને જ સમજાય તેની મિષ્ટતા !
પુરૂષનું જીવન એ પરાક્રમની લીલા છે,
પણ પરાક્રમનું મૂળ તોએ માતાનું જ ઉદર છે,
મૂળ વિનાનાં થડ ને પાંદડાં ન હોય,
સ્ત્રી વિના પુરૂષ કે સંસાર ન હોય.
જીવનસંગ્રામમાં બન્નેને સહચાર જોઈએ !
સભર ' જીવનચિત્ર ' માં બેનાં રંગો જોઈએ !
વિવિધ ભાવો વિનાની કળા અધૂરી છે,
નરનારીનાં સહચાર વગર સંસાર સૂના છે.
તેથી માનસ કક્ષાએ સંસારમાં બેય સંચરે,
સમાન હક્કથી ' દોસ્તીદાવે ' જ વિચરે !
એનું નામ સાચો સંસાર :
આદર્શ સુંદરીનો એજ હોય સાચો સહચાર !

* *

એક બીજાનાં જીગર એક બીજામાં મળે
ને ઠરે બેયની જીંદગી એ છે સાચો સહચાર !
એ હોય શ્રાવિકાનો મનોહર સંસાર !

* *

મનુષ્યને બે હાથો છે:
બે હાથ વિના તાળી ન પડે: તેમજ
સંસારનાં બે સ્થંભો સ્ત્રી ને પુરૂષ છે.
એક બીજાનાં સહચાર-યોગ વગર
સંસારનું અસ્તિત્વ જ ન હોય!
તેથી નર ને નારીનું જોડલું
સનાતનકાળથી જીવે છે ને જીવશે:
પ્રકૃત્તિનાં એ બન્ને પાસા છે.
ઋષભદેવના સમયમાં જન્મતાં
યુગલીઆ-જોડકાંનાંજ એ ખંડો છે:—
કુદરતે બેઉમાં વિવિધ કળાઓ પૂરી છે.
સ્ત્રી પુરૂષમાં જુદાં જુદાં અનેરાં રંગો ભર્યા છે!
"નરને નારી વિના ચાલ્યું નથી,
ને નારીને નર વિના ચાલશે નહિં"
એ કુદરતનો સનાતન સંદેશ છે:
એટલે બેયનો શુદ્ધ સહચાર
એજ સંસારનો વિકાસ છે:

* *

પ્રકૃતિનાં બે ટુકડા નર ને નારી,
કુદરતનાં બે તત્વો-વીરતા ને દયા

દયા વિનાની વીરતા ' કઠોર ' છે.
ને વીરતા વિનાની દયા મરેલી છે.
નરમાં વીર્ય છે, નારીમા દયા છે.
વીર્ય ને દયાનો યોગ
એ જ આ દ્રશ્યમાન દુનિયા !
નર ને નારીનો સહચાર
એ જ આ સંસાર !

* *

પુરૂષની દેવી સ્ત્રી બને, સ્ત્રીનો દેવ પુરૂષ.
અન્યોઅન્યના પૂજન એ છે સંસારનાં પૂજન.
બન્નેની અણખીલી આત્મકળીઓ પ્રફૂલ્લાવવી
એ છે સંસારનાં વિધાનઃ
સુંદરી એ પુરૂષાતનની માતા છે.
પુરૂષ એ ' સ્ત્રીત્વ 'નો સંરક્ષક સૈનિક છે.
સ્ત્રી સસારનાં પ્રારબ્ધ ઘડે છે,
પુરૂષ, એ ' એકલી સ્ત્રીએ ' અડધા અંગે
ઘડેલા અધુરા પ્રારબ્ધને
પૂરા કરવા પુરૂષાર્થ ફેરવે છે.
બન્નેનો નિર્દોષ સહચાર એ છે સંસાર, તેથી
એકની અવગણના એ સંસારની અવગણના !

સ્ત્રીથી સંસાર શીતળ છે.
પુરૂષથી સંસાર તેજવંતો છે:
ગરમી ને ઠંડી :
કોને કોની વિના ચાલ્યું છે ?
એ શક્તિ Possitive & Nagative નાં
 સંયોગથી જ
જગતમાં વિજળી પ્રગટે છે.
સ્ત્રીએ સહચાર સાધવો
એ પ્રકૃતિનો અટલ પયગામ છે
પુરૂષે સહચારને શોભાવવો
એ માનવતાનું મહા લક્ષણ છે.

* *

એવા બે આત્માનો નિર્વિકાર સહ
 એનું નામ દિવ્ય લગ્ન:
આદર્શ શ્રાવિકાનાં–સુંદરીનાં પુરૂષ સ
 લગ્ન એટલે દૂધ ને સાકરનું મિ
અખંડ ને એક રસ નરનારીનું જીવ
યુવક યુવતિનાં પવિત્ર જોબનવંતા
ગૌરવશાલી આત્માનું સહ-રમણ !

બે પ્રેમી પંખીનું સહ-ઉડ્ડયનઃ
બે આત્માનો સમન્વય એ છે લગ્ન.
બે આત્માને એક કરે તેવો પ્રેમ અગ્નિ તે લગ્ન.
નરની આંખમાં પ્રિયનું અમૃત હોય,
નારીની ચક્ષુમાં ' પ્રિયતમ ' બેઠાં હોય,
બે મટી એક થવું એ છે લગ્ન,
નરનારીની ઝગમગતી આત્મજ્યોત
એક મળી રચાય દાંપત્ય :
પરસ્પરનાં દિલમાં ' એકત્વ 'નો સંચાર થાય
તેજ આદર્શ શ્રાવિકાનાં હોય સાચાં લગ્ન !

* *

સ્ત્રી ને પુરૂષ
એક બીજામા એક બીજા નિરંતર
ખોવાઈ જાય એ છે આદર્શ લગ્ન.
ને પરસ્પરના ખોવાઈ જવા છતાંય
બન્નેનું વ્યક્તિત્વ અખંડ રહે !
નરનારીના પ્રેમ વિહાર, તે છે સુંદર લગ્ન.
બન્નેની અપર્ણતા પરાઈ બેઉમા
ઉતરે ' અપર્ણતા ' તે છે સાચું લગ્ન :

સંસારના આરે પવિત્ર સ્નેહનાં સ્વર્ગ ઉતારી
કલ્યાણ પંથે પડવું એ છે
બન્નેનાં લગ્ન વ્રતની મહા દીક્ષા !

* *

આર્ય લગ્નનાં ' આદર્શ ' મહાન્ છે :
પુરૂષ ને સ્ત્રીનો અમૃતના આરે
અદ્‌ભૂત સંગમ તે છે આર્ય લગ્ન.
બે પ્રેમ–પંખીનાં જીવન યોગ,
એ છે આદર્શ લગ્ન.
એક બીજાનાં જીવન રસ
એક બીજાનાં જીવન કટોરામાં રેડાય,
એક બીજાનો આત્મા
એક બીજામાં એકરસ થઈ રેલાય,
એ છે પ્રેમલગ્નનું સાચું રહસ્ય.
જીવનભરની પવિત્ર ગ્રંથીની
નિર્મલ નિશાની એ છે સાચું લગ્ન !

* *

આદર્શ સુંદરી–શ્રાવિકાના લગ્નને
સંયમના સઢ હોય,
પ્રભુતાનાં સુકાન હોય,

પવિત્રતાનાં હલેસાંઓ હોય,
ચોમેરથી સરલતાનો વાયરો વાય,
રસ સાગરમાં રમણ કરતાં કરતાં
દિવ્યતાને પામવાનું ચોક્કસ તેમનું ધ્યેય હોય !

* *

લગ્ન કરીને સુંદરી-બાલિકા
મોહનાં રંગમહેલની રાણી નહિ
પણ પ્રેમ ઝુંપડાની ' જોગણ ' બનવા ઇચ્છે.
' પ્રેમદેવ 'નીજ રાણી બનવા ચાહે.
જીવનભર સ્નેહ સરિતામાં સ્નાન કરતા
ઉન્નત ભાવનાનાં આકાશમાં
વિચરવાનાં ત્હેનાં પ્રબળ અભિલાષ હોય !

* *

' લગ્ન ' એ સુંદરીનાં જીવનનો
મહાન આલ્હાદનો પ્રસંગ છે.
કૌમાર અવસ્થામાથી સંસાર પ્રવેશ
એ તેનો સૌથી મધુર દિવસ છે.
હૃદયના ખાલી સિંહાસનનો
સ્વાભાવિક સ્વામી બને તેવા પતિને શોધી

હૈયામાં પ્રતિષ્ઠા કરવાનું
એ જીવનનું સૌથી મંગળ ચોઘડીયું છે.

*

એ 'લગ્ન' એટલે એક વખતનો યોગ.
લગ્નને 'બે' શબ્દ ન ઘટે.
બેનું એક થવું તે છે આર્ય લગ્ન,
જન્મ એક વાર, મરણુ એક વાર
ધર્મ એક છે, જીવન એક છે,
તેમ લગ્ન પણુ હોય એક વાર!
બીજાં લગ્ન એ સાચાં લગ્ન નહિં,
લગ્નના 'લાવા' ની એ તો
ઉડતી ધગધગતી ભસ્મ છે:
ને પહેલાં લગ્નમાં પ્રેમનુ સિંચન નહિ.
તો તે લગ્ન એ ગંધાતી ગમાણે
બાંધેલાં બે પ્રાણીનું જોડાણ છે:
બીજા લગ્નની ભસ્મમાં ભરાશે તે
'આદર્શો' ને બાળી નાંખશે
પ્રેમહિન લગ્નો થશે ત્યાં ત્યા
સંસારની સુંદરતા સળગી ઉઠશે! તેથી

લગ્ન-આર્ય લગ્ન એક વાર હોય
એકવારનાં લગ્નમાં જ સાચો પ્રેમ હોય.

* *

એક પતિને એક જ હોય પત્ની,
એક પત્નીને એક હોય પતિ,
પ્રેમીને હોય એક માત્ર પત્ની,
કામીજનને હોય બે પાંચ પૂતળી.
પ્રેમ જોગણને હોય એક આત્મારામ પતિ,
પ્રેમ યોગીને હોય એકજ પ્રેમ પાત્ર પત્નીઃ'

* *

પ્રેમી કેવળ 'એક' એકનેજ દોસ્ત બનાવે.
પ્રેમ જોગણ 'એક'ની જ ઉપાસના કરે.
બીજા પતિ કે બીજી પત્નીની
કલ્પનાય સાચા પ્રેમ-પ્રવાસીને કંપાવે
એકમાજ એકાગ્ર થઈ
પ્રેમના દાવે એક બીજા સર્વસ્વ હોમે,
ને સર્વસ્વ મેળવે તે સાચો પ્રેમ-પ્રેમી !
પ્રેમ યજ્ઞમાં જીવનની આહુતી આપી

એક બીજાનાં સુખ દુઃખ અને ઉન્નતિ માટે
એક બીજા મરી પડે તે છે સાચું પ્રેમી યુગલ!

*　　*

સ્ત્રીનાં નિર્મલ સ્નેહને સમજે તે સાચો પતિ,
ને પુરૂષનાં પ્રેમને ઓળખે તે સાચી પત્ની.

*　　*

આવા બે પ્રેમી આત્માનું જોડાણ
　　તે આદર્શ દાંપત્ય:
પ્રભુના ધામમાં ઉતરવું તે છે આદર્શ લગ્ન!

*　　*

એ દંપતિના—

પતિ પત્નીનાં પ્રાણનાં સ્પર્શ તે છે લગ્ન.
દેહના-જડ પૂતળાના લગ્ન
એ છે વાસનાના કાયદેસરના અખાડા!
એક બીજાને આત્મદાન
એ છે સાચાં લગ્ન
રોમે રોમમાંથી નીતરે છે પ્રેમની નદીઓ!
એવા બે આત્માનાં શુદ્ધ સ્નેહ-
　　[illegible]

તે છે આદર્શ લગ્ન !
બે પ્રેમીની પ્રેમજળથી ભીંજાયલી
મિલનભોમ તે લગ્ન.

* *

Wife એટલે વસ્તુતઃ Life
પત્ની એ પતિનું સાચું જીવન છે.
પુરૂષનું અડધું અંગ તે સુંદરી છે.
ને સુંદરીનું અડધું અંગ તે પુરૂષઃ
પુરૂષ અધૂરો છે, સ્ત્રી અપૂરી છે.
બેનાં સહચારથી ઘડાય એક ' મનુષ્યત્વ '
બેનાં સહચારથી રોપાય એક કલ્યાણ બીજ,
બે ચેતનના સંયોગ
ત્હેનાથી રચાય સાચો સંસાર,
એજ સાફલ્ય લગ્નઃ લગ્નની સફલતા !

*

પરસ્પરની ઉન્નતિ ' રસેષણા ' પરિતર્પવી
એજ પતિ પત્નીનો પરમ ધર્મ.
એ કહેવાય આદર્શ દાંપત્ય !

* *

પ્રેમને ' અવળી ' આંખે જોનારા
ઓ વક્રદ્રષ્ટાઓ !
સુણજો ! સ્નેહ એટલે વિષયવાસના નથી હોં !
પરન્તુ નિર્મળી આત્મપ્રેમ ભાવના તે સ્નેહ.
પાપ તે પ્રેમ નહિ
પણ પુણ્ય તેજ નિર્મળ પ્રેમ
શુદ્ધ રસથી ઉભરાતો તેજ પ્રેમ
પ્રેમ તે કામ નહિ
ને જ્યાં કામ ત્યાં પ્રેમનો પડછાયોય નથી.
જ્યાં જ્યાં કામવિલાસનાં અખાડા
ત્યાં ત્યાંથી પ્રેમનાં પોબાર !
મોહ ને સ્નેહ જુદાં છે.
સ્નેહ ચડાવે છે, મોહ ખાઈમાં નાંખે છે
સ્નેહ દેહવાસના નથી, આત્મભાવના છે.
મોહ મુડદાં પ્રેમી છે–આત્મપ્રેમી નહિ
કામી ને રસીક જુદાં છેઃ
કામ ને રસ ભિન્ન છે,
રસિકોમા કામ ન હોય, વિકાર ન હોય.
રસિકો રસ લૂટે, કામીઓ ' કામ 'માં કપાય છે.

કામને રસાનંદ તદ્દન ભિન્ન છે
કામ કાળજાંઓ કોરે છે
રસાનંદ હૈયામાં રસની ગંગા છોડે છે.
તેથી જ્યાં જ્યાં સાચો પ્રેમ
ત્યાં ન હોય મોહ કે કામવાસના !
પ્રેમમાં પાશવી લીલા ન હોય
પ્રેમ તો પવિત્રતાનાં બાગ ખોલવે
એવા નિર્મલ પવિત્ર પ્રેમની
જે પિપાસુ સુંદરી તેજ સાચી શ્રાવિકા
તેજ સુંદર પ્રેમતત્વો જીતનારી
સુંદર શ્રાવિકા !

* *

મોહની મદિરાથી દૂર રહી
સાચા દિવ્ય પ્રેમનાં પ્યાલાઓ પીએ
ને એક બીજાને પાય તે પ્રેમી ! પ્રેમી !

* *

દિવ્ય પ્રેમ એ ઘડી, બે ઘડીનો નશો નથી,
કે દિવાનાઓના સ્વપ્ના નથી,

ઝરતો એ શાશ્વત મીઠો ઝરો છે.
દેહ પ્રેમીઓ પ્રેમને પામી શકે નહિ
આત્માએ આત્માનાં લગ્ન ત્યાં છે. પ્રેમ !
આત્માએ આત્માનો સહચાર તે છે લગ્ન !

* *

દિલે દિલનાં દાન લેવા ને દેવા તે છે લગ્ન.
રૂપનો મદ નહિ, ગુણનો ગર્વ નહિ.
આત્માએ આત્માનાં તેજમાં મળી જઈ
પતિનાં આદેશ પત્ની પ્રેમથી ઉઠાવે
પત્નીનાં દિવ્ય અભિલાષો
પતિ હોંશથી પૂરા કરે,
ને પરસ્પરની જીવનનૌકા પરસ્પરને સોંપાય
એ છે આદર્શ લગ્ન-સાચો સહચાર.
એ છે શ્રાવિકાનો ઉજ્વલ સંસાર.

* *

લગ્ન એટલે બે પશુઓની તાંડવ લીલા નહિ
પણ સંયમ ને શીલનાં વાયુમાં ઉભા રહી
ઉન્નત આદર્શો સિદ્ધ કરવા તે.
બે આત્માનું-સ્ત્રી પુરૂષનું સહ પ્રયાણઃ તે લગ્ન.

* *

નર ને નારીઃ બેયનાં દિલને
દેહનુ ઐક્ય તે લગ્ન
બન્નેનાં જીવનમા તેજોમય ઉગ્વાનું
પ્રાગટય તે છે લગ્ન.
રસભર્યા માર્ગે આત્મ કલ્યાણમાં
પ્રવેશવું એ તેનો શ્રેષ્ઠ હેતુ.
જીવનમાં પાવિત્ર્ય ને આનંદની
અમી વર્ષા વરસાવવી
તે લગ્નની સાચી દીક્ષા !

*　*

આદર્શ લગ્નમા પ્રેમ એ પહેલી ચીજ હોય
પ્રેમવિના એકતા નહિ
ને એકતા વિના 'લગ્ન' નહિ.
આત્મ લગ્નની રસકુંજમા રમે
તેજ સાચા પ્રેમ લગ્ન!

*

એવો પ્રેમ જેના આત્માનો ખોરાક
ને પ્રેમ-એજ જેના લગ્ન છે તેજ
સુંદરીના સાચા લગ્ન
ધાર્મિક વિધિ નીચે કરેલા

પુતળાં પુતળીનાં સાટાં એ લગ્ન નહિ
પણ લગ્નનાં નિર્દય ફારસ છેઃ
પ્રેમ વગરનાં લુખ્ખાં-સળગતા
સંસાર વનનો એ દઝાડતો વિહાર છે.
બે આત્માને કચરી નાંખનારો
કાયદેસર-ફાંસી-દોરી વચ્ચેનો નિવાસ છે
તેથી પ્રેમ ! પ્રેમ ! ને પ્રેમ !
એજ સાચાં લગ્ન-શ્રાવિકાનાં સુખી લગ્ન !
એજ બે આત્માનો સાચો યોગ હોયઃ

* *

આદર્શ સુંદરી-શ્રાવિકા
આવા 'સ્નેહ લગ્ન'થી પુરૂષ સાથે જોડ
પોતાના સ્નેહને સત્કારી
સામેથી પ્રેમનાં પડઘાં પાડે
તેવાજ પુરૂષને પરણવા દોડે
પ્રેમલીની નજરે પ્રેમને વધાવી
લગ્નમંડપમાં પવિત્રતાની પ્રતિજ્ઞા કરીને
નિર્મળ પ્રેમી-આત્માને પરણે
સ્નેહનાં કટોરાં પીએ ને પાય
ને પ્રિયતમનું અંગ થઇ જઇને

પોતામાં પ્રિયતમને સમાવવા જે તલ્પે!
એ જ આદર્શ સુંદરી–શ્રાવિકા.

*

આદર્શ શ્રાવિકા
એ દેવી બને, દેવાંગનાં બને
પુરૂષની સાચી અર્ધાંગના બને!
દાસી નહિ પણ દોસ્ત કે સહાયક બને,
પુરૂષને ઉન્નત માર્ગે પ્રેરનારી
જીવંત પ્રેરક–શક્તિ બને
પુરૂષને કેવળ સુખ સગવડ આપનારી
સૌંદર્યની જડ પુતલી નહિ,
પતિની વાસનાને સંતોષનારી ઢાકણ નહિ,
ઘરને માત્ર સાચવનારી ચાકરડી નહિં,
પણ સંસારમા ઉજ્વલ ભાવો જગાડનારી
પતિની સાચી ને પવિત્ર સહચરી બને,
એક પાંખવાળા પુરૂષની બીજી પાંખ બને,
પુરૂષનાં આદર્શમાં ભાગ પડાવે.
ને પોતાનાં આદર્શમા 'પતિ'ને શ્રદ્ધા જગાડે
એ જ સાચી સુંદરી–આદર્શ શ્રાવિકા.

*

સંસાર એટલે પ્રેમ-રસ ફૂલવાડી
ફૂલ છોડને ઉછેરશે તેજ
ફૂલની મીઠી સૌરભ પામશે !
સુંદરી ફૂલ છોડ વાવે છે
ને પુરૂષ તેમાં સિંચન કરે
એટલે પ્રેમની-રસની-કળાની ફૂલવાડી ખીલે,
ખીલીને સંસારને સુગંધી બનાવે !

* *

સુંદરી ઘરને નહિ, પણ વરને પરણે,
ધન કે રૂપમાં ન મોહાય,
પણ ગુણ ને જ્ઞાનમાં મોહાય,
ઘર કે વરની ખાતર નહિ
પણ પોતાની જાતની ખાતર પરણે.
વાસનાને નહિ પણ ઉન્નત આદર્શોને વરે.
જીવન પંથમાં શુદ્ધ સહચાર
શોધવા ! સદ્‌ગુણી પુરૂષને પરણે.
માત્ર જીવીને રોટલા ઘડી આપવા કે
ચૂડલો અખંડ ખણખણતો રાખવા
તે ગમે તેવા પુરૂષને ન પરણે ! ન જ પરણે.

* *

સાચી શ્રાવિકાને પતિની દાસી કરતાં
'દોસ્ત' બનવાનાં કોડ હોય!
'દોસ્તી'નાં દાવે અર્પણની ભાવનાથી
સેવા કરી છૂટવાનાં મનોરથ હોય!
પતિની કેવળ પગ દાબનારી ગુલામડી નહિં,
પણ પુરૂષને પ્રેરણા પાનારી હૃદય દેવી બને.
પ્રેમનાં બદલામાં પ્રેમ યાચે.
પ્રેમનાં યાચક થઈને ય,
પ્રેમીને–પુરૂષને પ્રેમની ભિક્ષા આપે,
સુંદરીનો પ્રેમ મેળવવા માટે
પ્રેમનાં જ દાન હોય, એવું મૌન સૂચવે!
પ્રેમહિન પુરૂષો કદીય
સુંદરીના પ્રેમને યાચી શક્યા છે?
સુંદરી પ્રેમી પુરૂષને-પ્રેમને પરણે.
કામીને નહિ રે! કામીને નહિ।
કામ, પ્રેમને શું પારખે?
કામી, શ્રાવિકાને–આદર્શ સુંદરીને શું સમજે?
સ્નેહની ઠુકર વિના સ્ત્રીને કોણ જીતી શક્યું છે?

* *

પ્રેમી, પ્રેમીનાં ઉરને પારખે,
સ્નેહીજ સ્નેહીનાં હૃદયને સમજે.
વસંતની ખૂબીઓ કોકીલા જ મ્હાણે
પ્રેમનાં સરખતો પ્રેમી પુરૂષ જ પીછાણે !
એવા પ્રેમીઓ જીવન જળથી,
પરસ્પરને નિર્મળ પ્રેમનાં અભિષેક કરે.
રમે બન્ને આત્મા પ્રેમના જળમાં,
ઉડે બન્ને આત્મા પ્રેમનાં આકાશમાં,
ને સંસારમાં સ્વર્ગની ખુશબો લાવી,
સંસારને સ્વયં સ્વર્ગમય બનાવે, તે શ્રાવિકા !

આદર્શ શ્રાવિકા:
પુરૂષનાં વિજય ધ્વજ સમી
વિશ્વને ચોમેરથી અજવાળતી
સુકુમારતા ને સરળતાની એ મૂર્તિ—
સુંદરી. પુરૂષના ધોમ ધોમ 'ઉછાળા' મારતા
પૌરૂષનો સહચાર કરતી સચરે,
ને સ્રીત્વને દીપાવે.
સ્રીને માત્ર પરણનાર ને પતિ નહિ,

પણ સ્ત્રીનો આત્મ વિકાસ કરી સંતોષનાર
તેજ પતિ.
સ્ત્રીનાં સ્નેહનો પ્રત્યુત્તર પાઠવનાર,
તેજ સાચો આદર્શ પતિ !
ને પતિનાં પ્રેમી આતરને ઓળખી
એનાં પ્રેમનો પડઘો પાડતાં પાડતાં
પતિનાં પ્રેમને દિવ્યતાનો રંગ આપનારી,
એજ આદર્શ-પત્નીઃ સાચી સુંદરી શ્રાવિકા.

* *

એક બીજાનાં આત્મસિંહાસને,
એક બીજાની પધરામણી, તે છે પ્રેમીયુગલ.

* *

આદર્શ સુંદરી, શ્રાવિકા,
પ્રેમભર્યા દિલાવર દીલની એ દાસી છે.
પતિના સંસાર રથની સારથી છે
પતિના આદર્શ મહેલની એ રાણી છે
પતિના સુખ દુઃખની સહચારિણી છે.

[illegible] પશુપ્રેમ ત્હેના દામ્પત્યને
સ્પર્શે નહિ.

કામચલાઉ બજારૂ પ્રેમ ત્યાં હોય નહિં,
વ્યવહારિક સગવડતાએ સાંધેલો હોય
નહિં–સ્નેહ, પણ પરસ્પરનું સ્વાર્પણ
એ છે સ્ત્રી પુરૂષનો પ્રેમ !
નિર્દોષ પ્રેમનાં આરે બેસી બેય,
મધુરતાની 'મીજબાની' ઉડાવે તે છે
આદર્શ દામ્પત્ય !

* *

સ્ત્રીનો આત્મા પતિમાં વિરાજે
ને પતિનો આત્મા વસે પત્નીમા !
સુંદરીમા એક પતિવ્રતની પ્રતિજ્ઞા હોય
ને પુરૂષમા એક પત્નીવ્રતના તેજ તપતા હોય.
સુંદરી રાણી બને તોજ પુરૂષ રાજા કહેવાય,
શ્રાવિકા દાસી બને તો પુરૂષ દાસ કહેવાય.
દાસીને રાજાની દોસ્તી ન હોય.
રાજા માર્ગી ને ગુલામ માર્ગીના યોગ નજ થાય.
તેથી સુંદરી સદાય પુરૂષના
રાજ મહેલની રમણી–રાણી બને.

અને પુરૂષ એ રમણીનાં રમણ વિલાસ,
'આત્મ વિલાસ'ને નમ્રભાવે સહચાર આપતો
રહે ! એ જ રાજાની રમણી-રાણી,
એ જ સાચી સુંદરી કે શ્રાવિકા—
પતિની નિર્માલ્ય દાસી બની જઇ સુંદરી,
પતિની રાણી થવાનો હક્ક કદીજ ન ગુમાવે !

*

સ્ત્રી-પુરૂષની શુદ્ધ સ્નેહ લીલા તે છે સંસાર.
તિએ પત્નીમાં, ને પત્નીએ પતિનાં હૈયામાં
ચ્ચ આદર્શો સહિત રમણ કરવું તે છે
આદર્શ સંસાર.
પુરૂષની કલહ કલા તે છે-મૃત્યુલોકની નારકી.
ને પતિ પત્નીના જુદા 'ચોકા'
તે છે તુચ્છ ! રે તુચ્છ સંસાર !

*

અ-યો અન્યના હૃદય પરસ્પર ગૂંથાય
ને એક બીજાના આત્માના અમૂત

એક બીજા પર સ્વાભાવિક ઢોળાય !
તેવા લગ્નથી સુંદરી પુરૂષથી જોડાઇને–પરણીને
પોતાને અને પતિને પવિત્રતાનાં પંથે પ્રેરે !
જીવનમાં પ્રભાતની નવલાલી ઉતારે !
દાંપત્યમાં અનેરાં પરિમળ પ્રગટાવે,
સૌજન્યનાં નીરથી અંતરને પખાળે,
શીલનાં તેજથી પતિની સાચી પત્ની બને,
ને સાચી પત્ની થતાં પતિને આદર્શ પતિ
બનાવે !
હૈયામાં ભરેલા રસનાં કુંપા ઠાલવી
પતિ અને પોતાની વચ્ચે રસની રેલ વહાવે,
પ્રિયજનની વફાદાર પ્રિયતમા બની
પ્રિયજનની વફાદારી મેળવે–વિકસાવે !
પતિદેવ બનાવતા 'પત્નીદેવી' નુ સ્થાન
નક્કી કરે,
પ્રેમ, પવિત્રતા ને રસની લીલાથી.
સંસારને સભર બનાવે !
અને સ્નેહીના સ્નેહની શારદાપીઠ બની
પ્રેમીનાં પ્રેમમંદિરની દેવી થાય.
એવા દેવ દેવીના નિવાસ તે સંસાર.

એવા સંસારમાં વસનાર તે સાચા દેવ દેવી !

* *

આદર્શ સુંદરી–શ્રાવિકા. એ
પતિને રમવાની ઢીંગલી ન હોય.
વાસનાને પોષનારી વસ્તુ ન હોય.
સ્ત્રી એ માત્ર પુરૂષની ગુલામડી, રસોયણ, કે
'પતીદેવ (!)ની મોજેનું રમકડું નથી.
'પતી'નાં રૂવાબથી ગમે તેમ.
પાતાળમાં ઠચરવાની ચીજ નથી: કે
'મિથ્યાભિમાન' નાં ગબારે ઉડતાં કોઇ
'હેવાન'નાં હાથે
'સ્ત્રીત્વ'નું સદાય અપમાન
સાંખી રહેનારી મૂઢદાલ મંકોડી નથી,
ગર્વભેર દેખાડી શકાય તેવું એ
ગૃહપ્રદર્શનનું રંગીલુ–છબીલુ પ્રાણી નથી!
કે પુરૂષની પ્રતિષ્ઠા ને
સગવડો જાળવનાર તુચ્છ સાધન નથી:
પરન્તુ પુરૂષના મૃત જીવનમા
અમૃત સીંચનારી એ જીવન શક્તિ છે
હેવાનીયતને ઠેકાણે લાવનારી

સ્ત્રીનાં જ્યાં જ્યાં પૂજન થાય છે,
ત્યાં ત્યાં સ્વર્ગનાં સોહાગ ઉતર્યા છે.

* *

સોહાગને ચાહશે તે સુંદરીને સત્કારશે,
સોહાગથી ભાગશે તે, સુંદરીને અપમાનશે.
યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, તત્ર રમંતે દેવતા.
જ્યાં જ્યાં સ્ત્રીઓનાં પૂજન થાય છે
ત્યાં ત્યાં દેવતાઓ આનંદથી રમે છે.

* *

જે ગૃહમાં કલ્લોલ કરે છે,
હસતી સુંદરીઓ !
સંસ્કાર અને આનંદ મંહી
જ્યાં ખીલતી સુંદરીઓ !
તે ઘરમા ખૂબ રમણ કરે છે,
દેવ અને બહુ દેવીઓ.
જ્યા જ્યા સ્ત્રીના પૂજન થાય,
ત્યા વરસે આનદ વર્ષાઓ !

* *

શાંત ને સુશીલ શિક્ષીકા છે.
જીવન-બંસીનાં મીઠાં સૂરથી
પુરૂષનાં પૌરૂષને ઘડનારી સ્ત્રી-દેવી છે!
નિર્મળા, સાત્વિક સ્ત્રી સૌંદર્યની કુમાશથી
પુરૂષનાં કઠણ હૈયાને કોમળ કરનારી,
પુરૂષનાં કઠોર કાળજાને, સુકોમળ બનાવી-
ઉજ્વલ રસ્તે દોરનારી સાચી સહચારિણી છે.

* *

પુરૂષો! ઓ નગુણા પુરૂષો!
સ્ત્રીને અપમાનશો ના!
અપમાનશો તો
કુદરતના ભયંકર અપમાન સહવા ભારે પડશે
સ્ત્રીને સત્કારશો તો
ત્હમારા પર સ્નેહની વૃદ્ધિ થશે.
અંતરથી વધાવશો તો
ઉભરાશે પ્રેમના પાતાળ જળ.
સ્ત્રીની અવગણના જ્હેણે જ્હેણે કરી છે,
ત્હેના સંસારમાં આગ લાગી છે

સ્ત્રીનાં જ્યાં જ્યાં પૂજન થાય છે,
ત્યાં ત્યાં સ્વર્ગનાં સોહાગ ઉતર્યા છે.

*　　　*

સોહાગને ચાહશે તે સુંદરીને સત્કારશે,
સોહાગથી ભાગશે તે, સુંદરીને અપમાનશે.
यत्र नार्यस्तु पूज्यन्ते, तत्र रमंते देवता.
જ્યાં જ્યાં સ્ત્રીઓનાં પૂજન થાય છે
ત્યાં ત્યાં દેવતાઓ આનંદથી રમે છે.

*　　　*

જે ગૃહમાં કલ્લોલ કરે છે,
હસતી સુંદરીઓ !
સંસ્કાર અને આનંદ મંહી
જ્યાં ખીલતી સુંદરીઓ !
તે ઘરમાં ખૂબ રમણ કરે છે,
દેવ અને બહુ દેવીઓ.
જ્યાં જ્યાં સ્ત્રીના પૂજન થાય,
ત્યાં વરસે આનંદ વર્ષાઓ !

આદર્શ સુંદરી,
પોતે સદાય ઉડે, ને પતિને ઉડાવે.
આત્મ સૌંદર્ય ને પવિત્રતાની પાંખો પ
રસભર્યા સુંદર પ્રદેશે ઉતારે,
ને પુરૂષના પ્રાણમાં
'ઉડ્ડયન'નો ફફડાટ જગાવે.

ઠરી ગયેલા પુરૂષાતનમા,
ચેતનની ચીનગારી લગાવે.
પુરૂષના યૌવનને યુવતીનું જોબન ઘડે
રસની અંજલીઓ દઇ દઇને,
સ્નેહનાં ઝૂલે ઝૂલાવી ઝૂલાવીને,
પુરૂષના 'નવજીવન' પ્રગટાવે.
પતિની પ્રેમાળ 'આત્મછાયા' બની
આત્માને ઔર ઉજ્વલ બનાવે,
ને આત્મ સમર્પણ ને ભાક્તના ફૂવારા
પરસ્પરના પ્રેમી ઉરમાથી
સ્વભાવતઃ ઉડતા દેખાડે તે સાચી સુંદરી

*

જ્યાં પતિનુ જીવન વિશુદ્ધ ને વિશાળ

જ્યાં પત્નીનું જીવન પવિત્ર ને પ્રેરક છે,
ત્યાં દાંપત્યની મધુર ખુશબો છૂટે છે,
ત્યાં સ્નેહ જીવનની વિસ્તરતી કળા છે.

* *

શ્રાવિકા પોતાનો આત્મા
નવ નવા સ્વરૂપે પતિમાં પ્રગટતો જુએ,
ને પતિ અવનવા માનસ રંગોથી,
પત્નીના હૃદયમાં પોતાનું હૃદય ચીતરે.
પરસ્પર એક બીજાને અંતરમાં પધરાવી
પરસ્પરનાં પૂજન કરે;
એક બીજાની આસપાસ
હૃદયમાં અર્ઘ્ય ધરી પ્રેમ ફૂલવાડી રચે.
એટલે ? બેયનાં જીવનમાં સૂધા સીંચાય,
બેયનાં અંતરમાં અમૃતનાં પીપો ઠલવાય,
પ્રેમદેવ સદેહે ઉતરી
સંસાર પર કુંકુમવર્ણાં પગલાં પાડે
ને સુંદરીના-પુરૂષના દાંપત્ય પર
આશીર્વાદ ઉતારે !

* *

આદર્શ દંપતિને મન દિવ્યતાપૂર્ણ
'સ્નેહી જીવન' ને સ્વર્ગ જુદાં નથી.
નિર્મલ પ્રેમ ને પ્રભુતા ભિન્ન નથી.

* *

આદર્શ સુંદરીઃ સાત્વિકા
મોહરાણી નહિં પણ રસરાણી બને !
રસનાં છાંટણાથીજ પરસ્પરની વાસનાને ભ
એ દંપતિને પરસ્પરનાં સહવાસમાં
કથી કે સમજી ન શકાય,
પણ માત્ર અનુભવી શકાય,
તેવું દિવ્ય સુખ મળે.
એ બન્નેનાં સુખ રસેષણાને આભારી છે
એ રસેષણા પર હોય સંજમની 'બ્રેક'
જે સંયમની નીચે ધુધવતો હોય રસનો સા

* *

વસંત હો કે પાનખર ઋતુ,
સુખની છાંયા હો કે દુ:ખનાં તડકાઃ
બેયમાં પરસ્પરનુ અખંડ સાહચર્ય
સ્વાભાવિક વૃત્તિથી દેવાય,

તે આદર્શ યુગલઃ આદર્શ સહચાર
એ છે શ્રાવિકાનો ભવ્ય સંસાર !

* *

આદર્શ સુંદરી–શ્રાવિકા મુંગી ઘેટીની માફક
પુરૂષની પાછળ પાછળ અંધતાથી દોરાવાને બદલે
સિંહનાં સાથમાં સિંહણનો પડકાર કરેઃ
સિંહની સ્ત્રી સિંહણ જ હોય.
પુરૂષની સ્ત્રી ' ઘેટી ' ન હોય.
તેથી જયવંતા પુરૂષ–આદર્શ વીરની
પત્ની સાચી વિરાંગના બને !

* *

આદર્શ સુંદરી શ્રાવિકા પોતાનું
જીવન સમર્પી પુરૂષના હૃદયને પામે
પુરૂષ સ્ત્રીને આદર અર્પી સુંદરીના અંતરને સમજે
સ્ત્રીના જીવન સ્વપ્નો ધીરજપૂર્વક સાંભળીખીલવે
સ્ત્રીને કાંટો લાગે ત્યાં પુરૂષને પેટમાં દુઃખે.
પુરૂષને પેટમાં દુઃખે ત્યાં સ્ત્રીને શૂળ આવે
એવું અખંડ 'એકત્વ' તે છે આદર્શ સહચાર !

આદર્શ શ્રાવિકા :

પતિ પત્ની એક બીજાનાં હૃદય સાથે,
પોતાનાં હૈયાને વજ્રબંધે સાંકળે.
પ્રેમની જ્યોતિ હરપળે પવિત્ર ને વિશુદ્ધ
નિઃસ્વાર્થતાથી નિર્મળ બનાવી ઝગમગાવે,
પત્ની, પતિને પડતાં બચાવે, ઝીલે.
ઉકળેલા દિલને દીલાસા દે,
પતિને ઉત્સાહ ને પ્રેરણાનું અમૃત પાય,
પુરૂષનાં સખ્ત જીવનમાં 'કુમાશ'નું સિંચન કરે,
જીવન–યુદ્ધમાં એ સારથી બને,
ગૃહ વ્યવહારમાં મંત્રીની ગરજ સારે,
ભોજન સમયે પ્રેમાળ ' માતા ' સમી બ
ને શયનમંદિરમાં સાદી, સુંદર
ને પવિત્ર રસિક આદર્શ ' રંભા ' બને.
એનાં રંભાપણામાં મોહનાં ઝેર નહિં,
પણ રસનાં અમૃત ભર્યાં હોય.
વિમળ રૂપની મૂર્તિમાંથી એ
વિમળ ભાવોની આવિષ્કારક 'વિજ્ઞાનીની' હો
તેજ સાચી સુંદરી ! આદર્શ શ્રાવિકા.

*   *

સુંદરી, પ્રેમ ને સિદ્ધાંત ખાતર બધું સહી હયે
પણ અન્યાયપૂર્ણ વસ્તુ 'સહવા' ખાતર '
સહતાં બંડ જગાવે
સહિષ્ણું બનીને વધુ સુંદર બને
પણ ગમે તેવું 'સહવા ખાતર' સહી લઈ
પોતાનાં 'સ્ત્રીત્વ'ને હરગીજ ન લજાવે !

* *

પરાણે ચાહવો જ પડે,
ને પોતાને 'વહુ' ગણીને કૃપાની રાહે,
નિભાવવી પડે એવા લગ્નમાં એ નજ જોડાય !

* *

આદર્શ સુંદરીઃ અહોનિશ
પોતાના 'સ્ત્રીત્વ' વ્યક્તિત્વને સમજે, ઓળખે,
જે 'સ્ત્રીત્વ'ને શોભાવવા પ્રતિપળ જંખે
અંધશ્રદ્ધાળુ, વેવલી કે પેમલી ન બનતાં
પતિ આગળ પોતાનુ સ્વમાન એ સાચવે.
પતિ આગળ પોતાના સ્ત્રીત્વનુ ગૌરવ જાળવે
'સ્ત્રીત્વ'ની અવહેલના, આદર્શ સુંદરી

સાચી શ્રાવિકા કદાપી સાંખી શકે નહિં!
સ્ત્રીત્વનું અપમાન
આદર્શ સુંદરી કદીય સહી શકે નહિં
એ અસહ્યતાનો વેગ
પ્રેમીને–પુરૂષને પ્રેમભરી શિક્ષા આપે,
અપમાનનો બદલો
સુંદરી–આદર્શ શ્રાવિકા
સંપૂર્ણ દંડથી વસુલ કરે!
એનાં દંડ કે શિક્ષામાંય ચકો ચક પ્રેમ હોય.
એના ગુસ્સામાંય શુદ્ધ પ્રેમનાં આંદલનો ભર્યાં હોય!

* *

ભદ્ર ભદ્ર પુરૂષોએ–પંડ્યાઓએ
સ્ત્રી વિષેના અધમ બકારા કરી
'સ્ત્રીત્વ' ને અપમાનવા ઠેરઠેર યત્નો કર્યાં છે,
સ્થળે સ્થળે 'નર્કની ખાણ' કહીને
પોતાને એ ખાણનાં કોયલા તરીકે સિદ્ધ કર્યાં
તેને પાછા તેજસ્વી કરવા
અને પોતાના 'સ્ત્રીત્વ' ને ચમકાવવા
આદર્શ સુંદરી પ્રતિક્ષણ ઉદ્યમ આદરે!
અને બતાવે–સ્વીકારાવે કેઃ—

રાષ્ટ્રની, ધર્મની, સમાજની,
ભવ્ય સંસ્કૃતિની 'માતા' એક સુંદરી જ છે.
કેળવણી ને સંસ્કારની એ કુબેર ભંડારીણી છે.
વિશ્વ કલ્યાણની એજ ચાવી છે.
સુધા વિહોણી સૃષ્ટિમાં શ્રાવિકા જ સાચી
સુધા છે.
સૃષ્ટિ વિકાસની સહાયક મહાદેવી તે
સુંદરી જ છે.
શ્રાવિકા પૂજ્ય છે; પવિત્ર છે, પાવન-
કારીણી છે.
સુંદરી અંધારીઆ જગતની ચાંદની છે.
યોગ્ય શ્રાવિકા વિનાનું જગત આંધળું છે.
સુંદરી વગર પુરૂષનાં ભાગ્ય ફૂટેલાં છે
શ્રાવિકા જેટલુ સમર્પણ દુનિયામાં કોણ
કરે છે?
સમર્પણનો મહિમા સુંદર રીતે તે મ્હાણે છે.
સંસારનાં લુખ્ખા 'વન વગડાને'—
બળબળતા રણવગડાને
શાંત બગીચામાં ફેરવનારી એક જ એ દયા
મૂર્તિ શ્રાવિકા છે.

* *

આદર્શ શ્રાવિકા

સુંદરીનાં પવિત્ર સૌંદર્યને જોઈ
જેનું પ્રસન્ન ચિત્ત મોહ વિના આનંદ
લઈ શકે,
તે જ સુંદરીનો સાચો પતિ: આદર્શ પતિ
વિકાર નહિં, મોહ નહિં, મોહના ઝેર ના
પણ સુંદરીને જોતા ...શ્રાવિકાને જોતાં
તેનાં પ્રિયતમને પવિત્રતાની તૃષા લાગે,
ઉન્નત આદર્શોની ઝાંખી થાય,
નીતિમાન આંખ ને હૃદય કેળવાય,
તે જ સાચો પતિ. સુંદરીનો સાચો સહચારી

* *

શુભ સાગરનું મોતી તે સુંદરી આદર્શ શ્રાવિકા.
સંસારની શીળી છાંયડી તે સુંદરી.
સંસાર એટલે સંતાપ નહિં,
કે શોકની ફફળતી જ્વાળા નહિં,
સંસાર એટલે વિલાસ કે વિકાર નહિ,
પણ સંસાર....એટલે સુંદરતાનો સંગમ!

પવિત્રતાનાં તૂટેલાં મંદિરો સમારવા
એ છે સંસારી જીવનનું કાર્ય !
'અસુંદર' ને હઠાવી સુંદરતાનાં પીરસણાં કરવાં
એ છે સંસારનું–દાંપત્યનું સાચું રહસ્ય.
સ્ત્રી પુરૂષનાં સ્નેહ એક બીજાને ખેંચે અને
ઉછળતું આત્મ સૌંદર્ય એક બીજાનાં શુદ્ધ,
સૌંદર્યને બોલાવે.
સ્નેહ કે સૌંદર્યના આદર એ છે સંસારનાં પૂજન !
મોહ કે વિલાસમાં રમણ એ છે આળોટવાનાં
ઉકરડાં !

* *

એ સંસારના બે મુખ્ય અંગઃ

સુંદરી ને પુરૂષઃ
સુંદરીથી સંસાર સોહામણો છે.
પુરૂષથી સંસાર તેજસ્વી છે.
પુરૂષના તેજમા શોભા ન હોય,
ને સ્ત્રીની શોભામા તેજ ન હોય.
તો સંસાર એ સડેલું મુડદું બને.
બેયના પૂર્ણ સહચારથી સંસાર જીવન
સ્વરૂપ બને.

* *

પ્રતિપળે જીવનનું નવ સર્જનઃ એ છે
સુંદરીનો સંસાર.
સંસ્કૃતિનો વિકાસ એ છે આદર્શ દાંપત્યનો સાર!

* *

આદર્શ સુંદરી, સંસારનાં ગ્રીષ્મમાં તપે નહિ
કે શિશિરમાં કરમાય નહિ.
ભરતીમાં છલકાય નહિં
ને ઓટમાં ઓસરે નહિં,
તેનાં રસભર્યાં કિનારા સદાય પ્રબલ,
શાંત છે.
રસની લ્હેરે લ્હેરે ઉડતું તેનુ જીવન
સદા 'અભયતા'નો વાયરો પીતું હોય,
નિર્ભયતાનાં ખડક પર ઉભા રહી
સંસારને પડકાર કરતું હોય,
કાવ્યની મોહી ઝરણીઓ ઝરાવતું હોય,
'આદર્શ દાંપત્યના હિમાલય પરથી વહીને'
પૃથ્વીને પાવન કરતું હોય,
એ સચ્ચિદાનંદની પ્રફૂલ્લીત કળાઓ
ખીલવતું હોય સુંદરીનું-શ્રાવિકાનું
સૌમ્ય જીવન !

* *

આદર્શ સુંદરી-શ્રાવિકા

પોતાની ચૈતન્ય પ્રેરતી મધુરપથી
જગત-જીવનનાં અણુએ અણુમાં
મધુરી સુરભિનું સિંચન કરે,
કોમળ પ્રેમ સ્પર્શથી
સખ્ત લોખંડની જંજીરોને તોડે,
પવિત્રતા ને નિર્મળતાનાં પૂજનમાં
પોતાનું સમગ્ર આયુષ્ય ખરચે,
રસ તરસ્યા જગત પ્રવાસીને
નિર્મળ રસ પાઇને તૃપ્તિ અર્પે,
આદર્શ શ્રાવિકા
દાંપત્યમાં પરસ્પરના દોષો પી જઇને
અખંડ ને એક રસ મૈત્રી જાળવે.
અમર્યાદા કે અતિ મર્યાદાથી પર રહી
'સ્ત્રીત્વ'ના વિકાસમાં મહામોલો હિસ્સો આપે,
'સ્ત્રીત્વ'ની ખીલવટમાં જીંદગી હોમે,
સંસારમાં રહેવા છતાં
વાસના સુની યોગિની બની
સંસારી જનોને આદર્શો તરફ વાળે!

યૌવનને સંયમથી મજબૂત જોતરે
યૌવનને અધર્મ નહિં પણ પવિત્ર ધર્મ મા
મોહનાં આસુરી આક્રમણે સામે જૂઝે,
સંયમને જ યૌવનનો સાચો ને સુરેખ
આદર્શ માને !

* *

ઇંદ્રિયનિગ્રહ એ આદર્શ સુંદરીનો
મહામંત્ર છે.
વિશુદ્ધ યુવાની, અમરતા અને દિવ્યતા
એ શ્રાવિકાનું મંગળ સ્વપ્ન છે.
એના વાસના રહિત ગુલાબી આત્માના
સહચારથી પુરૂષને ઓર ઠંડક મળે.
ગુણવંતા ગુલાબની સૌરભથી
જગતની રોતલ શીકલને ખુબ પ્રફૂલ્લીત કરે !
જ્વલંત વ્યક્તિત્વ ને
જાજરમાન 'સ્રીત્વ'ના ચમકારથી
સ્વતંત્ર ને ભવ્ય મનોદશાથી એ
જગતના જીવનમા નવચેતનની ભરતી આણે,
અંતરમાં આશા, ઉલ્લાસ ને તેજ મૂકે,

મનુષ્યોનાં વિચારને નવી દિશા દર્શાવે,
અને પોતાનાં નિર્દોષ પ્રેમની ભઠ્ઠીમાં
બધી અભેદતાઓને ભસ્મ કરી
વજ્ર સમી કઠણતાને પણ પીગલાવે !
તે આદર્શ સુંદરીઃ સાચી શ્રાવિકા.

* *

શુભ ને કલ્યાણનાં ધામસમું
જેનું ગૃહ મંદિર છે, તે જ આદર્શ સુંદરી !

* *

આદર્શ સુંદરી-શ્રાવિકાનો કોઈ શબ્દ
સૌંદર્ય ને સંયમ રહિત ન હોય,
સુદરીના જીવનની કોઇ પ્રવૃત્તિ
કળા ને ઉજ્વલ ભાવ વિનાની ન હોય,
તેનુ સૌંદર્ય ને શૃંગાર, વિચાર ને વાણી
નૈતિક જીવનના વિરોધી ન હોય,
શ્રાવિકાનુ સૌંદર્ય કે શૃગાર વિલાસમાથી નહિ
પણ પવિત્રતાના વાતાવરણમાથી જન્મે.
શૃગાર કે ઘરેણા ગાઠાથી ન સજાય
પણ અતરના પવિત્ર ઓછાયા

દેહ પર પથરાઈ રહે તે જ સાચો શૃંગાર!
સુંદર રીતે જીવવાની ધગશ
તે જ સાચું સૌંદર્ય,
એવી સૌંદર્યવંતી સુંદરી તે જ આદર્શ શ્રાવિકા:

* *

ફેશનના આછકલા વેડા આદર્શ સુંદરીને
ન છાજે,
વિલાસપ્રિયતા આદર્શ સુંદરીને ન શોભે!
કપડાનાં રંગ બેરંગી ઠઠારા
ને ઘરેણાંનાં પોટલા દેહ પર લાદી
પોઠિયો બનવાનું સાચી શ્રાવિકાને નજ ગમે,
રંગીલો 'ગોકળીઓ' થઈને
લચક લચક થઈને વિચારવાનું ન પાલવે,
રંગીલી છબીલી થઈને ફરવામાં
આદર્શ સુંદરીનુ–શ્રાવિકાનુ સાચું ભૂષણુ
ન હોય!
પણ આદર્શોથી રંગાયલા અતર પર
પાવિત્ર્ય ને શીલના પોષક
ચતુરાઇ ને ભવ્યતાના પડછાયા ...

ચોખ્ખાં, સાફ, ને સાદા
શુદ્ધ ખાદીનાં વસ્ત્રો સુંદરીથી પહેરાય:
જે વસ્ત્રોજ જોનારમાં ને પહેરનારમાં
સુધા, સુધા, નરી સુધાજ ભરે.
'સ્ત્રીત્વ' પ્રત્યે પુરૂષોનું માથું નમાવે,
સાક્ષાત્ પવિત્રતાનાં દર્શન કરાવે
પાવિત્ર્યનાં દર્શનથી સંસારને ઠારે
મનુષ્યોનાં અંતરની પવિત્રતાને જાળવવા
જે વસ્ત્રો સદાય સફળતા વરે,
તે જ વસ્ત્રો સુંદરી શરીર પર ધારે.
ફેશનની ફીશીયારીમાં આત્માને કચરવા કરતાં
નિર્મલ ને નિર્દોષ સાદા ખાદીનાં વસ્ત્રો
સુંદરી સજે.
સાદી ખાદીમાં જ સાચી શ્રાવિકા દીપી ઉઠે!

* *

આદર્શ સુંદરી શ્રાવિકા તો
જન્મથી જ સુંદર અવતરી છે
ત્હેની સુંદરતામાં એક પણ કૃત્રિમતાનું
આરોપણ
એ ત્હેની સુંદરતાને ભ્રષ્ટ કરનારૂં છે!

એ સ્વભાવથી જ રૂપસુંદરી છે:
ચામડી સાથે જ—અંતર સાથે જ
ત્હેની સુંદરતા જડાયલી છે.
ત્હેને બાહ્યરૂપનાં થથેરા નકામાઃ
ત્હેને સોના રૂપા હીરા મોતીના મોહ લાગે
તો સવા લાખનાં ૯૦ હજાર કરવા જેવું થાયઃ
સુંદરીની સુંદરતા તેથી જ ખાય ! રે અભડાય !

* *

ટાપ ટીપનાં નાચણવેડા કરતાં

નમ્રતા ને નિર્દોષતાસૂચક
ઉપયોગ પૂરતાં સાદા પરિધાનો સુંદરી સજે!
શ્રાવિકા સાદાઇમા જ સુંદરતા સમજે !

* *

ભભકતા કપડાઃ એ શ્રાવિકાની–

સુંદરીની ભાવનાને લાગેલો મ ઠવાડ છે,
સાદાઈ ને સોહાગ સીચતા સ્વચ્છ ને
સુંદર વસ્ત્રો તે ત્હેના આત્માના
લાલિત્ય-ભાવોસૂચક ર ગો છે

* *

આદર્શ સુંદરી સદાય 'સાદાઇ'માં સુંદરતા શોધે,

યોગ્ય લાજ મર્યાદા જળવાય એવો પોષાક
તે પહેરે !

* *

આદર્શ સુંદરી–શ્રાવિકા ઉંચે ને ઉંચે
ઉર્ધ્વગમન કરનારી અપ્સરા હોય !
ત્હેનાં જીવનમાં ચમક, બુદ્ધિની તિક્ષ્ણતા
ને ચપળતા
Smartness wit & Shewdness હોય,
ફેશનથી ' સુંદર ' બનવાને બદલે
એનાં હલન ચલનમાંથી જ ' સુંદરતા '
ઝરતી હોય,
પવિત્રતા પથરાતી હોય,
ત્હેની બોલવાની શૈલીમાં સ્રીની
સુકુમારતા હોય,
ભાષા સરળ, સરસ છતા
ખૂબ અસરકારક ને અર્થસૂચક હોય.
બોલેલા શબ્દોમા સુદર ગુંથણી,

"સ્વતંત્ર માનવતાનું ચૈતન્ય ત્યાં ઉછળતું હોય,
ત્હેની ભાવનાઓથી પુરૂષમાં
ભાવનાભક્તિ ને કાર્યશક્તિની પ્રેરણા થાય:
પુરૂષની ઈચ્છાનુસાર વાગનારી
ગ્રામોફોનની 'ચૂડી' જેવું હૃદય પલટાઈ જઇ
આદર્શ સુંદરી–સ્વયંભૂ ઉર્મિઓ અનુભવેઃ
ને જીવનનાં સ્વતંત્ર ચૈતન્યથી–
આત્મવૈભવથી જીવે તે સાચી શ્રાવિકા !

*   *

સુંદરીના જીવન વિકાસ પરથી
દેશની સંસ્કૃતિ રચાય,
એ મૂર્તિમંત પ્રેરણામાંથી
રાષ્ટ્રમાં ચૈતન્યની સરિતાઓ વહે !
એની ભાવનાઓ પરથી
દેશનું ભાવી ઘડાય,
એના જ્ઞાન પરથી
દેશનુ પુરૂષત્વ પોષાતું રહે !

*   *

સુંદરતા, નમ્રતા, તેજ, લાગણી ને રસ હોય
વાણીનાં ફુલ ઝર વિંપે
વાણીની મધુરતા સાંભળનારને મધુર બનાવે,
એની ચાલ; અંગનાં હાવભાવ,
વાતચિત ને ઉઠવું બેસવું
સર્વમાં હોય એક પ્રકારનો કળાભર્યો
ઘનગનાટ !
ત્હેનાં સૂરમાં ભરી હોય નિર્દોષ મોહકતા.
સુંદરીનુ સાચું સૌંદર્ય તે ત્હેનું હૃદય છેઃ
એનુ હૃદય એ જ સૌંદર્યની ખાણ છેઃ
હૃદયને આદર્શોથી રંગી સૌંદર્યને ખીલવે
તે જ સાચી સુંદરી છે

* *

શ્રાવિકાનું હૈયુ સદાય વસંત રંગી હોય

ત્હેના નિત્ય જીવનમાં નૂતન રંગો ઉતરતા રહે,
જીવનમાં વસંત બારે માસ ખીલી હોય,
સુગંધીઓ રાત દિન ત્યાંથી પ્રસરતી હોય,
ને જગતમા ને જીવનમા જે
'સુંદરતા'ની–નિર્મળતાની પરબો માંડતી હોય
તે આદર્શ સુંદરી.

*

આદર્શ સુંદરીના અંગે અંગમાંથી
વિષય વાસનાને પીઠ દેવાથી
ઓજસનાં ફૂવારા ઉડે છે,
એજ ત્હેનું સાચું સૌંદર્ય છે.
મનોહર સુવાવસ્થાની એ આલ્હાદ પ્રેરતી રાણી છે
આત્મતત્વની વર્ષાનાં ફોરાં
ઝીલનારી એ દિવ્ય ભૂમિકા છે.
મહત્વાકાંક્ષાની પાંખ પર ઉડતું
નમ્ર હૃદયથી સ્હામાને વશ કરતું ત્હેનું વદન છે
યૌવનનાં ભારથી જે કચરાતી નથી
કે યૌવનનાં જોશને
નમાલા અધ્યાત્મમાં વેડફી નાંખતી નથી.
ત્હેના જીવન વ્યવહારની અંદર દેહની
પ્રત્યેક ગતિમાં
અલૌકિક ડોલન વ્યક્ત થાય તે શ્રાવિકા.
સાચી સુંદરી ‘ પાકશાસ્ત્ર ’માં નિપુણ હોય.
વિવિધ પ્રકારની આરોગ્યવર્ધક રસવતીઓ
બનાવવાની
ત્હેનામાં કળા ભરી હોય.

* *

સુંદરતા, નમ્રતા, તેજ, લાગણી ને રસ હોય
વાણીનાં ફુલ શર વિંધે
વાણીની મધુરતા સાંભળનારને મધુર બનાવે,
એની ચાલ; અંગનાં હાવભાવ,
વાતચિત ને ઉઠવું બેસવું
સર્વમાં હોય એક પ્રકારનો કળાભર્યો
થનગનાટ !
ત્હેનાં સૂરમાં ભરી હોય નિર્દોષ મોહકતા.
સુંદરીનું સાચું સૌંદર્ય તે ત્હેનું હૃદય છેઃ
એનું હૃદય એ જ સૌંદર્યની ખાણ છેઃ
હૃદયને આદર્શોથી રંગી સૌંદર્યને ખીલવે
તે જ સાચી સુંદરી છે

* *

શ્રાવિકાનું હૈયું સદાય વસંત રંગી હોય

ત્હેનાં નિત્ય જીવનમાં નૂતન રંગો ઉતરતા રહે,
જીવનમાં વસંત બારે માસ ખીલી હોય,
સુગંધીઓ રાત દિન ત્યાંથી પ્રસરતી હોય,
ને જગતમા ને જીવનમા જે
'સુંદરતા'ની—નિર્મળતાની પરબો માંડતી હોય
તે આદર્શ સુંદરી.

* *

તંત્ર માનવતાનું ચૈતન્ય ત્યાં ઉછળતું હોય,
ંની ભાવનાઓથી પુરૂષમાં
ાવનાભક્તિ ને કાર્યશક્તિની પ્રેરણા થાયઃ
રૂષની ઈચ્છાનુસાર વાગનારી
ામોહિનની ' ચૂંડી ' જેવું હૃદય પલટાઈ જઇ
ાદર્શ સુંદરી–સ્વયંભૂ ઉર્મિઓ અનુભવેઃ
। જીવનનાં સ્વતંત્ર ચૈતન્યથી–
ાત્મવૈભવથી જીવે તે સાચી શ્રાવિકા !

* *

સુંદરીના જીવન વિકાસ પરથી
દેશની સંસ્કૃતિ રચાય,
એ મૂર્તિમંત પ્રેરણામાંથી
રાષ્ટ્રમાં ચૈતન્યની સરિતાઓ વહે !
એની ભાવનાઓ પરથી
દેશનું ભાવી ઘડાય,
એનાં જ્ઞાન પરથી
દેશનું પુરૂષત્વ પોષાતું રહે !

* *

સુંદરી–શ્રાવિકાની સાચી કેળવણી
ત્હેનાં ચારિત્ર્ય પાવિત્ર્ય સ્ત્રીત્વ અને
ગૌરવભર્યો આત્મા ઘડે,
આત્મામાં વિશેષ મધુરતા ભરે,
મૌનમાંય મધુરતા ઉતારે,
પ્રસંગે પ્રસંગે તેમાં વિજળી ચમકાવે,
રસિકતાનો જીવન ધર્મ સમજાવે,
પહાડનાં જેવી મુશ્કેલીઓ સામે નિડરતાઃ
એકલા ઝૂઝવાનો ઉત્સાહ ફૂંકે
ચૈતન્યહિન એક ઘરેડમાં ચાલવાને બદલે
સ્વતંત્ર ને ચૈતન્યભર્યા પંથે પ્રેરે
જીવનમાં એક નહિં, બે નહિં
માત્ર શૃંગાર, વીરતા કે કરૂણા રસ નહિં
પણ નવે રસનો સંગમ કરાવે
તે સુંદરની આદર્શ શ્રાવિકાની સાચી કેળવણી

* *

સાચી સુસંસ્કૃત સુંન્દરી [illegible] વિકા
મન બુદ્ધિ ને હૃદય [illegible]

"સ્વતંત્ર માનવતાનું ચૈતન્ય ત્યાં ઉછળતું હોય,
ત્હેની ભાવનાઓથી પુરૂષમાં
ભાવનાભક્તિ ને કાર્યશક્તિની પ્રેરણા થાયઃ
પુરૂષની ઈચ્છાનુસાર વાગનારી
ગ્રામોફોનની 'ચૂડી' જેવું હૃદય પલટાઈ જઈ
આદર્શ સુંદરી–સ્વયંભૂ ઉર્મિઓ અનુભવેઃ
ને જીવનનાં સ્વતંત્ર ચૈતન્યથી–
આત્મવૈભવથી જીવે તે સાચી શ્રાવિકા!

* *

સુંદરીના જીવન વિકાસ પરથી
દેશની સંસ્કૃતિ રચાય,
એ મૂર્તિમંત પ્રેરણામાંથી
રાષ્ટ્રમાં ચૈતન્યની સરિતાઓ વહે!
એની ભાવનાઓ પરથી
દેશનુ ભાવી ઘડાય,
એના જ્ઞાન પરથી
દેશનુ પુરૂષત્વ પોષાતું રહે!

*

સુંદરી-શ્રાવિકાની સાચી કેળવણી
સ્ત્રીનાં સાહિત્ય પાવિત્ર્ય શીલ અને
ગૌરવભરી આત્મા ઘડે,
આત્મામાં વિશેષ મધુરતા ભરે,
મૌનભાવ મધુરતા ઉતારે,
પ્રસંગે પ્રસંગે તેમાં વિજળી ચમકાવે,
રસિકતાનો જીવન ધર્મ સમજાવે,
પહાડના જેવી મુશ્કેલીઓ સામે નિડર
એકલા ઝઝૂમવાનો ઉત્સાહ દે કે
ચૈતન્યવિહિન એક પરદામાં સાતવાને બદ
સ્વતંત્ર ને ચૈતન્યભર્યા પંથે પ્રેરે
જીવનમાં એક નહિં, બે નહિં
માત્ર શૃંગાર, વીરતા કે કરૂણા રસ નહિ
પણ નવે રસનો સંગમ કરાવે
તે સુંદરની આદર્શ શ્રાવિકાની સાચી કેળવ

 

સાચી સુસંસ્કૃત સુંદરીના-શ્રાવિકાનાં
મન બુદ્ધિ ને હૃદય ખીલ્યા હોય,

સ્વતંત્ર માનવતાનું ચૈતન્ય ત્યાં ઉછળતું હોય,
ત્હેની ભાવનાઓથી પુરૂષમાં
ભાવનાભક્તિ ને કાર્યશક્તિની પ્રેરણા થાયઃ
પુરૂષની ઈચ્છાનુસાર વાગનારી
ગ્રામોફોનની ' ચૂડી ' જેવું હૃદય પલટાઈ જઈ
આદર્શ સુંદરી–સ્વયંભૂ ઉર્મિઓ અનુભવેઃ
ને જીવનનાં સ્વતંત્ર ચૈતન્યથી–
આત્મવૈભવથી જીવે તે સાચી શ્રાવિકા !

* *

સુંદરીના જીવન વિકાસ પરથી
દેશની સંસ્કૃતિ રચાય,
એ મૂર્તિમંત પ્રેરણામાંથી
રાષ્ટ્રમાં ચૈતન્યની સરિતાઓ વહે !
એની ભાવનાઓ પરથી
દેશનું ભાવી ઘડાય,
એના જ્ઞાન પરથી
દેશનું પુરૂષત્વ પોષાતું રહે !

*

શ્રાવિકાનાં પત્નીભાવમાં છલોછલ પ્રેરણા હોય,

માતૃભાવમાં અકથ્ય હોંસ ને ઉમળકો હોય,
ભગીનીભાવમાં પ્રફૂલ્લતા પાંગરી હોય,
ને સહચારભાવમાં રસિકતા ખીલતી હોય!
સૌનાં જીવનમાં સરસ રંગો પૂરે
ને પુરૂષની ભવ્ય ભાવનાઓની સહચરી
ને કાર્ય કરનારી દિલોજાન સખી બને!

* *

ગૃહરાજ્યની એ રાણી
સુંદરીનાં ગૃહિણી ભાવ ઉન્નત હોય,
તેજસ્વી ને ચેતનવંતી ભાવનાઓ ઉછળે,
આંચમાં મદને સ્થાને માર્દવતા ટપકે,
ચહેરામાંથી 'ઉછાંછળાપણા'ને બદલે
'શીતળતા' ઝરે,
સંસારને સુઘડ ને વ્યવસ્થિત, પવિત્ર
ને 'દોઢતો' બનાવવો એ તેનાં હોય ઉન્નત
ગૃહિણી અભિલાષ!
આદર્શ સુંદરી–શ્રાવિકા કોમળ છતાં કઠણ હોય

મીઠી ને પ્રતાપી અંજાવે તેવી હોય.
એની શીલજન્ય દૃઢતા ને મૃદુતા મર્દોનાં
માથાં નમાવે:
ઉછળતી ભાવનાઓ અને
તે ભાવનાને પાર ઉતારવાનું તેનામાં બળ હોય.
લોચનનાં પવિત્ર પ્રતાપ ને નિશ્ચલતા
ભલભલા મદવાળાનાં સામર્થ્યને પીગળાવે!
એનું નિર્મળ ને તેજસ્વી હાસ્ય
પરમ યોદ્ધાનાં ગાત્રો ગળાવે!
હેની પવિત્ર દૃષ્ટિની અણીઓ
ચમરબંધીનાં માનને છેદી અંતરની
આરપાર ઉતરે.
અને શબ્દનો રણકારો
વાતાવરણમાં સભરતા, મધુરતા પ્રસરાવે,
તે જ આદર્શ સુંદરી-સાચી શ્રાવિકા.

* *

સુંદરીની ભાવનાને સંતોષ મળે,
હેની ઉર્મીઓને વેગ મળે,
તેના વિચારને પ્રોત્સાહન પ્રાપ્ત થાય.
તેનાં જીવનમાં 'સ્ત્રીત્વ'નું ગૌરવ સ્થપાય

અને પુરુષોની ભાવનામાં
એ પુરેપુરી સમાનતા મેળવે
તો સુંદરી આ જીવન
સંસારમાં અચૂક સ્વર્ગ— ઉતારે! ઉતારે જ!

* *

આદર્શ સુંદરી—શ્રાવિકામાં ભરેલી એક
પ્રકારની ચારિત્રની મનોહર સુવાસ
સૌનાં ચિત્તને પ્રસન્ન છે
એનું વિષય અને મનોનિગ્રહનું બળ
અનેક સંયમ તૃષ્યા પુરુષોને
સંયમ પંથે દોડાવે છે
એના વ્યક્તિત્વમાં વીજળીનાં ઝબકારા થાય,
એનાં અત્યંત નિર્મળ, પવિત્ર ને પ્રબળ
વિચારો
જગતમાં 'શક્તિ'ના સાક્ષાત્ દર્શન કરાવે,
યૌવનની આકાંક્ષા ને ભાવનાથી
એનું જીવન સદાય ચકોચક ભરેલુ હોય,
મન વચન ને કાયાના પવિત્ર આંદોલનો

જ્હેના સંસારમાં સ્વર્ગની સોહાગ સિંચતા હોય
એનું જીવન પ્રતિક્ષણે પ્રત્યેક પરિસ્થિતિમાં
દરેક વસ્તુમાં પવિત્રતાયુક્ત સૌંદર્યનાં
દર્શન કરે ને કરાવે.
પ્રફુલ્લતા ને વિનોદનું વાતાવરણ એ સર્જે
'આદર્શ સૃષ્ટિ'નું સ્વપ્ન દર્શન કરતાં કરતાં
સડેલી રૂઢી ને શુષ્ક માન્યતાઓ સામે
ઉગ્ર—અતિ ઉગ્ર અસંતોષ દાખવે
નિર્માલ્ય સમાજ રચના સામે 'બળવા'નો
'અગ્નિ' ફેલાવે
ને નવું સર્જન કરવાને સુંદરીનો આત્મા
થનગને!
નૂતનતાની ઉપાસનામાં
વિકાનુ દિલ દોડયા કરે!

*

આદર્શ શ્રાવિકાના દાંપત્ય જીવનમા
વિલાસની બદબો નથી,
ત્યા તો પવિત્ર પ્રેમની વૃષ્ટિ થાય.
ત્યા સ્નેહની સૃષ્ટિ રચાય.

વિકાર નહિં પણ રસ ઝરે છે
મોહ નહિં, વાત્સલ વહે છે,
'મ્હારા'માંથી 'અમારા'માં ઉતરી
દાંપત્યમાં અખંડ *Harmony* ઐક્ય સાધી
રસ, યૌવનને શક્તિથી ભરપૂર,
અખંડ રસ સમાધિ સેવતાં સેવતાં
સંસાર યાત્રામાં પ્રયાણ આદરે,
Will & Intelect શક્તિ ને બુદ્ધિનાં
સંયોગથી
આદર્શ પુરૂષત્વ–આદર્શ સ્ત્રીત્વના યોગથી
જન્માવે આદર્શ પુત્ર રત્ન !
યૌવનની તેજસ્વી શક્તિઓના ઉછાળા પછી
અને એ શક્તિને કાબુમાં લેવાને
અદ્ભુત સંયમ કેળવી
એ આદર્શ યુગલ–પતિ પત્ની 'અખંડ'
તપના અંતે
તેજસ્વી સંતાનની પ્રાપ્તિ કરી સમર્પે.
દુનિયાને દેવાશી 'નર' આપે !
વર્ષે વર્ષે 'કચડાં બચડાં' અણુશલાઓ
પેદા કરવા કરતા

નવ નવ મહિને 'પેટાં'ની સુવાવડો
કરવા કરતાં
બાર વર્ષે એ એક 'સિંહ'ને જન્માવે !

*

માટીનાં ઘડા બનાવવામાંય
આવડત–કળા જોઈએ !
તો 'મનુષ્યો' પકાવવાની
સુયોગ્યતા ને કળા સુંદરી સાધે જ;
'વિષય' ખાતર પ્રજા પેદા કરવી
એ 'દામ્પત્ય'નું મહા કલંક છે.
પણ દીર્ઘ કાળનાં બ્રહ્મચર્યને અંતે
સદ્દગુણના આરાધન રૂપી તપ તપીને
પ્રજા ખાતરજ માત્ર હોય સંયોગ–પ્રસંશનીય !
એવું જ્યાં સમજાય... ..
ત્યાં જ મહાવીરો ને નેપોલીયનો
અવની પર અવતરી 'માતૃત્વ'ને નૂર
આપે છે !
સાચી શ્રાવિકા આ સુત્રો નિશદિન
હૃદયમા ધારીને જ સંસાર પથે પડે !

*

માતાપિતાનાં બધાં સંસ્કારો
ગુણ ને દોષો સંતાનમાં ઉતરે છે
તેથી પોતાની જ ભૂમિકા શુદ્ધ કરી
'વિશુદ્ધતા'ની મૂર્તિસમા દેવાંશી
ધીર, વીર, ગંભીર પુત્રો પેદા કરે
તે આદર્શ સુંદરીઃ સાચી શ્રાવિકા.

* *

આદર્શ સુંદરી 'રસ' ને શક્તિની સમાધિરૂ
પોતાનાં દાંપત્યને-લ્હેરાયા સિવાય
યોગ્ય ઉંમરે, ને સંપૂર્ણ શક્તિ
પ્રાપ્ત કર્યા પહેલાં
'માતા' બનવાના લ્હાવા 'લાવા' લઈને
પોતાનાં સૌંદર્યને વેડફે નહિં, યૌવનને
નિસ્તેજ કરે નહિં,
જીવનને અભડાવે નહિ,
ખીલતા સ્રીત્વને કરમાવે નહિ,
તે તો આત્મ સૌંદર્યને 'સ્રીત્વ'ની
ગરવી જ્યોતિ નીચે

પુણ્ય ભાવવાની ગંગા–શીતળ ગંગા વહાવતાં,
પરસ્પરનાં મિલનથી મધુરતા પીતાં પીતાં
યૌવનને પવિત્રતાથી જાળવતાં જાળવતાં,
ચેતનશાલી સંયમનો વાયરો પીતાં પીતાં,
'દાંપત્ય' ને આનંદથી મ્હાણે !
યૌવનનાં હિલોળે હિલોળે ઉછલતા
યૌવનની લ્હેરે લ્હેરે ફરતાં
યૌવનનાં ઝબકારાં કરતાં કરતા
જેનાં ઉદરમાંથી ભીમ ને ભીષ્મો પાકી શકે,
મહાવીર ને બુદ્ધો જન્મી શકે,
બાહુબલી ને ભરત ચમકારા કરે,
તિલક ને ગાંધી પેદા થાય,
પ્રતાપ ને શિવાજી ઉત્પન્ન થાય,
નેપોલીયન ને ટોલસ્ટોયનો પ્રકાશ થાય,
લેનીન ને મુસોલોની પ્રગટે,
કમાલપાશા ને અમાનુલ્લાખાં અવતરે,
એ સુંદરીનો સંસાર ધન્ય છે.
એ શ્રાવિકાનું ગર્ભાધાન ધન્ય છે !

*

*

જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર,
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.
એ સ્ત્રીઓએ સમજવાનું છે!

* *

સંયમશીલ તપસ્વીની એ શ્રાવિકા:
Superman પુરુષોત્તમ જન્માવવા
'આદર્શ સ્ત્રી' બની રહે.
'મહાવીરો' ને પેદા કરવા એ 'ત્રિશલા' બ
'કૃષ્ણ' ને જન્માવવા એ 'યશોદા' બને
પોતાને 'મનુષ્યત્વ' ઘડનારી એરણ માને
'મનુષ્યત્વ' ની મૂર્તિઓ એ ઘડી જાણે.
એવી નવનવા યુગના 'માનવ' ઘડનારી
એ મહાશક્તિ તે સાચી સુંદરી
આદર્શ શ્રાવિકા જ છે!

* *

પુરુષનાં વીર્યથી સ્ત્રીની વેલ વધે,
સુંદરીનાં પયપાનથી 'પુરુષત્વ' નો વિકાસ થ

એક પ્રજા પેદા કરે, બીજી પ્રજાનું ભાગ્ય ઘડે
ઉછેરે છે પોતાના કેસરી–સિંહને
પોતાનાં સિંહણી–તેજીલા દૂધથી:
દિવ્યતાના ધાવણ તેજ ને પરાક્રમ પ્રગટાવે છે.
પુત્ર પુત્રીને પેદા કરતાં પહેલાં
'જવાબદારી' સમજી
પુત્ર પુત્રીને પોતાના પ્રાણ ખરચી પોષે છે!
ભીમ ને ભીષ્મ, મહાવીર ને કૃષ્ણ સમા
શિશુઓનાં પારણાં ઝલાવનારી એ માતા બને
ચતુર સીતા ને પ્રતાપી દ્રૌપદી
બ્રહ્મસ્વરૂપી બ્રાહ્મી ને શાણી સુલસા
સુભદ્રા ને ચંદનબાળા
દમયંતિ કે જોન ઓફ આર્ક જેવાં સ્ત્રી રત્નો
આદર્શ સુંદરીની કુંખમાંથી જ અવતરે:
શ્રાવિકા એવા રત્નોની જ ખાણ હોય!

* *

પુરૂષ એ કેવળ સંસારનો વેઠીયો નથી,
કે 'ગગાનો બાપ' કહેવાજ માત્ર સરજાયો નથી.
સ્ત્રી એ ઘરની 'ચાકરડી' નથી

કે 'ગગા ગગી' ની મા જ થવા ઘડાણી નથી,
એ તો બંને શક્તિનાં વિવિધ પાસા છે.
પરસ્પરને સહાયક એ બે શક્તિઓ છે.
બેયનાં સહચારથી સંસારમાં વિજળી પેદા થાય
બેયનાં યોગથી દુનિયામા 'જીવ'
મનુષ્ય રૂપે જન્મે
એ 'જીવ' માં 'જીવન' ઉભરાય
તો જ એ જંતુ નહિં પણ મનુષ્યો બને.
તો જ એ પુત્ર પુત્રીઓ ચેતનવતા સિંહો બને.
તો જ સુંદરીનાં દાંપત્યનું મીઠું ફળ
પાકયું કહેવાય,
તો જ શ્રાવિકાની-દાંપત્યની કળા ખીલી કહેવાય

* *

બાળકનું પ્રથમ દેવમંદિર

એ માતાનું-સુંદરીનું મુખડું છે.
તેથી એ સુંદરીનાં ચહેરા પર જેટલું
ચેતન ઉભરાય,
તેટલુંજ ચેતન તેના પુત્રમાં પ્રેરાશેઃ
[illegible]

તેવું જ માનસ સંતાનોમાં ઉતરશે.
જેવાં પુસ્તકોનું વાંચન કરવા માતા દોડશે
તેવાંજ પુસ્તકો પુત્રોને વાંચવા પ્રેરશે.
આદર્શ ભાવનાઓ, ભાવો ને સુંદર વિચારો
સંસ્કારી મનોદશા ને ચારિત્રનું તેજ
'માતામાં જે હશે
તેજ સંતાનોમાં ઉતરશે....
કુવામાં હશે તો જ " હવાડા "-માં આવશે.
માતાનાં સંસ્કારો જ ' બાળક ' માં અવતરે છે.
તેથી ' માતાની ' ' રીતભાતો ' પરથી જ
બાળકોનું ભાવી ' મનુષ્યત્વ ' ઘડાય છેઃ
પ્રચંડ શક્તિઓનાં બી ત્યાંથી જ રોપાય છે.
' નેપોલીયન ' ની સુસવાટા કરતી
પત્થરોને ફોડતી ડુંગરાઓને ડોલાવતી
અને આખા યુરોપને ધ્રૂજાવનારી પ્રખર
' ઇચ્છા શક્તિ '
જન્માવનાર એની માતા-માતા જ છે
સોળ વર્ષની વયે
સારાય ફ્રાંસ દેશની 'કમાન્ડર ઇન ચીફ' બની
દેશનાં-સ્વાતંત્ર્યને માટે વીરતાપૂર્વક લડનાર
' જોન ઓફ આર્ક '

નામની વીર બાળા પાકે, એ તેની માતાનું
કૌશલ્ય છે,
તેથી માતા એ જ બાળકનું
પહેલું ને છેલ્લું જ શારદા મંદિર છે.
માતા જ બાળકની વ્હાલી શિક્ષીકા છે.
માતા જ 'ભાવિજીવન'ની મધુર આશા છે.
રે! માતા જ દેશનો, વિશ્વનો
ઉદ્ધાર કરાવનારી જીવંત પ્રેરણાશક્તિ છે.
'મનુષ્યત્વ'નાં પાણી પાનારી એ જ 'શરાણ' છે.

* *

આદર્શ સુંદરી એવી માતા હોય,
સાચી શ્રાવિકા એવી જ માતા હોય,
તે પવિત્ર ને પ્રેરક શક્તિ હોય,
કુમળા હાથે બાળકોના 'બાળતત્વ'ને ખીલવે
હૈયાના હીરે પ્રજાને ઉછેરે,
જ્ઞાનની ગંગા એની દિવ્ય વાણીમાંથી વહે.
શૌર્યની સરિતાનાં દૂધ ધાવણમાંથી પાય.
પવિત્રતા ને શૌર્યનાં પાન કરાવે.
ત્રાડો મારી ગગનને ગજાવે તેવા
નરસિંહો બનાવે! બહાદુર કેસરી તે પકાવે!

*

*

પુત્રોને કોમલાંગી નહિ, વેવલા નહિં.
નમાલા–નિસ્તેજ અધ્યાત્મિઓ (!) નહિં,
પેટ ઘસી જીવન પુરે કરનારા
દીસુખી અણુસળાઓ નહિં
કે 'અહિંસા' ની ચાદર નીચે
સુરક્ષિતતા સાધનારા કંગાળો નહિં
પણ પુત્રોનાં તેજસ્વી વજ્રાગ રચવા
એ આદર્શ સુંદરી 'શ્રાવિકાના' માતૃત્વનો
પહેલો રણકાર.

* *

પગલે પગલે પૃથ્વીને ફોડી શકે,
તેવા બહાદુરો રચવા એ તેનું સુરમ્ય સ્વપ્ન
પુત્રોનાં દેહ અને આત્માને લોખંડી બનાવ
એ સાચી શ્રાવિકાનો મહાન્ આદર્શ છે.
અને વીર્યનાં સાગરો પીઈ પીઇને પછી
વીરોચિત 'અહિંસા'ના અમૃત પાય
તે સાચી સુંદરી.

વિષય તૃપ્તિ કરીને પાંચ દશ...
મીયાઉં મીયાઉં જન્માવવા.
કે તુચ્છ નાજુક પૂતળાંઓ પેદા કરવાનું
'આદર્શ સુંદરી'ની કલ્પનામાંય ન હોય.
'મનુષ્યત્વ'નું ઘડતર ને 'સ્ત્રીત્વ'નું
ગૌરવ જાળવવું
આ તેનાં જીવનનું મહા આનંદી કાર્ય હોય;
'સ્ત્રીત્વ'નું ગૌરવ કેમ જળવાય ને.
'મનુષ્ય'માં-બાળકમાં કંઈ જાતનાં
સંસ્કારો રેડવા—
સંસ્કારો રેડી રેડીને 'મનુષ્યો' ઘડવા
'સ્ત્રી સુલભ' કળાને કેમ દીપાવવી
એનાં જ ચિંતનમાં 'સુંદરી'નું દિલ
'મસ્ત' હોય !
એનાં જ વિચારમાં 'શ્રાવિકા'નું મન
રમતું હોય !

*

આદર્શ સુંદરી-શ્રાવિકા
વિશ્વનાં—રાષ્ટ્રનાં સંતાનોને

પુરૂષાર્થનાં પિયુષ પાનારી સાચી નારી છે.
એનાં કોમળ હાથથી ને સુકુમાર-હથોડાથી જ
અનેક વજ્ર મૂર્તિઓ–વીર પ્રતિમાઓ ઘડાણી છેઃ

* *

એ ભલે સ્રી છે, સુકુમાર છે.
પણ કોહીનૂરો ને તેજસ્વી વીરોને પકાવનારી
એજ ખાણુ છે.
એનાં અંતરમાં છૂપી શક્તિનાં ભંડાર ભર્યા છે.
એ શક્તિનાં તીરેથી જ
અનેકમાં પુરૂષાતન પ્રગટયું છે.
અનેકમાં જ્વલંત પ્રતાપ ઉતર્યા છેઃ
હજારોને પ્રેરણાઓ મળી છેઃ
લાખોને ' જીવન 'ની બક્ષીસ થઈ છે.
એ શક્તિ સંચારિણી
શુદ્ધ દિલની મધુર માતા તે જ
' આદર્શ સુંદરી ' છે.
' મનુષ્યત્વ 'ના વિધાનની એ મીઠી માલણ છે.

* *

આદર્શ શ્રાવિકા તન મન ને ધનથી
પુત્ર પુત્રીઓને કેળવે, દિવ્ય સસ્કારથી ઓપે,

પુત્ર ને પુત્રીઃ બન્નેને સમાન કક્ષાએ સ્થાપે,
બન્નેમાં 'સમાન ભાવ'નું આરોપણ કરે,
બન્નેમાં 'ભ્રાતૃ વાત્સલ્ય' જગાવે,
તેમનાં જ્ઞાન ને બુદ્ધિ વિકસાવવા
રાત દિનનાં ઉજાગરાઓ સેવેઃ
શરીરમા વિશેષ શક્તિ ને ચૈતન્ય પ્રગટી
બની શકે તેટલો સક્રિય ભોગ આપે,
પુત્રને શક્તિ અને શૌર્યના પાઠો આપે,
તેના માનસમા સ્વાતન્ત્ર્યના બીયાઓ રોપે
સ્વાતન્ત્ર્યની જ ખનાઓ જગાડે,
સબળાઓનો સાથ કરતા શીખે,
અબળાઓને બળ ધીરવા પ્રેરે,
પોતાના પગ ઉપર ઉભા રહેતા શીખવી
જગતમાં જ્યા જ્યા અન્યાય ને અત્યાચાર
પાખંડ ને પાપોના પૂજ જામ્યા હોય
તેની સામે 'જૂજવા'–લડવાની કવાયત શ
મરણનાં ભોગે 'ન્યાય'ની સ્થાપના કરવા કે
અને ગુલામીયત સામે ગર્જના કરતા કર
ગુલામીયતનાં પાયાઓ ખોદવાનુ પાઠ ન
એ જ આદર્શ સુંદરીઃ માતાઃ સાચી શ વ

* *

પુત્રીને એ માતા.
પ્રેમનાં–સ્નેહનાં–પવિત્રતાનાં પીણાં પાય.
શાણપણ ને ચાતુર્યની શિખામણો આપે.
શીલ ને સંયમનું ગૌરવ સમજાવે,
પુરૂષોને પ્રેરણા પાવાની કળા શીખવે.
ધીરજ ને સહનશીલતાનો રસ રેડી,
અન્યાય સામે ઉગ્રતા દર્શાવવાનું સમજાવી
તેનામાં પ્રચંડ આશાવાદ પ્રેરે.
ગૃહ વ્યવહારનાં કામકાજમાં કેળવે!
ભોજન ને પાણી તેનાં હાથથી તૈયાર કરાવે,
એના જીવનમાં સાચો 'જીવ' મૂકી
રસ, કળા, ને ચેતનનાં છાંટણા છાંટી
પોતાનાં આત્માનું બધુંય અમૃત
પુત્રીમાં સિંચે તેજ આદર્શ સુંદરી! શ્રાવિકા!

* *

આદર્શ સુંદરી! સાચી શ્રાવિકા
સુંવાળા, કુમળા, બાળકોને સુંદર રીતે કેળવે,
હળવા હાથે બાળકના જીવન ઘડે,
કોમળતાપૂર્વક તેમાં નવનવા રંગો પુરો

ભૂખી રહીને બાળકોને પોષે
દુઃખ વેઠીને સંતાનોને જ્ઞાનસમૃદ્ધ બનાવે
સાત્વિક રહી બાળકને 'ચારિત્ર' થી ચમક
બાળકને તેની પાસેથી ખસવાનું મન ન થા
એટલું વાત્સલ્ય એના અંતરે ઉભરાતું હોય
એવા સ્નેહથી બાળકની જે સાચી શિક્ષિકા
'પુત્રપુત્રી' ની સર્વ શક્તિઓ પૂર્ણપણે ખી
એજ જેના માતૃત્વની મહા આશા હોય.
પુત્રપુત્રીઓને સુંદર સંસ્કારવંતા, સદાચારી
બનાવવા એજ જેના માતૃત્વના અભિલાષ હો
તે જ આદર્શ સુંદરીઃ એ જ સાચી માતા!

*

આદર્શ શ્રાવિકાનું
સાચું નૂર ને હીર
તેનાં સંતાનોમાં ઉતરે જ.
તેનાં જીવનનું સમસ્ત તેજ
પુત્રપુત્રીઓમાં સોળે કળાએ તપી રહે,
એ જ હોય તેનું સાચું માતૃત્વ!

* *

એ સુંદરીઃ આદર્શ શ્રાવિકા
શીલ ને સૌભાગ્યની તેજસ્વી પ્રતિમા છે,
શક્તિ ને સાહસમાં ધડકેલનારી એ મુંગી
  ગજલ છે.

એનો આત્મા ભાવનાશાળી
એનું જીવન ભાવનાશાળી
એનું માતૃત્વ ભાવના મહોરતો આંબો છે,
એનું 'સ્રીત્વ' 'ભાવના ફળ' પકાવનારી
  વેલ છે.

* *

સુંદરીનું-આદર્શ શ્રાવિકાનું
જીવન એ મીઠી વીરડી જેવું છે.
પ્રતિપળે નવીનતાના મધુર નીર વહાવવા,
એ તેની સુંદર પ્રકૃતિ છે.
મંગળ સ્મિતથી એ સૌને નમાવે,
મૃદુ લહેકે 'મનુષ્યો'ના જીવનને જગાડે,
અંધકારમાંથી પ્રકાશમાં લઇ જાય,
નિરાશામાંથી જગાડી ચેતનવા દેતી જાય

એ અબળા નહિં પણ સદાય 'સબળા'
સ + બળા જે અનંત શક્તિવતી હોય,
કસાયલા બદનની ને
મજબૂત મનની એ સ્ત્રી હોય,
તંદુરસ્ત–વિશેષ તંદુરસ્ત શરીર નિત્ય બ
તેમાં આત્મ સૌંદર્યની શીતળતાને બાળ
સ્ત્રી સુલભ કસરતથી સૌંદર્યને ખીલવે
આત્માનાં સૌંદર્યને તત્ત્વ ચિંતનરૂપી માન
વ્યાયામથી વિકસાવે
ને દેહ સૌંદર્યને 'ગૃહવ્યાયામ'થી ખીલા
સુંદરી માને કે ખરૂં સૌંદર્ય અંદરનું-ભીતરનું
બહારનું નહિં, ટાપટીપમાં નહિં
કેળવાયલા મગજ ને સંસ્કારી હૃદયમાંથી
કસાયલા બદન ને નિરોગી મગજમાંથી
ચહેરાપર સૌંદર્યનો પ્રકાશ ઝળહળે છે
સુંદરી એવા સૌંદર્યનેજ જખે છે

*

આદર્શ આવિષ્કાર–
સુંદરી પવિત્ર સૌંદર્યની સાથે [illegible]

એનું શીયળ લૂંટાતા
બ્રહ્માંડનાં પાયાઓ ડગમગે,
શ્રાવિકાના કરનાં કંકણો
અનેક કામીઓના કાળજાં કંપાવે,
એનાં હાથની ચૂડીઓ
અનેક વિષયી મર્દોનાં માથાં રંગી શકે,
પોતાના 'સ્ત્રીત્વ' ના અપમાનમાં
ચક્રવર્તિનાય એ તાજ ડોલાવી શકે.
ઇંદ્રોનાં ઇંદ્રાસનો ડોલાવવાની શક્તિ–
તેનાં, 'સતીત્વ' ની ખુમારી–આંખોમાં
બેઠી હોય.

સામ્રાજ્યોને ધ્રૂજાવવાની તાકાદ
એ સુંદરીનાં એક આંસુમાંય ભરી હોય!
સુંદરીમાં કોઇ કોઈ વાર પ્રગટતા શૌર્ય આગળ
મહાપુરૂષોને ય પોંચા કરડવા પડે છે!!!

* *

જેની વેણી છૂટતા મહાભારતો રચાય,
ને ચીર ઉતારના કુરૂક્ષેત્રોના ઘમસાણ મચે
એ 'સ્ત્રીત્વ' ના ગૌરવથી ગાજતી
ને જીવનના નૃત્યો જીવતી તેજ આદર્શ સુંદરી!

* *

એ બળવાન સાચી શ્રાવિકાની ચક્ષુમાં
'સતીત્વ' ની જ્વલંત રોશની છે.
'શીલમંત્ર' તેના આત્માપર કોતરાયલો છે!
નીતિબળ તેનાં પગલે પગલામાં છેઃ
નયનબાણો, પાખંડીના પાખંડને છેદી
પાખંડીની 'પુણ્ય મૂર્તિઓ' સરજે છે.
પાશવીજનોને ય પ્રભુપંથે પ્રેરે છે.
એ રાજેમતીઓ અનેક ડગમગતા રહે
નેમીઓને સુમાર્ગે મોક્ષપંથે પ્રેરે છે.
ને સમસ્ત સંસારનાં અણુએ અણુમાં
નિર્મળી છાંટી સંસારને નિર્મળો બનાવે છે

*　　　*

સુંદરીનું જીવન માત્ર હોય
પવિત્રતા ભરી આનંદ લીલા,
તેનું જીવન માત્ર છે ચેતનના ફુવારા!
સ્વપ્ન ને રમતા ઝરણાં ! ઝરતાં હોય
અમૃતના ત્યાંથી સદ્ભાવ કે નમુના!

ગમે તેવી વિષમ સ્થિતિમાંય
આદર્શ સુંદરી-શ્રાવિકા આશાવાદને હારતી
 નહિં
એના અંતરમાંથી ' આસ્થા ' ઓસરતી નથી.
એ સુખ દુઃખમાં સમતોલતા કેળવે,
સુખમા રાચે નહિ દુઃખથી ડરે નહિં
સુખને સેવી સુખનો બીજાને ભાગ આપે,
દુઃખને સહી બીજાનો ભાર ઉતારે!
દુઃખને સુખ રૂપ બનાવી સુખનાં સૌને
 ભાગીયાં બનાવે,
તેજ આદર્શ સુંદરી-સાચી શ્રાવિકા છે!

* *

આદર્શ શ્રાવિકા-એ વીરાંગના
' ભય ' શબ્દને ય ઓળખતી નથી
પૃથ્વીના પ્રારબ્ધ ઘડનારી એ માતા
' ભય 'ને ઓળખે જ શાની!
એના અતરના આરે આરે
' નિર્ભયતા ' નિર્ભયતાની ઘેરી છાયડી છે!

એની સાડીનાં તાંતણે તાંતણે
સત્ય ને શીયળત્વનો તાણોવાણો છે.
સાડીની કિનારે કિનારે
'શીલ'ને સ્પર્શવા આવનાર દુર્જનોને
દઝાડી મારનારી પ્રચંડ અગ્નિની છાપ છે.
એના 'સ્ત્રીત્વ'નું અપમાન કરનારને
બાળીને ભસ્મ કરનારો અપ્રગટ
જ્વાલામુખીનો 'લાવા:' તેનાં આત્મામાં
ભર્યો છે !

* *

એના જીગરમા કોમળતા, આર્દ્રતા, લાગણી,
ને વીરતા છે.
નિષ્કલંક યશસ્વી જીવન જીવવાની તમન્ના છે;
પ્રકૃતિમાં અનંત યૌવનનો ઝબકાર છે ને
પુનરૂત્થાનની પ્રેરણાનો સંદેશ ત્યાંથી સાંપડે છે,
તે સુંદરી આદર્શ શ્રાવિકાની
'શિયળ ને ચારિત્ર્ય' એ ખાસ મિલકત છે,
'સેવા' એ તેનો શ્વાસ હોય,

'પ્રેમ ને ત્યાગ' એ તેની સહચારીણીઓ હોય,
'સ્વાર્પણ'નું ઉન્હું ઉન્હું લોહી તેનામાં
ફફલતું હોય,
ને પ્રેમની ઠંડી લહરીઓ અંતરમાં ઊઠતી હોય
તે શુદ્ધ પ્રેમનાં વાયરામાં વિચરતાં વિચરતાં
'અર્પણ'નો-ભોગનો મહિમા ભણી
અર્પણની અલૌકિક મીઠાશ એ ચાખે!
જીવનમાં કળાનું વિવિધ કોતર કામ કરી
આત્મામા દિવ્ય લાવણ્યને પ્રતિપળ રેડે!
તે જ સાચી સુંદરીઃ આદર્શ શ્રાવિકા છેઃ

* *

સુંદરીની માનસવાડી સદાય વસંત જેવીઃ
તપેલાને છાયડી આપે,
બળેલાને શીતળતા આપે,
પ્રેમ તરસ્યા સંસારને પ્રેમનાં પાન કરાવે,
ને પવિત્રતાના દર્શનથી
માનવ સમૂહને પવિત્રતાની મહા પ્યાસ જગાવે,
થાકેલા પ્રવાસીને આરામ આપી સાચો
માર્ગ બતાવે,

ને સૃષ્ટિમાં સુખ ને શાંતિનાં
માનવતા ને પવિત્રતાના પાયાઓ
ધરબવા જે મુંગી મુંગી પ્રેરણા કરે
તે આદર્શ શ્રાવિકા !

* *

ગુલાબી યૌવનથી ભરેલા તેનાં
ચમકતાં ચહેરા પર પ્રભુને ઠંડો સ્પર્શ જોઈ
તેની પાસે શયતાન આવતાં થથરે !
પવિત્રતાનુ મૂર્તિમંત રમણીયત્વ
તેની કલ્યાણ મુદ્રા પર પથરાયું હોય
જે જોઈને સડતાં 'પશુઓ'ય સુધરે !
દેવ મંદિરના ધૂપદાનની સુગંધી જેવો
સુંદરીનો મીઠો સ્વભાવ
સંસારમાં સર્વત્ર સૌરભ પ્રસરાવે
તેનો સુદર ને સુંવાળો સ્વભાવ
સર્વત્ર સુધા છોળો ઉછાળે
ને ચદન ઘોઘ જેમ સૃષ્ટિને તે
ચંદનની સુગંધથી ખૂબ સભર બનાવે
તે સાચી શ્રાવિકા. આદર્શ સુદરી !

* *

ધૂપદાનીની સુગંધી દૂરથી જ લેવાય
સ્પર્શવા જઈએ તો દાઝી મરાય !

* ૭

સુંદરી એ સ્પર્શવા જેવી વસ્તુ નથી.

દૂરથી જ એની સુગંધી પમાય.
નિર્દોષ રહીને જ શ્રાવિકાની સુંદરતા પીવાય.
'વાસના ત્યાગી' થીજ તેની પવિત્રતા
સમજી શકાય

* *

આદર્શ શ્રાવિકા

ગાય ત્યારે સ્વર્ગને અહીં ઉતારે,
તેનાં મધુર કંઠમાથી મધુરતાની ગંગા વહે.
એક એક શબ્દ શ્રોતાનાં હૃદય નાદને હલાવે,
એકેક લયની લહરી સાંભળનારમાં શુદ્ધિની
ઝણઝણાટી લાવે,
એ ગાય ત્યારે વસંતની કોકીલા યાદ આવે,
હૃદયમા રસ ને પવિત્રતાનુ સિંચન કરે,
અંતરમા પોઢેલા દેવને કળાથી જગાડે,
'દેવ' ને 'દેવત્વ' ફોરવવાને પ્રેરણા કરે !

* *

સૃષ્ટિનું સમસ્ત શબ્દ માધુર્યનું ઝરણું

સુંદરીનાં કંઠમાં ભર્યું હોય,
સૃષ્ટિનાં સૂતેલા ચેતનને જગાડનારૂં
તત્ત્વ તેના અવાજમાં ઉભરાતું હોયઃ
એના લલકારમાં નિર્દોષતાનું તાન હોય,
ને સ્ત્રી સહજ કોમળતાના મેઘ વરસતા હોય
એ શ્રાવિકાનાં કંઠમાંથી–
એનાં દેહ મંદિરમાથી આત્મ દેવનો રણકા
નીકળે
આત્મ દેવની સુવાસના, શબ્દો દ્વારા નીતરે
ને 'સ્રીત્વ'નાં ગૌરવની
પુનઃ પ્રતિષ્ઠા કરવાનાં ચોઘડીયાં વાગતાં
સભળાય !

* *

આદર્શ સુંદરી, શ્રાવિકાના શબ્દો એ
શબ્દો નહિ
પણ કાવ્યમય લાગણીનો પ્રવાહ છે
મને માધુર્ય પવિત્રતા ને સ્રીત્વની

એ વહેતી ગંગા છે.
એનાં પ્રેમની ધૂન આકાશ ને પાતાળ સુધી ફેલાય
માધુર્યનાં મોજાંઓ જમીન આસમાનને એક કરે,
પવિત્રતાનાં ફૂવારા ને
સ્રીત્વની રોશની ચોમેર ફળદ્રુપતા સંચરાવે
ને સુશીલતા અને કળાની પીંછીથી
જગતનાં જીવન પર રંગીલું ચિત્રામણ કરે,
તે સુંદરી!

* *

સુંદરીનાં સ્નેહને કોઈ દેશ કાળનાં બંધન નથી.
સુંદરીનાં ચારિત્રને કોઈ નમાવી શકતું નથી.

* *

સંસારની એ માધુરી! સુંદરી! શ્રાવિકા
રસ પ્રભુતામાં તેનું નિત્ય 'રમણ' હોય.
સ્નેહ સરિતાને કાંઠે એ સંસાર યોગીનીના
'દાંપત્ય'ની ઝુંપડી બંધાઈ હોય
વહેતા નીર પીઈ સરિતા સમા નિર્મળ બને:
સંતોષના સમુદ્રમાં સદાય ખેલતા રહી

તૃષ્ણાનાં દૈત્યોને હાંકી મૂકે,
પ્રકૃતિ સાથે અવિરત જંગ ખેલીને,
પ્રકૃતિને પોતાની કરે—જીતી લ્યે !
આપત્તિઓ કે અંતરાયોને હસતા વદને ભેટે !
ને આશાનો વાવટો ફરકાવતાં ફરકાવતાં
વિચારમાં ને જીવનમાં 'કર્મણ્યતા' ને ઉતારે
તે આદર્શ સુંદરી: સાચી શ્રાવિકા !

* *

સંસારમાંથી દુઃખનાં બાવળીયાં કાપી
સુખનાં ગુલાબો રોપવાજ
સુંદરીઓ જગતમાં જન્મી છે:
કલેશ કંકાસની કરૂણાને હાંકી
નિર્મળ હાસ્ય ને પવિત્રતાની સરિતાઓ
વહાવવાજ શ્રાવિકાઓ સંસારમાં ઉતરી છે:

* *

એ સુંદરી ! પ્રત્યેક સુંદરીને પ્રશ્ન છે
સંસારમાં તું કેટલા કેટલા સુંદર બાગો સરજીશ ?
શ્રાવિકા ! પ્રશ્નનો જવાબ અંતરને આપજે !

આદર્શ શ્રાવિકા–સુંદરી
એ પ્રત્યેક યુગમાં નવ યુગની
નવી અદ્‌ભૂત સ્ત્રી બને,
નવા જમાનામાં પોતાનું 'નવજીવન' ઘડે.
એની પ્રત્યેક પ્રવૃતિ પાછળ
નૂતન સ્વપ્ન દર્શનનું પ્રેરણા બળ હોય,
એનાં દરેક વિચારો પાછળ
ચાલુ વાયરાનો અભ્યાસ હોય,
નૂતન કલ્યાણ સૃષ્ટિ સરજવાનો
એ પરિશ્રમ કરે.
માનવ સમાજને જીંદગીનો આદર્શ આપવા
એ છૂટથી પોતાની શક્તિઓ ખરચે,
ગાઈની ખાતર ગુલામી જીવન જીવવા માટે
પોતાની સ્વાધીનતા, સુંદરી ન ખૂએ,
પોતાનાં નિર્મળ સ્વાતંત્ર્યની આડે આવનારને
એ માનવ વિકાસનો વિરોધક માને !
ખોટી વિચાર–સરણી, ખોટી માન મોટાઈ કે
કુરૂઢીઓને ખોટી ઘરેડની ગુલામી સુંદરી
ન જ સેવે
આત્મ ઘાતક રીત રિવાજો ને ખોટી માન્યતામાં

પોતાના આત્મ સૌંદર્યને શ્રાવિકા ન ચીમળાવે
મૃત્યુ–' રૂદન 'નાં છાજીયાનાં કૌશલ્યને
દૂર કરે !

રોવાનું ' પાપ ' એ હરગિજ ન સેવે,
સુંદરી તો પોતાનાં જીવનમાંથી–
જીવનની સુંદર સ્વતંત્ર લીંટીઓ દોરી આનંદથી
અદ્ભૂત નિર્દોષ મોહિની પ્રસારતાં જીવે ને ખીલે:

* *

આદર્શ સુંદરીનાં–શ્રાવિકાના હાથમાં

નિર્મળ કર્તવ્યની ચાતુરી હોય,
એની જીભમાં મીઠાશ ને વાણી સંયમ હોય,
' વસ્તુ ' નો વિવેક કરવાની તેના અંતરમાં
કળા છે.
' વિચાર શક્તિ, ' ત્હેની બુદ્ધિને હરનિશ
ચમકાવે છે.
એના દ્રષ્ટિપથે સદાય કલ્યાણ માર્ગો તરવરે છે.
મગજમાં ઓજસ્વી કલ્પનાના ભર્યા ભંડાર
પડયા છે

* *

દિવ્ય આત્મ સૌંદર્યનાં ધ્વજ,
આદર્શ સુંદરીનાં જીવન વ્યવહાર-ગઢ પર
ફરકતાં હોય.
સાત્વિક સંપત્તિની ચક્રવર્તિની બની સંસારમાં
સાત્વિકતાની લ્હાણીઓ શ્રાવિકા કરતી હોય,
અમૃતનાં અભિષેક કરતું હોય તેનુ મીઠું હાસ્ય
ઉચ્ચ ભાવનાથી ચેતનની સીડીએ એ ચઢતી હોય
ચતુરાઈનાં સઢ તેની સંસાર નૌકા પર ફરફરે
સંયમનાં સુકાનથી એ સુંદરી આગળ
ધપતી હોય!
શ્રાવિકા દિવ્યતાનાં ધામમાં દોડતી હોય!

*

જીવન આપનાર માટે સુંદરી જીવન હોમે,
જીવન સહચારી માટે શ્રાવિકા જીવન સમર્પે!
એનાં પ્રેમમા વિકારનો સ્પર્શ નહિં,
કે મોહની ગંધ નથી,
પણ વિકારનો સ્પર્શ થતાં પહેલાં
મૃત્યુને સત્કારવાનુ મહાન બળ ઉછળે છે.

*

પ્રિયતમની વફાદાર સ્ત્રી તેજ આદર્શ શ્રાવિકા છે,
ને પ્રિયતમને વફાદાર બનાવે તેજ
સાચી સુંદરી છે

સુંદરીની આત્મન્ કુંજમાંથી છૂટતી સૌરભ
પુરૂષની પ્રકૃતિ પર ચડેલા ઝેરને ઉતારે,
હૈયાને હળવા, રસાલ બનાવે!
ત્હેનાં વ્યર્થ જુસ્સાને શાંત કરે,
શબ્દોથી પ્રોત્સાહનનું નવજીવન પાય,
સાદા સ્વચ્છ જીવનમાં સંતુષ્ટ રહીને–
પુરૂષને ય તેમાં વસાવી સંતોષનાં અમૃત પાઈ
ગૃહને સોહાવતી તે સાચી ગૃહીણી બને.
ભર્તાનું બહુમાન સાચવતા સાચવતાં
'મહા દેવી'નું પદ પોતે પામે તે સુંદરીઃ
તે જ સાચી શ્રાવિકા છે!

* *

પુરૂષ ને સ્ત્રી એક બીજાને સાચવે.
પુરૂષ સરદાર ન બને, સ્ત્રી સેવિકા નહિં,
પણ બન્ને સાચા મિત્રો બને!
એક બીજાનાં ધર્મ, શરીર, ને નીતિની રક્ષા કરે
ને એક બીજાનાં સંસ્કારો
પ્રફૂલ્લતાથી, ખીલવે તે આદર્શ દાંપત્ય!

* *

સુંદરીને-શ્રાવિકાને પોતાની જવાબદારીનું
ભાન હોય,
ગૃહવ્યવસ્થાનું સંપૂર્ણ જ્ઞાન હોય,
એક બીજાઓની પવિત્ર વાંછનાઓ ને
શક્તિને પારખે,
પરસ્પરની આશા ને ભાવનામાં ભાગ લ્યે,
તે આદર્શ સુંદરીઃ તે આદર્શ પત્ની.

* *

સાચી સુંદરી દિલ ખુલ્લું રાખી
સર્વદેશીય જીવન જીવવામાં લ્હેજત માનેઃ
પ્રતિપળે વધારે ને વધારે સંસ્કારી બનેઃ
વ્હેમમાંથી વિજ્ઞાનમાં પ્રવેશેઃ
અગમચેતી ને વ્યવહારિકતાને જીવનમાં
જાગૃત રાખે,
ચાતુરીથી ભલભલા ચાણક્યોને પાણી ભરાવે
અને મહાન આદર્શો રચી.
તેને પાર પાડવાનુ બળ કેળવે;
પોતાના માનસિક વાતાવરણના
બધાય ફેરફારોની પ્રમાણિક નોંધ એ રાખે.

ચિત્તપર સંપૂર્ણ કાબુ ધરાવી
ઇચ્છાઓ પર ‘ આધિપત્ય ’ જમાવે અને
લાલસાઓને ભસ્મ કરવાની અગ્નિ જલતી રાખે
તે જ આદર્શ સુંદરીઃ સાચી શ્રાવિકા છે.

* *

આદર્શ શ્રાવિકાઃ
જ્ઞાન, ધ્યાન, ને અભ્યાસની સંપૂર્ણ તપશ્ચર્યા કરે,
મનમાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપે,
હાથમાં કર્તવ્યની ઉગ્રતા ધારે,
દિલમાં આદર્શોનો આતશ પ્રગટાવે,
વિવેકપૂર્વક જીવનવ્યવહાર ચલાવે.
થોડું પરંતુ વિચારપૂર્વક બોલવાની ટેવ રાખી
સૌનું ‘ કલ્યાણ ’ ચાહવું ને કરવુ એ તેનો
પરોપકાર હોય.

* *

અજ્ઞાનીને જ્ઞાન તરફ દોરવા
એ શ્રાવિકાનાં પરોપકારનો પહેલો પાઠ છે.
ખાવા પીવા માટે ‘ જીવન ’ નહિ
પણ ‘ જીવન ’ માટે ‘ ખાવા પીવા ’ તું તે
સમજે છે.

પૈસાને માટે જીવન નહિં પણ
જીવન માટે 'પૈસો' માને છે.
આત્માનાં ગુણોનો એ સદાય વિચાર કરે છે,
ભીતરનાં ચેતનની શક્તિઓ સ્ફુરાવે છે
અને સર્વ જીવોને 'आत्मवत् सर्व भूतेषु'
પોતાની સમાન ગણે છેઃ તે સાચી શ્રાવિકા છે.

*　　　*

આદર્શ સુંદરી લોભ કે સ્વાર્થને વિસારે,
દાન ને પરમાર્થને પ્રતિદિન વિકસાવે,
શ્રદ્ધા ને વિવેકથી દરેક વસ્તુનાં માપ કરે
અને પોતાનાં આત્માની
અનંત શક્તિપર સંસારમાં સંગ્રામ ખેલે!
મનનાં વ્યાપારને ક્ષણે ક્ષણે પવિત્રતાનાં રંગ દે
ચિત્તની તરંગોને શાંતિનો પાઠ આપે.
વાણી, વિચાર ને વર્તનમાં
સ્ત્રીત્વને ગૌરવ મળે તેવી તેજસ્વીતા ને
　મધુરતા સેવે,
સ્વચ્છતા ને પવિત્રતાના રંગો ઉતારે,
'જ્ઞાનગુરૂ'ની ઉપાસના કરે!

મનનાં વિચારો ને ભાવનાઓને જ
ધર્મ કર્મનાં બીયાં માની
વિચારોને વિશુદ્ધ રાખવા સદાય
એ સાત્વિક ને નિર્દોષ આહાર કરે છે.
રાજસી ને તામસી સ્વભાવ જન્માવનાર
તામસીક ભોજન નહિં પણ
બળ, બુદ્ધિ ને સાત્વિકતાવર્ધક
નિર્દોષ, સાત્વિક એ ભોજન કરે,
ચિત્ત શુદ્ધિ વિના જ્ઞાન નથી,
તેથી ચિત્તને શુદ્ધ રાખવા એ કાળજી રાખે છે.
અને વાસના ત્યાગમાં જ સાચી મુક્તિ માની
જીવનની રહી સહી વાસનાઓને ક્રમશઃ
ઓછી કરે છે.
તે સાચી સુંદરીઃ આદર્શ શ્રાવિકાઃ

* *

શ્રાવિકા એ કોઇ
એક દેશ, સમાજ કે કાળની સ્ત્રી નથી,
એ તો સદાય અવનવીન છે.
સર્વ પ્રદેશની એ રાણી છે.

સર્વ સમાજમાં એનો અવતાર છે.
એનો ઝળકાર બધાંને આંજે
પણ કોઈથી એ અંજાતી નથી.
જગતને સ્પર્શ કરે છે
છતાં તે અંતરથી, સૌથી અસ્પર્શ રહે છે.
એ બધાને ભેદે છે, કોઈથી ભેદાતી નથી.
કમળ સમી કોમળ છતાં વજ્રથીય હણાતી નથી.
જીવનમાં લજ્જાનાં ધામ હોય છતાં
કોઈથી ડરી જાય તેવી તે પોચી નથી
એનાં સહવાસથી મનુષ્ય સુસંસ્કૃત, સુશીલ
ને ઉન્નત બને છે.
શુદ્ધ ને પવિત્ર મનોદશાને સૌ પાવન કરે છે.
એ બોલે ત્યારે મનુષ્યોમાં
ચેતન ને ઉત્સાહ રેડાય છે,
એ મૌન હોય ત્યારે પણ
તેના સૌમ્ય કાન્તિવાન ચહેરામાંથી
ચેતનના ચમકારા–ચેતનનાં સંદેશ સંભળાય છે.

* *

સુંદરીનું નિર્મળ ચારિત્ર
એ જ સુંદરીનું સાચું જીવન છે.

શ્રાવિકાની નિર્દોષ મનોદશા
એ જ શ્રાવિકાનો પવિત્ર ઇતિહાસ છે.

* *

ફૂલની પાંખડીથી યે કોમળાંગી હોય, છતાં
જેનું સ્ત્રીત્વ આગની કારમી જ્વાળાઓમાં
કંચનવત્ પ્રકાશી રહે,
કસોટીનાં પત્થર પર તેનું 'સુંદરત્વ'
સોએ સો ટચનો રંગ આપે.
જીવનમાં 'સ્ત્રીત્વ'ને પ્રતિક્ષણ ઝબકાવ્યા કરે
કરમાયલા 'સ્ત્રીત્વ'ને નવપલ્લવિત કરવા
જે અહોનિશ ભાવના ભાવે,
કાર્ય પ્રદેશે 'સ્ત્રીત્વ'ને કસીને ઉજ્વલ બનાવે,
તે જ આદર્શ સુંદરીઃ સાચી શ્રાવિકા.

* *

સંપૂર્ણ ઈચ્છાશક્તિ (Will) પૂર્વક
'સતીત્વ'ના અચલા ઓઢવાથી
અગ્નિ તેને–સુંદરીને પ્રજાળી શકતો નથી.
લાલચો તેને લલચાવી શકતી નથી,
દારૂણ દુઃખના દાહ તેને પીગાળી શકતા નથી.

વિકારો તેને સતાવી શકતાં નથી.
એ તો સદાય શીલનાં ગઢમાં સુરક્ષિત હોય
આર્યત્વની ઉજ્વળ પ્રતિમા સમી એ સ્ત્રી
નારી જગતની ઝગમગતી રસ જ્યોત છે,
સદાય જલ્યા કરે–કદીય બૂઝાય નહિં–એવી
તેનાં અંતરમાં શુદ્ધ પ્રેમની દિવ્ય જ્યોત છે.
એ જ્યોતે જ્યોતે
જગતને અજવાળતી એ વિચરે,
શીલનાં તેજે તેજે
પોતાનો માર્ગ કાપતી આગળ ધપે
તે જ આદર્શ શ્રાવિકાઃ સાચી સુંદરી.

* *

એનો પ્રેમ–સ્નેહયોગ હિમાલયજેવો અચળ
ને તેનું સતીત્વ ધરતી જેટલું નિશ્ચળ હોય
સુંદરીની ચક્ષુનાં તેજ વજ્રથી ય વિશેષ
શક્તિવંતા હોય.
ને 'શેષ' નાં એક જ સુસવાટે તેનામાં
પૃથ્વીને 'ખેદાન મેદાન' કરવાનો તાપ હોય.

* *

ગરીબાઈથી શ્રાવિકા શરમાય નહિં
કે ગૌરવ વેચી પૈસાદાર થવા
સુંદરીનું મન હરગિજ લલચાય નહિં,
તેની ગરીબાઈમાં ભરપૂર ગૌરવ હોય.
તેમાંથી ગૃહીણી કળા ખીલવવાનાં પ્રસંગો
શોધતી હોય,
તેની 'સાહેબી' માંય નિર્મળતા હોય
નિર્મળ જીવનપર નમ્રતાનો ઓપ હોય
ગરીબીનાં દુઃખો સમજવાનું હૈયું હોય
ને પોતાના સુખોમાંથી
બીજાને હિસ્સા આપવાની મનોદશા હોય
તે જ આજર્શ સુંદરીઃ સાચી શ્રાવિકા

*

શ્રીમંત છતાં ધરતીથી ઉંચા જેના પગ નથી
ગરીબ છતા ગૌરવ છોડી ક્યાંઇ 'યાચના'
કરતી નથી.
ધનનો મદ નથી, ને જેના અ તરમા પોતાની
ગરીબાઈના આસુ નથી.
તે જ આદર્શ સુંદરી સાચી શ્રાવિકા

*

*

આદર્શ શ્રાવિકા દયાની દેવી હોય
અનુકંપા એના અંતરમાં છલોછલ ભરી હોય
જગતનાં દુઃખી જનોને જોઈ એ પીગળતી હોય
અંદરની આર્દ્રતા તેને 'દાન' તરફ દોરતી હોય
એ દાન કરે દયાપાત્રોને—
દયાપાત્રોનેય ' દાને શ્રી ' બનાવવાઃ
રોટલાના ટુકડાઓ નાખી નાખીને
સદાય કંગાળ સ્થિતીમાં
દયાપાત્રોને ' ઠીંગુજી ' રાખવા તે નજ ચાહે
દયાપાત્રોને સદાય ' પારકી ' દયાપર
જીવવાની સ્થિતિમાં રાખવાનું 'પાપ'
તે ન જ સેવે !
તેથી સુંદરીની દયા, દયાપાત્રને આગળ ધપાવે
ઉન્નતિનાં માર્ગ પર વાળે
તેને યોગ્ય રસ્તાપર દોરી જાય ને
પ્રામાણિક ' જીંદગી 'થી આ જીવિકા
ચલાવવાનું શીખવે !

*   *

આદર્શ સુંદરીનાં શબ્દકોષમાં
'નિરાશા' ને સ્થાન નથી
'પાખંડ'નાં પડછાયાનો સ્પર્શ નથી.
'ગુલામ' જીવનની કલ્પનાય નથી
એ તો સદાય આશાભરી સુંદરી
પુણ્ય ને પવિત્રતાનાં પ્રતિબિંબ સમી સુંદરી
સ્વતંત્ર આભનું ઉડતું પંખી તે શ્રાવિકા!

* *

હિંસા શબ્દનેય તેના
મનોરાજ્યમાંથી દેશવટા મળેલાં હોય
મન, વચન, ને કાયાથી કોઈનેય
દુઃખ ન દેવાનાં હોય તેને 'અભિગ્રહ'
કપટ કે માયા
દગા કે ચૂગલી
અસત્ય ભાષણ કે નિંદાનાં દૈત્યોને
તેનાં આદર્શ જીવને હણ્યા હોય,
પોતાનુ ને પરનુ ભલુ કરવુ
એ જ સુંદરીની–શ્રાવિકાની–સુંદર 'ધૂન' હોય

* *

યૌવન સુલભ ઉત્સાહ, જ્વલંત બુદ્ધિબળ,
પ્રખર આશાવાદ, ગગનવિહારીપણું ને
હૃદયની ઋજુતાનાં સુંદરીમાં દર્શન થાય.
આત્મ સૌંદર્યની સ્પર્ધા કરવાની
ઈચ્છા જાગૃત હોય.
ગુણાનુરાગ દૃષ્ટિથી 'ગુણ' જ માત્ર
પી જવાની ગુણવંતી મનોદશા હોય,
ને તેનામાં નીર-ક્ષીર પારખવાનું
હંસનું વિવેકભર્યું જ્ઞાન હોય.
વિષાદની છાયાય શ્રાવિકાને ન સ્પર્શે
તુચ્છતાની ડાકીનીઓ દૂરથી નાસતી ફરે
પામરતા કે માનસિક નિર્બળતાનો
તેનામાં સંપૂર્ણ અભાવ હોય.
નિરાશ 'હૈયાની' એ સુંદરી એક આશા છે.
અંતરનાં અનેક ઉન્નત આદર્શોની ભંડારીણી છે.
મનમા અનેક ભવ્ય સ્વપ્નાં ભર્યા છે
ઉત્સાહનો તો એ ઉછળતો મહાસાગર છે
ગગન-વિહાર ઉન્નત માર્ગ વિહાર
એ તેનું સાચુ 'સામાયિક' છે
'સમતા'ના એરોપ્લેનમા ઉર્ધ્વગમન

એજ તેનાં ' શ્રાવિકાધર્મ 'નો મહા સિદ્ધાંત છે.

*   *

સાચી સુંદરી—શ્રાવિકા

દુન્યવી તુચ્છ ઝગડાથી સદાય દૂર રહે
છતાં અન્યાયની સામે અવિરત જૂઝે
જીવન પરમાર્થને સમજે
જીવનને ક્રિયા માર્ગે પરમાર્થમાં વહેતું રાખે
' પ્રમાદના ' પાપને તે પાતાળમાં દાટે
' જડવાદ 'ને ઉખેડીને ફેંકી દે
આધ્યાત્મિકતાનાં આભાસ અથવા
પ્રાણઘાતક જડવાદથી સદાય દૂર રહે.
આત્માની ' અનંત શક્તિ 'ઓ તે સમજે
એ શક્તિને સ્ફુરાવવા–પ્રગટાવવા મથે
કર્તવ્યની વેદીપર ' હોમાઇ ' જવાનું ચાહે
ને ' કલ્યાણ 'ની કયારીઓમા
પગલાઓ પાડતાં પાડતાં જીવે તે સુંદરી
એ જ આદર્શ શ્રાવિકા·

*   *

સુંદરી શાન્તિનુ સાક્ષાત્ સરોવર છે.

એ ઘડી ઘડીમાં ઉશ્કેરાય નહિ
કે વારંવાર 'અશાંતિ'નાં તાવડે તળાય
એ તો શાંત-સૌમ્યતાભર્યા ચહેરે શાંત !
"શાંતિ ! શાંતિ ! શાંતિ !
જગતનાં થાકેલાં પ્રવાસીઓ
થાક ઉતારવા અહીં આવજો !
સુંદરીનાં શ્રાવિકાનાં—જીવનતીરે શાંતિ છે
ત્હમને તે પવિત્ર શાંતિનાં જ પાન કરાવશે
ત્હમારા થાક ઉતારશે
સાચી શાંતિ—ચેતન ભરી શાંતિના
સાચા પિપાસુઓજ તેનાં પાન કરશે."
આ સુંદરીનો સંદેશ છે
પણ..........પણ !
સુંદરી વિફરે ત્યારે ?
તેનાં ચારિત્ર કે ગૌરવને જોખમાતું બચાવવા
શ્રાવિકા વિફરે ત્યારે ?
ત્યારે એની આંખમાંથી તણખાં ઝરે
બળબળતા અંગારાઓ તેમાંથી છૂટે
પુરૂષનું પૌરુષ ઢગલો થાય
ગાત્રો શીથીલ બની જાય,

મર્દો ને 'મર્દાનગી' છોડી ચાલી જાય,
ચોમેર વિજળી-વિજળી પ્રસરે
એ અગ્નિ અસહ્ય હોય
એનો તાપ જોનારને પ્રજાળતો હોય,
ને સુંદરીનાં 'સ્રીત્વ'ની
ગૌરવતાથી પ્રતિષ્ઠા કરી,
હસતે વદને પાછો સંકેલાતો હોય
તેથી ઓ માનવીઓ!
સુંદરીને સંતાપશો તો—
સુંદરીના ચારિત્રને સ્પર્શવા જશો તો
ભૂંડે હાલે દાઝી મરશો,
સુંદરીનાં તેજને—ચારિત્રને વિકસાવશો તો
સુંદરીનાં આશીર્વાદ
ત્હમારા ચહેરાપર 'જય'ની જ્યોતિ સ્થાપશે
અંદરનાં આત્માની ક્રાંતિ બહાર ખેંચી લાવશે
હૃદયમાં રમ્ય લહરીઓ પેદા કરશે,
ને જીવનમાં રસમંજરીનાં ઝણકાર થશે!

* *

સુંદરીના સત્કારમાંજ

સૃષ્ટિનાં સૌભાગ્ય જળ ઉભરાતાં હોય
શ્રાવિકાનાં ગૌરવ વિકાસમાં જ
દોજખની 'સાચી દુનિયા' બનતી હોય !

* *

સુંદરીની આંતર–શાંતિય એવી પ્રબળ હોય
કે મનુષ્યોના અહમ્ ગળી જાય
સુંદરીનો તાપ એટલો સખ્ત હોય કે
પાખંડીઓનાં પુદ્‌ગલો ય પીગલી જાય !
એના તાપની જ્વાલા દીશાઓને ડોલાવે,
એની શાંતિનાં હીમ ગમે તેને ઠારે.

* *

સુંદરીનાં ઉચ્ચારણો
મધુરપની મૂર્છા પાય.
જગતનાં ક્લેશ કંકાશને હટાવી તે
માધુર્યની ગેબી પાંખ પર ઉડાડતાં હોય !

* *

એ જ સાચી સુંદરી–શ્રાવિકા છે કે
જેનું વ્યોમ જેટલું વિશાળ હૃદય હોય,
'સર્વ કલ્યાણ' ચાહતી તેની ચક્ષુઓ હોય,

'સ્ત્રી ભાવ' નાં ગૌરવથી તે છલબલાતી હોય,
વીરજનની (વીર+અંગના) વીરાંગના બની
ફૂલ શી મધુરી ફોરમતી ફોરમતી
સિંહણનાં જ્હેનાં કોમળ કંઠમાંથી નિકળે
પડકાર !
સિંહનાદ ઝીલી શકે, ને
સિંહણ ગર્જન કરી જાણે
વિમલ સ્નેહાંજલીથી પતિના પાય ધોવે; ને
વિશુદ્ધ પંચામૃતથી પતિનાં હાથે અભિષેક કરાવે
'પુરૂષ' નાં કાર્યોની મુંગી પ્રેરણા બની
પુરૂષની પેદાશને જ જાળવી જાણે.
એના હાસ્યે હાસ્યે દુ:ખનાં ડુંગરાઓ તૂટે
એના રોષે રોષે કામીઓના કામ બળે:
સંસારના ક્ષેત્રે સૌને ક્ષમા કરતી સંચરે
અક્ષમ્ય હોય ત્યાં દંડ વસુલ કરી–
જમાના શસ્ત્રને ઔર ધારદાર બનાવે !
જના એ વીરાંગનાનું બપણુ બ:
પાનુ નિર્ગના પ્રેરીત
ક્ષમ ના છાયે ઉભના પહેલા તે અગ્નિમાં પ્રવેશે !

*

*

સુંદરીનાં સેવાભાવી હાથમાં
ચકોચક ભરી હોય મૃદુતા
એનાં સૌંદર્યને લાગી હોય
મર્યાદાની મજબૂત લગામ !
એની 'આંખમાં' ને રીતભાતમાં
શરમ, મર્યાદા ને મ્હલાજો હોય
છતાં 'લાજ' રૂપી દંભીવાડ બાંધી
સાચી સુંદરી
ખીલતા સૌંદર્યને ગોંધી ન રાખે,
વિકસતા 'સ્ત્રીત્વ'ને કરમાવી ન નાંખે.
એ તો સદાય
નિર્દોષ સ્વાતંત્ર્યની રોશનીમાં
પોતાનાં 'પોતાનત્વ'ને ઉજાળવા મથે.
નિત્ય યૌવનની ભાવના ભાવે.
નબળાઈ ને ઘડપણનો વિચાર સરખો
ન કરે !
યૌવન–નિષ્કલંકિત–મધુર યૌવનના જ
સ્વપ્નાં સેવે.
પ્રસન્નચિત્તજ રહેવું ને

જીવનકલા ખીલવી સૌરભભર્યું બનવું,
એ તેનું નિત્ય રટન હોય
બદનને-સુંદરી નિયમિત કસે,
આત્માને સદાય પ્રફૂલ્લિત રાખે.
સુરમણિય નવ પ્રેમાળ જીવનનાં
રસચેતન પીવા ને પાવાં એજ તેનું કાર્ય હોય,
મનમાં આત્મ સન્માનની ભાવના જાગૃત રાખી
સંસારની પોતાનેજ વિધાતા માને તે જ
આદર્શ શ્રાવિકા

* *

સ્ત્રીજાતિની ઘોર અવદશાથી
જેનું અંતર સળગી ઉઠે, સળગતું હોય,
પુરૂષ જાતિનાં વાયડા ને દંભભર્યા
પાપીને એકતરફી વિચારો જે
'સ્ત્રીત્વ'ને અપમાનતા હોય-હણતા હોય
તેનો નાશ કરવા જે કમર કસે
હેતુ વગરનાં જીવનનાં ઢસરડાં કે
'તાબેદાર પ્રાણી' તરીકેની પુરૂષોની ગુલામીમાં—

જીવતાં પીલાવાની ઘાણીમાંથી 'મુક્તિ'
મેળવવા જંખે.
જરૂર પડે ત્યાં બહાદુર 'બળવાખોર' બને
રાતદિન મુક્તિનીજ માળા જપે,
'સ્ત્રીત્વ'ને ઉજાળવાનાંજ હરનિશ સ્વપ્ન સેવે
સ્ત્રી જાતિની શ્રેષ્ઠતા સ્થાપવા યત્ન કરે,
ને પોતાની સામે બૂરી નજરથી જોનારને
તમાચો લગાવી
ઠેકાણે લાવવાનું સામર્થ્ય ધરાવે-
તે જ સાચી સુંદરી:
એ જ આદર્શ શ્રાવિકા !

*   *

સંસાર સમુદ્રની સપાટીપર લહેરથી, જે
આત્મવૈભવથી 'સબમરીન' શી તરતી હોય
તેજ આદર્શ શ્રાવિકા સાચી સુદરી.

*   *

કુથલી, કજીયા કે નકામા ટાયલા
સાચી સુદરીથી લાખો કોશ દૂર છે !

*

સમાનવયી સાથે સુંદરીનો ભગિનીભાવ હોય,
મોટા સાથે પુત્રીભાવ હોય,
નાના સાથે માતૃભાવ હોય,
ને પતિ સાથે હોય 'મિત્ર ભાવે' !

* *

કનકની 'આંગીથી' સુંદરી કદીય શોભાય નહિં
કે ઘરેણાં ઘડાવી
દેહપર લાદવાની નબળાઈ એ સેવે નહિં.
સોનું દેખી તેનું ચિત્ત ચળે નહિં–
 હરખાય નહિં, કે
સોના વિનાની તે કરમાય નહિં.
સોના ચાંદી હીરા મોતીનાં ઠઠારા
એ ઉપર ઉપરનાં બધાં 'ગીલીટો' છે
જે ખુદ 'હીરા' કે 'સોના' રૂપી હોય
તેને 'ગીલીટ'નાં મોહ હોય નહિં
તેથી સુંદરી સૌભાગ્ય પૂરતા જ
આભૂષણોમા પોતાનું ભૂષણ માને !

* *

સાચી સુંદરીઓ

વિશ્વ સંસ્કૃતિને હથેળીમાં રમાડે,
સમષ્ટિ ભાવનામાં પોતાના વ્યક્તિત્વને સમાવે!
જગત આખામાં 'પોતા'ને વિસ્તારે
ને નવનવા જમાનાની અદ્ભૂત સ્ત્રી થઇ
પોતાની પ્રેરણા ને સલાહ માટે
મહઅરના માનવોને દોડાવે–જંખાવે.
તે જ આદર્શ શ્રાવિકા:

*

*

આદર્શ સુંદરી: શ્રાવિકા:

સ્ત્રી 'સ્વાતન્ત્ય'ને સ્ત્રીઓનો જન્મસિદ્ધ
હક્ક માને.
...એને ગધાતી ગમાણે બાંધવા, કે
...દાય 'ગુલામી'મા જકડી રાખી
...દાય પોતાનાં મનસ્વી તરંગ પર જ
...ઓને નાચવાનુ કહેનાર
...ા ગુલામો–મનુષ્યોની સામે જ ગર્જશે!
...ાતન્ત્ય'નો સ્વતન્ત્ય, ને પછી જ

રાષ્ટ્ર કે માનવમુક્તિ, એ મંત્ર ભણુતાં ભણુતાં
જીવનમાં 'સ્વતંત્ર્ય' ભાવનાને સિદ્ધ કરે!
સ્ત્રીને 'સેવિકા'નું નામ આપી
ગૃહ, કુટુંબ કે કુલ મર્યાદા (!) ના નામે
મનસ્વી પીંજરામાં ન પૂરી શકાય.
એ પણુ જગતનું એક સ્વતંત્ર પંખી છે
તેને પણુ લાગણી ને સ્વતંત્ર ભાવના છે.
તેનામાં પણુ સ્વમાનપ્રિયતા ને ગૌરવ છે.
એટલું સાચું સુંદરી જગતને બતાવે
અડધા અંગને–પક્ષઘાતથી પીડાતી દુનિયાને
એ મહા દર્દથી બચાવે તે જ શ્રાવિકા.

* *

શ્રાવિકા એ કેવળ સ્તવનો કે
સઝાયો ગાનારી પોપટી નથી,
કે કેડે કુંચીનો ઝુમખો ઘાલી ફરનારી
વેવલી વાણીયણ નથી.
આત્મસન્માનને ભસ્મ કરી
કેવળ પતિના પગ દાબવા આણેલી
જીવનભરની ચાકરડી નથીઃ

એ તો શુદ્ધ દિલનો સહચાર ઇચ્છિ
સહચારિણી છે.
ઉન્નત પ્રકારનો ‘ મિત્રધર્મ ’ બજાવ
ને ગંધાતા જગતમાં મધુરતાની રેલ
જેનું આગમન થયું છેઃ તેજ સુંદરીઃ શ્

* *

એકનિષ્ઠા તેનાં જીવનમાં હોય

નમ્રતા ને વિવેકથી દુઃખો સહે,
ધીરજથી સંસાર ચલાવે, સંસારપથ
પણ શ્રદ્ધા ને સ્નેહથી અન્યાયો સ
કળા ને બહાદુરીપૂર્વક ‘ બંડ ’ જ
તે જ સુંદરીઃ શ્રાવિકા છે.

* *

આત્મભોગ એનાં ડગલે ડગલે હોય

પ્રેમ ખાતર ‘ સહવા ’નુ તેને વ્રત
સ્નેહ ને સહિષ્ણુતાથી
સંસારનાં તાપો ગળી જાય. દુઃખો

એનું પ્રતાપી વ્યક્તિત્વ સોળે કળાએ
સામનો કરવા દોડતું હોય !
ને ગુલામીનાં ભડકાં ઓલવીને પાછી
શીતલ ગંગા માફક વહેતી હોય
તે જ સાચી સુંદરીઃ

* *

શ્રાવિકા એ રાષ્ટ્રનાં ભાગ્ય ઘડનારી મહાદેવી છે.
યુગનાં પડઘાંઓ ઝીલી
યુગબળ સરજાવનારી પ્રેરકશક્તિ છે.
જીંદગી એ તેની એક રસ રમત છે.
દાંપત્ય એ તેનો એક મંગળ યોગ છે !

* *

આદર્શ શ્રાવિકાને

જીવતર કરતાં 'ચારિત્ર્ય' વહાલું છે,
ફેશન કરતાં 'શીળ' પ્યારૂ છે.
પવિત્રતા સાચવવા માટેજ તેનુ 'લાવણ્ય' છે
પરદેશી બંગલા બગીચા કરતાં
સ્વદેશનાં 'રણવગડા' ત્હેને વ્હાલાં છેઃ

વ્યર્થ અલંકારોના આડંબર કરતાં
સાદી રીતીએ
એક પતિની મીઠી 'દોસ્તી'માં તેને મજાહ છે.
જીવન વાસનાનાં દૈત્યોને જીતી તે
દિલમાં દેવોને વસવાનું શુદ્ધ સ્થાન બનાવે.
જ્યાં 'દેવ' ત્યાં 'દૈત્ય' નહિ.
દૈત્ય ત્યાં દેવનાં આગમન નહિ
તેથી દેવને સ્થાપવા અંતર શુદ્ધ કર્યા કરે.
દેહ સાથે આત્માનાં યૌવનને જાળવે
વિમળતા ને સાત્વિકતાનો સંચાર કરાવે
ને શુદ્ધ ચારિત્રની સુવાસથી
જીવનને મઘમઘાવે તે સુંદરી ! સાચી શ્રાવિકા.

* *

સુંદરીનો ધર્મ એટલે *Duty*: ફરજ:
માનવતાનો વિકાસ
એવા અસાધારણ ધર્મનું રાગ તથા
તેજસ્વીતાનુ મિશ્રણ,
તે જ આદર્શ શ્રાવિકા !

સાચી શ્રાવિકા
રસીલી, ડાહી, ને ચતુર હોય
ધર્મ ને કળાનાં સંસ્કારથી એ દીપતી હોય
માનવ સંઘને વધારે સુંદર ને
કલ્યાણમય જીવન તરફ દોરી જવાને જ
દોડતી હોય.
સમાજનાં પુનર્વિધાનમાં પોતાનો
અડધો હિસ્સો માની
જ્યાં જ્યાં પદ સંચરે ત્યાં ત્યાં
ઉન્નત 'સ્ત્રીત્વ' ની છાપ મારતી હોય
ને સંગીત સાથે જેનાં અવયવો ડોલતાં હોય,
તેજ સાચી સુંદરીઃ આદર્શ શ્રાવિકા !

* *

સ્ત્રીનું જીવન એ
સમર્પણનો જીવંત ઈતિહાસ છે.
સ્નેહીકાજે-પતિમાટે મરી ફીટતું
કોમળ ચેતન છે
પુરૂષનાં સાહસ ને સૌજન્યનો
વિકાસ કરનારી એ પ્રબળ શક્તિ છે.

સુશીલતા ને શાણપણાનું એ સોનેરી પુસ્તક છે.
પોતાની તમામ ઇંદ્રિયોની એ સ્વામીની છે.
નિર્દોષતા ને દીર્ઘદર્શીપણું એનાં બે અનુચરો છે.
બધાં ગુણોનું સમતોલપણું
એ જ સુંદરીનું સાચું જીવન છે!

* *

સુંદરીનું જીવન એ રસ અને તપની લીલા છે.
વફાદારી ને પ્રેમની પરિસીમા છે.
એના રસનાં સરોવરમાં
નીતિનાં નાવડાં ફરતા હોય
તપનાં કાંઠાઓ વચ્ચે
રસની સહિતાઓ વહેતી હોય
પ્રેમ પરિમળના પ્રદેશે
ત્હેના પુણ્યશાળી જીવનનાં વિહાર હોય
વફાદારીના વાવટા નીચે જેનું
વિશ્વાસુ 'દિલ ખેલતું હોય, તે આદર્શ સુંદરી:

* *

સુંદરી. સાહિત્ય રચે નહિ
હિત્યના ઉપરચોટીયા અસરે. એ.ગામે નહિ

કારણ ! એની સમસ્ત જીવન લીલાજ
સાહિત્યમય હોય છે,
એની જીંદગીની પ્રત્યેક ટળાજ
ખુદ કાવ્યમય હોય છે.
કાવ્યો ને સાહિત્ય તેનાથી ભિન્ન નથી
કાવ્યનીજ સ્વયં એ ગંગા છે
સાહિત્યનીજ સ્વયં એ સૃષ્ટિ છે
તેથી સુંદરી એ
સાહિત્યની સર્જક નહિ પણ પ્રેરક હોય છે.
કાવ્યની રચનાર નહિ, પણ
કાવ્યની ઉંડી ખાણ છે.

* *

આદર્શ સુંદરી

'આત્મ રમણ'ની અનત ક્રિયા કરતાં કરતાં
દેહની નશ્વરતા ક્રમશઃ સમજે,
આત્મા ને દેહના ગુણો વિચારે
સ્થિર ને અસ્થિર વસ્તુનો વિવેક કરે.
આત્માના ભર્યા ભંડારો નીરખે
આત્માની સાથે અનત લીલા કરતા કરતાં

આત્મરસમાં તરબોળ બને તે આદર્શ શ્રાવિકા

*

આત્માને અમર માની
આત્માને જ જ્ઞાન સ્વરૂપ સમજી
આનંદમાં-ચિદાનંદમાં તલ્લીન રહી
જે સુંદરી આત્મવૈભવથી જીવ્યા કરે
તે જ આદર્શ શ્રાવિકા:

*

આદર્શ દંપતિ એટલે ?
સંસારમાં વસેલી ત્યાગની બે મૂર્તિ !
એ ત્યાગ એટલે ઘરબાર છોડી
હિમાલયનો નિવાસ નહિં,
કે ગેરૂઆ કપડાંનું પરિધાન નહિં,
પણ તેમનો ત્યાગ એટલે
પોતાની જાતને સર્વ સંસારથી–
બધાં સ્વાર્થિ સંબંધોથી પર રાખવી,
ચિત્તને સ્થિર કરવુ, શાંત કરવુ
જીવનને ઉદ્વેગ તથા ચંચળતા રહિત બનાવવુ
અને કોઇપણ સંજોગોથી ક્ષોભ ન પામવો

એ જ તેનો સાચો ત્યાગઃ
એ ત્યાગ એ જ તેમનાં સંસારની
    વિજય ચાવી છે.
'અધોગમન' નાં માર્ગે દોરી જતી
સર્વે ભાવના, વિચાર ને કાર્યોનો ત્યાગ
એ જ તેનાં સંસાર–યાત્રાનું સફળ ચિન્હ છે.

*

પ્રત્યેક પત્ની પતિની તારક બને,
ને પ્રત્યેક પતિએ પત્નીનાં તારક થવું ઘટે,
તો જ સંસાર સાગરમાથી તરી શકાય !

* *

પતિ પત્ની બન્નેનું પરસ્પરનું આકર્ષણ
એકબીજાના આન્તરિક તત્ત્વ, આંતર જીવન
    આંતરશક્તિ,
અને અંતરાત્મા પરથી જ જ્યા થાય
દૈવી ચીજ તરફ જ બન્નેનુ સ્વભાવતઃ ખેચાણ હોય
પત્ની 'નરકના દ્વાર' ને બદલે
પોતાના પતિને પરમાત્માના સાક્ષાત્કાર
તત્ત્વના દર્પણ રૂપે જ ઉપયોગમાં આપે !
અને પતિ ય નરકના દ્વારને બદલે

આત્મ દર્શન કરવામાં આરીસારૂપ બની ર
એ જ સાચું દૈવી દાંપત્ય !

* *

સાચી સુંદરી

હરનિશ એવા દાંપત્યને મ્હાણે
પતિને પ્રલોભનોથી બચાવે.
પતિને ગુલામ થતા અટકાવે.
જીવનમાં જ્યોતિઓ પ્રસારી ક્રમશઃ
અંતરાત્માનાં સાક્ષાત્કારની નજીક પહોંચે ને
પહોંચાડે.
ઉન્નતિ ને સત્યનાં માર્ગ તરફ દોરેઃ
પોતાના ને પતિનાં
આધ્યાત્મિક વિકાસમાં એક બીજાને
સાધન રૂપ માને.
આવી પડતાં વિઘ્નો કે ઉપાધીઓને વધાવી
માનસિક શક્તિ ખીલવવા સારૂ તેને
હથીયાર બનાવે
પોતાનાં કલ્યાણનો સમાવેશ વિશ્વનાં
કલ્યાણમા કરે
વિશ્વ સામે એકતાર બને
પતિ ને પોતાની વચ્ચેની અભેદ્યતા ટાળે

વિશ્વવ્યાપી પ્રેમમાં પોતાનાં દાંપત્યને ઓગાળે,
ને પોતાનાં જીવનમાંથી પ્રતિપળ
શક્તિ, ચૈતન્ય ને પ્રભૂતા ઝરાવે
તે આદર્શ સુંદરીઃ શ્રાવિકા !

* *

એ સુંદરીનો જીવન–ત્યાગ
વસ્તુમાત્રને પવિત્ર બનાવે !
જગત સાથે આધ્યાત્મિક સંબંધ માત્ર
હોવાનું સાચું ‘ ભાન ’ જગાવે
બધાં....બધાંજ, વિશ્વનાં પ્રત્યેક પરમાણુંમાં !
એ પ્રભુ–પરમાત્માનું દિવ્ય દર્શન કરવા ઝંખે
પોતાના આત્માને બીજા આત્મા સાથે મીલાવે
અને સર્વે ભેદતાને ખાખ કરી અભેદતા મેળવે !
આવુ ઉચ્ચ જીવન
જે પતિ પત્ની જીવી રહ્યાં છે
તે જ સાચા લગ્ન–એજ પરમ યોગ ! એજ સ્વર્ગ !
એમ આદર્શ શ્રાવિકા પોતાનો આત્મવિકાસ કરવા,
‘ મનનોલ વૃત્તિ ’ જાળવવા સદાય
કાળજી રાખે છે.
‘ આત્મભાન ’મા જ નિશદિન રમણ કરે

સમાન ગુણી સાથે મૈત્રી ભાવના
દુઃખી ને અજ્ઞાન જનો તરફ કારૂણ્ય ભાવ
ઉચ્ચ જ્ઞાની–ગુણી સાથે પ્રમોદ ભાવના
ને હલકાજનો તરફ 'માધ્યસ્થ' ભાવના
ભાવે છે.
ને સદાય જીવનનાં ઝરામાં
પ્રફુલ્લતાપૂર્વક વહે–જીવે છે
તે પવિત્ર સુંદરીઃ તે જ આદર્શ શ્રાવિકા.

* *

સાચી સુંદરી સ્વગૌરવની પરમ જ્યોતિ હોય,
નવચેતનની વહેતી ગંગા હોય
સંસ્કૃતિની ભાગ્ય વિધાત્રી હોય,
આત્માના સૌંદર્યનાં પુષ્પો ખીલવનારી
માલણ હોય !

* *

પ્રેમ એ તેનાં જીવનનો ઉચ્ચતમ આનંદ છે.
સરળતા એ તેના જીવનનો 'વિહાર' છે
એનો નિર્લેપ સહવાસ
જગતને ઔર શાંતિ આપે છે.
તેની દરેક પ્રવૃત્તિ ને ભાવના

જીવનમાં રસ ને કળા
અદ્‌ભૂતતા ને ભવ્યતા ભરે છે.

* *

સુંદરી સૌંદર્યથી મોહાતી નથી, કે
સૌંદર્યમાં, વ્યક્તિત્વને ભૂલી લપેટાતી નથી.
કારણ એ જ ખુદ સૌંદર્ય તત્વોથી ઘડાયલી છે.
તેજ ખૂદ આત્માનાં સૌંદર્યથી છલકાતી હોય છે.
સૌંદર્યની જ એ રાણી હોય છે.
જેથી તે સૌંદર્ય–અંદરનાં સૌંદર્યને જ જંખે છે.

* *

ભીતરનું સૌંદર્ય જેનું
છલકાઈ જતું હોય તે સુંદરી !
તે આદર્શ શ્રાવિકાનાં જીવન પર
' શીલ 'નો પજાગરો હોય છે.
તેથી ત્હેનું ' જીવન ' નિર્મળ સુંદર છે.
ત્હેનાં વિચારો પાછળ
વિનય ને નમ્રતા હોય છે
સ્વતંત્રતા ને સૌજન્યતા હોય છે,
તેથી એ ભવ્ય ભાસે છે.
એનાં ' સ્રીત્વ 'ની નિર્મળ રોશની આગળ

જગતનાં બધાં તે જ આંખા પડે છે.
તેથી જ એ તેજસ્વી લાગે છે!

* *

સાચી સુંદરીને સત્તાની પરવા નથી,
એનું ગૌરવવંતુ ચારિત્ર જ
સર્વત્ર સ્વાભાવિક સત્તા જમાવે છેઃ
આત્માનો અવાજ (*Voice of Inner Soul*)
સાંભળવા તેનાં કાન સદાય તૈયાર હોય.
એ આત્માનાં પેગામ પ્રમાણે જ
સુંદરી પોતાનું જીવન ઘડે છે.
પોતાનાં જીવનમાં પ્રતિપળ નવાં નવા
રંગો ઉતારે છે!

* *

સુંદરીનાં આત્મામાંથી
અમૃતધારાઓ છૂટે છેઃ
નિર્મળ દ્રષ્ટિએ પીનારને 'અમૃતમય' બનાવે છે.
તે આદર્શ શ્રાવિકા છેઃ

* *

સુંદરીઃ આદર્શ શ્રાવિકા
પોતાને જ સ્વર્ગની રચનાી ગણે

પોતાને જ પોતાની ' તારક ' સમજેઃ
પોતાને જ પોતાની દેવી સમજેઃ
અને પોતાની દ્વારાજ
મોક્ષની સિદ્ધિઓ સાધવા મથે.

* *

સુંદરીનાં શીલનાં સોદા ન થાયઃ
એનાં સૌંદર્યનાં બજાર ન ભરાયઃ
સ્ત્રીની નમ્રતા ને વફાદારીનો
દુર્વ્યય દુષ્ટતાથી ન કરાય,
ધમકીઓથી એનાં ' જીવન ધન 'ને
લૂંટી ન શકાય.
લોભોથી તેનાં ચારિત્રને લલચાવી ન શકાય,
વાસનાથી એની પવિત્રતાને અભડાવી ન શકાય.
ખુશામતથી સુંદરીને જીતવાનુ અશક્ય હોય.
એ તો શીલ આગળ સૃષ્ટિને ય લાત મારે,
ધમકીઓને ય ભસ્મ કરી
' જીવનધન ' ' જતના 'થી જાળવે,
ને આનંદથી–ગૌરવથી, પ્રફૂલ્લતાથી રહે,
તે સુદરીઃ આદર્શ શ્રાવિકા.

* *

શીલ તેજ જેનાં રોમે રોમમાં વસ્યું છે
ને સેવા જેની ભાવના છે તે સાચી શ્રાવિકા છે.

*   *

એનાં એક જીવન સાગરમાં
અનેક ગંગાનો સંગમ હોય,
રસિકતાને ત્યાગનો યોગ હોય,
પ્રેમ ને પરોપકારની સુગંધી હોય,
આત્મ કલ્યાણ ને વિશ્વ કલ્યાણની
મધુરી ભાવનાઓનો ત્રીવેણી સંગમ થાય:
ે સરિતામાંથી
ડતા ને હઠીયલપણું તણાઇને કાંઠે ઉતરે,
ભ ને ચેતનનાં હોડકાંઓ ફરતાં હોય,
દરતી જીવનની તાજગી
ાં નાવને આગળ ધકેલતું હોય,
ય ને શુદ્ધિનાં હલેસાંથી
ારનાં જળ એ કાપતી હોય
આદર્શ સુંદરી: સાચી શ્રાવિકા છે:

*   *

રીનું જીવન ચોમેરથી પાંગરે,

:વે તત્વમાંથી પ્રેરણા પામે.
તાનાં ચારિત્રથી સૌને વશ કરે;
ણીની મીઠાશથી માનવોનાં વિષ ઉતારેઃ
ંવ્યતાનાં ગાનોમાં
ોનાં આત્માનાં પ્રત્યેક પરમાણુ મસ્ત રહે.
ાતે 'નમાલી' નહિં પણ સદાય મહાન થવા
તરજાયલી છે એવી ભાવના ભાવે
ો આદર્શ શ્રાવિકા.

* *

દુનિયાનાં દર્દો ને જગતનાં જખમો
જોવાનું સુંદરીમાં 'જાગૃત' હૃદય છે,
તે દર્દોને મીટાવવા—
જખમો પર મલમપટ્ટા કરવા—સંસારમાં
તે સેવાની 'ભેખધારી' બની સેવા કરે છે:

* *

'મિથ્યાભિમાન' શ્રાવિકાથી દૂર હોય.

માયાવી બન્તરથી દૂર તેનો નિવાસ હોય!
નિર્માલ્યતાની કલ્પનાથી ય ભાગતી હોય,
ને અકુદરતી જીવન કરતાં તો
મૃત્યુ શોધતી હોય!

* *

નિંદકની વાણી શ્રાવિકાને નિસ્તેજ ન કરે,
પ્રશંસકનાં પુષ્પોમાં સુંદરી 'વ્યક્તિત્વ' ને
ન હારે,
અહિંસક બનતાં તે ભીરૂ સસલી ન બને,
'અધ્યાત્મ'ને નામે કાયરતાનાં અંચળા ન ઓઢે
સંતોષને નામે કર્તવ્યની શિથિલતા ન સેવે.
પ્રેમનાં નામે 'વિકાર'નાં ઓછાંયે ય ન ઉલે,
તે આદર્શ સુંદરીઃ શ્રાવિકા.

* *

સુંદરીનાં-સાચી શ્રાવિકાનાં સૌજન્યને
છેડો નથી.
તેનાં ઉડ્ડયનનો અંત નથી
એ ઉડે છે 'ઉર્ધ્વ' ગમન'ના માર્ગે
સૌજન્યથી એ સંચરે છે. સંસારને સ્વર્ગ
બનાવવા,
ને સ્વર્ગમા મુક્તિના અતિ બિંદુ વર્ષાવવાઃ

*

સુંદરી તો સદાય
સ્વચ્છંદતા સામે બળવો જગાવેઃ
અપવિત્ર વિચારો સામે બંડ ઉઠાવે.

'વ્યસન' કે 'સુસ્તી'નાં દાનવને હણે,
અને ઓછામાં ઓછી 'જરૂરીયાત'થી
જીવન પ્રવાહમાં વહે-જીવન જીવે.—
ને સંયોગોની સ્વામીની બની
પ્રાપ્ય પ્રસંગો પર ખૂબ પ્રભુત્વ જમાવે,
તેજ આદર્શ સુંદરી: શ્રાવિકા:

* *

જગતનાં બાગની જે પોતાને
આદર્શ 'માલણ' સમજી
જગતમાં સુંદર ફૂલો સરજાવી
દુનિયામાં સુગંધી ફેલાવે છે.
વિશ્વ સાથે આત્મ મૈત્રી સાધે છે.
ને પોતાનાં અંદરનાં—અંતઃકરણનાં
દેવ મંદિરમાં પોઢી 'વિશ્વ'ને તેમાં
પધરાવે છે.
પોતાના વિચારોમાં વસેલી પ્રખર
'શક્તિ' તપાસે છે.
ને વિચારોમા 'ઈચ્છા શક્તિ' નુ આરોપણ
કરે છે.
તેની આત્મશુદ્ધિની ચાંદની
વિશ્વને ખૂબ ઠંડક આપે છે.

ને જેનાં આત્માનાં અવાજ તંતુઓ
સૌને શુભ આશીર્વાદ આપે
તે આદર્શ શ્રાવિકા છે.

* *

સુંદરી સદાય Optimist હોય
શુભદર્શી–શુભદર્શી–શુભ જ જોનારી બને,
શુભ ભાવના જ એ ભાવે.
પોતાને અચળ 'શ્રદ્ધા'થી ભરે,
ને શ્વેત મંજરી જેવું નિર્મળ વિશુદ્ધ, નિર્દોષ
સ્વતંત્ર ને પવિત્ર જીવન જીવી જાણે,
શીતળ આંબા જેમ સંસારને શાંતિ આપે;
પોતાને અને 'પર'ને વફાદાર રહે.
'ધર્મ'ને પોતાની દિવ્યતા ખીલવવા સ
માત્ર ભજે, પૂજે, આચરે!
ને નિર્વાણનો પ્રકાશમાન પંથ શોધી
હંસ ગતિએ જગતમાં પોતાનાં
કુકુંમ પગલાં પાડતી પાડતી
પવિત્રતા ને સૌંદર્યનાં શીતળ પ્રદેશે
તેજ ને ભવ્યતાનાં મહા શીખરે

પ્રભુતા ભરી ચાલે ચડતી જાય !
ચેતનભરી શાંતિનાં હિમ શીખરે
શાશ્વત આરામ લેવા વિચરતી હોય !
દોડતી હોય ! ખેલતી હોય !
આનંદથી ઉછળતી હોય ! તે આદર્શ સુંદરી !

* *

ધન્ય છે ! ધન્ય છે. એ સુંદરીને.
ધન્ય છે એ સાચી શ્રાવિકાને !
જેનું જોબન જગતને જીતી શકયું,
જેનુ જીવન દુનિયાને ડહાપણુ આપી શકયુ:
પવિત્રતા ને રસની રેલ રેલાવી
આદર્શોનાં વૃક્ષો ઉગાડી જાય
લોભ કે ક્રોધ, મોહ ને માયા
સ્પૃહા ને ઇર્ષાની ડાકિણિઓને મારી
સૌંદર્યનાં મોહ કીર્તિનાં મદ
સંસારનાં લોહચૂંબકો, સંશયો, ને
તૃષ્ણાઓ રૂપી મોહજાળો તોડી
માત્ર ઉચ્ચ સ્નેહ ને પરમ આનંદનુ ગાન ગાતાં
મોક્ષના માર્ગે વળ્યુ છે.
મુક્તિપથે પડયુ છે
કમલ સમ નિર્લેપ રહી

સંસારમાં જેણે જીવન જીવી બતાવ્યું છે.
સંસારનાં મોહમય આકર્ષણો
ને તેનાં ભયંકર વમળોથી પર થઈ
દૂર વસી છે તે સુંદરી
ધન્ય છે! શ્રાવકા ધન્ય છે.

* *

જગત એવી સુંદરીનું આજે તરસ્યું છે.
જગત એવી 'શ્રાવિકા' ને જોવા જંખે છે
સુંદરીઓ! જગતની પ્યાસ કયારે બૂઝાવશો?
તમારા દર્શને દર્શને
માનવલોક પાવન થશે, પવિત્ર બનશે
તમારા 'સૌંદર્ય'નાં સ્પર્શથી.
જગતની ઝેર પ્યાલીઓ ઢોળાઈ જશે!
તમારા–ઓ આદર્શ સુંદરીઓ!
તમારા અવતારે અવની ઉજ્જ્વલી થશે.

* *

આદર્શ શ્રાવિકાનો દુનિયામાં દુષ્કાળ છે,
દુષ્કાળને સુકાળ કયારે બનાવશો!
તમારા અંતરનાં અમૃતે
આ પૃથ્વી રસબસથી ફળદ્રુપ થશે,
ને થાકેલા જગતને વિસામો મળશે
કહો! કયારે દર્શન દેશો?

ધન્ય છે એ સુંદરીને
ધન્ય છે એ સુંદરીનાં સુંદર પવિત્ર આત્માને !

* *

ધન્ય હો ! ધન્ય હો ! સંસારનાં સુંદર તત્વો
પીનારી ને પાનારી
સાંભળીને સંભળાવનારી
એ શ્રાવિકાને ! આદર્શ સુંદરી શ્રાવિકાને.

* *

સુંદરીનાં પૂજનમાં જ
સૃષ્ટિનું ભાગ્ય પાનું ઉઘડે છે;
સુંદરીનાં આદર્શ શ્રાવિકાનાં સત્કારમાં જ
સ્વર્ગનાં વાયુ પૃથ્વી પર ઉતરે છે
એ દિવ્યતાની પિપાસા લાગી હોય,
તો સંસારમાં સાચી સુંદરીઓ સરજજો !
સાચી શ્રાવિકાઓનાં અવતરણો જ
આ અંધારી દુનિયામાં
અજવાળા અજવાળા-પ્રકાશ ઉતારશે !

* *

ચાલો ! એ પ્રકાશની શોધમાં
આદર્શ સુંદરીઓના સૌમ્ય સહવાસમાં:

આદર્શ ને સુંદર શ્રાવિકાનાં
મનોમંદિરમાં ! પધારિયે !
સંસારની સાચી સુંદરીઓ !
ઓ જગતની આદર્શ શ્રાવિકાઓ !
પધારો ! પધારો ! જગત ઝંખે છે.
તમારા પુણ્ય દર્શનને !
તમારી ભીતરનાં તેજ જોઇ
દુનિયા આજે દર્શનની આતુર બની છે
તમારી શક્તિઓનાં પરચા જોવા
અમે બધાં ખુબ ઇંતેજાર છીએ !
હા, હા ! પધારો
તમારા જીવન પુષ્પોની
ખુશબો ઉડાડતાં ઉડાડતાં
પૃથ્વીને પાવન કરતાં કરતા
સંસારને અજવાળતાં અજવાળતાં
પ્રકાશ પગલે પધારો ! પધારો જ !

* *

સ્વાગતમ્

સુંદરીઓ ! આદર્શ શ્રાવિકાઓ ! સ્વાગતમ્

